




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## ભાવ સંવેદના

પ્રકૃતિના પ્રકોપથી આવેલ ભૂકંપથી ગુજરાતના ભાઈ-બહેનો પર જે વજ્રપાત થયો, તેનાથી અમારૂં મન બહુ દુ:ખી થયું. શરીરથી અસમર્થ હોવાને કારણે ગાયત્રી તપોભૂમિમાં બેસીને જ અમારા ભાઈ-બહેનો સાથે ફોનથી સંપર્ક કરતા રહ્યા અને પત્રોથી બધાની કુશળતા પૂછતા રહ્યા. આ વિપત્તિની ઘડીમાં અમે અમારા ભાઈ-બહેનોના સહયોગની પ્રાર્થના કરી હતી. અમને બહુ સંતોષ છે કે અમારી પ્રાર્થના પર બધી શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો, શાખાઓ અને મહિલા મંડળોએ બહુ પ્રશંસનીય સેવા કાર્ય કર્યું છે. તમારા આ સેવા કાર્યથી જ્યાં પૂજ્ય ગુરુદેવ અને વંદનીયા માતાજી પ્રસન્ન થયા છે, ત્યાં તેમના મિશનની ગરિમા અને પ્રતિષ્ઠા પણ ખૂબ વધી છે. બધા માટે આ જ આપત્તિ ધર્મ હતો. ધર્મ કર્તવ્ય પરાયણતાને કહે છે, જેનું પાલન આપે કર્યું છે. આપની ભાવ-સંવેદનાઓ અભિનંદનીય છે. આ ભયંકર ભૂકંપ તાંડવમાં જે બાળકો અને મહિલાઓ બેસહારા, અનાથ અને બેઘર થઈ ગયા છે, તેમના પુનર્વાસ તથા પાલન પોષણની વ્યવસ્થા બનાવવાનું કાર્ય અમારા ભાઈ-બહેનોએ મળીને સહયોગ સાથે કરવું જોઈએ. અનાથ બાળકો અને મહિલાઓ પ્રત્યે હમદર્દી છે. આપ સૌની સુરક્ષા માટે માતા ગાયત્રીને પ્રાર્થના કરતા રહીએ છીએ.

–વ્યવસ્થાપક

---

## પૂજ્ય પંડિતજીના ઉદ્‌બોધનની ઓડિયો કેસેટ

સૃજન સંકલ્પ વિભૂતિ મહાયજ્ઞ, હરિદ્વારમાં જ્ઞાન મંચથી પૂજ્ય પંડિત લીલાપત શર્માનું ઉદ્‌બોધન બધા પરિજનો માટે અત્યંત પ્રેરણાપ્રદ તથા માર્ગદર્શન આપનારું છે. આ ઉદ્‌બોધનની ઓડિયો કેસેટ ગાયત્રી જ્ઞાનપીઠ, જૂનાવાડજ, અમદાવાદથી મંગાવશો. કેસેટ કિંમત રૂા. ૨૦/-

---

## ચૈત્ર નવરાત્રી પર્વ

નવરાત્રી પર્વ સાધના માટે ઉત્તમ સમય છે. નવરાત્રી પર્વ ઋતુ સંધ્યા રૂપે પણ આગવું મહત્ત્વ ધરાવે છે. ઋતુ પરિવર્તનના કારણે વિશેષ સૂક્ષ્મ હલચલ થાય છે. આવા સમયે શારીરિક, માનસિક, સંયમ સાથે સાધના થતાં તેનો લાભ સાધકને વધુ મળે છે. પ્રથમ નવરાત્રથી સંવતસર પણ પ્રારંભ થાય છે.

નવરાત્રીનો સાધારણ રીતે શબ્દાર્થ નવ રાત થાય છે. પરંતુ વૈદિક સાહિત્યમાં ઋષિઓએ તેનો ગુઢાર્થ અને તાત્પર્ય માનવી કાયારૂપી અયોધ્યામાં નવ દ્વાર એટલે નવ ઈન્દ્રિયો છે. અનુષ્ઠાન કરી એક એક રાત્રિમાં એક એક ઈન્દ્રિય પર ચિંતન કરી તેનો સંયમ સાથે સદ્‌ઉપયોગ કરવાની ક્ષમતા વધારવાનો ઉત્તમ સમય નવરાત્રી સાધના છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ ૦૦૩

: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૩૯૯, ૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૨ અંક - ૩
પ્રકાશન તિથિ ૨૫-૨-૨૦૦૧
માર્ચ - ૨૦૦૧

## શાશ્વત અને સર્વસ્વની પ્રાપ્તિ છે : ધર્મ

કોઈકે કહ્યું, ''ધર્મ એ ત્યાગ છે.'' આ સાંભળી સાંભળનારાઓ ગભરાયા. તેમની આ ગભરામણ સ્વાભાવિક હતી. આખરે તો તેઓમાંના દરેકે પોતાનાં સમગ્ર જીવન દરમ્યાન ક્ષણે-ક્ષણે કણ-કણ કરીને ભેગું કર્યું હતું. નાનામાં નાની વસ્તુ મેળવવા માટે જાણે કેટલાય ઝઘડા-ટંટા કર્યા હતાં, કેવી પુરજોશ મહેનત કરી હતી. અને હવે તે બધાનો ત્યાગ ?

તેઓનો આ મુંઝારો એક ફકીર બેઠા બેઠા જોઈ રહ્યો હતો. તેનાથી હસી જવાયું. લોકોએ તેના હસવા માટેનું કારણ પૂછતાં તેણે કહ્યું - ''કંઈ નહી. બસ, અમસ્તી જ બાલ્યાવસ્થાની એક ઘટના યાદ આવી ગઈ. બાળપણમાં હું કેટલાક લોકો સાથે એકવાર નદી કિનારે ઉજાણી કરવા ગયો હતો. નદી તો નાનકડી હતી, પણ તેના પટમાં રેતી ખૂબ હતી અને તે રેતમાં જાતજાતનાં ચળકતા રંગીન પત્થરો પણ ઘણા હતા. મને તો જાણે કે ખજાનો મળી ગયો. સાંજ સુધીમાં તો એટલા પત્થર વીણી લીધા કે તેમને સાથે લઈ જવાનું લગભગ અશક્ય થઈ પડ્યું. પાછા વળતાં પત્થરોને જ્યારે ત્યાં જ છોડી દેવા પડ્યા ત્યારે મારી આંખો ભીની થઈ ગઈ. લોકોની માટી સાથેના તે પત્થરો પ્રત્યેની વિરક્તિ જોઈ મને ખૂબ આશ્ચર્ય થયું. તે દિવસે તે બધાં મને મોટા ત્યાગી જેવા લાગ્યા હતા. પરંતુ, આજે જ્યારે વિચારું છું, ત્યારે સમજાય છે કે પત્થરોને પત્થર જાણી લીધા બાદ તેમનો ત્યાગ કોઈ મોટી વાત નથી, અત્યંત સહજ છે. અજ્ઞાન ભોગ છે. ત્યાગ છે. ત્યાગ એ ક્રિયા નથી. તેને કરવાનું કંઈ નથી હોતું. તે થઈ જાય છે. અને તેનું થઈ જવું તે જ્ઞાનનું સહજ પરિણામ છે. ભોગ પણ યાંત્રિક છે. તેને પણ કોઈ કરતું નથી. તે અજ્ઞાનનું જ સાહજિક પરિણામ સ્વરૂપ છે.

તો પછી, ત્યાગ આકરું હોવાની કે કઠોર હોવાની વાતો વ્યર્થ છે. તેને લઇને ગભરાવામાં જે વ્યાકુળ થવામાં પણ કોઈ ઔચિત્ય નથી, કારણ કે તે કોઈ ક્રિયા નથી. ક્રિયાઓ જ આકરી અને કઠોર હોઈ શકે. ત્યાગ એ તો પરિણામ છે, તેમાં જે છૂટેલું લાગે તે નિર્મૂલ્ય હોય છે અને જે પ્રાપ્ત થાય છે તે અમૂલ્ય હોય છે.

સત્ય તો એ છે કે આપણે માત્ર બંધનોને ત્યજીએ છીએ અને મેળવીએ છીએ મુક્તિ. કોડીઓનો ત્યાગ કરીને મેળવીએ છીએ હીરા. ત્યજીએ છીએ મૃત્યુ અને મેળવીએ છીએ અમૃત. અંધકાર ત્યજીને મેળવી લઈએ છીએ પ્રકાશ. નિજની ક્ષુદ્રતા ત્યજીને મેળવીએ છીએ શાશ્વતને અને અનંતને. દુઃખો અને પીડાઓનો ત્યાગ કરીને મેળવીએ છીએ અસીમ આનંદ. માટે જ ક્યાં છે ત્યાગ ? થોડુંક ત્યજીને બધું મેળવી લેવાને ત્યાગ ન કહી શકાય, શાશ્વત અને સર્વસ્વની પ્રાપ્તિ જ ધર્મ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રી સત્યનારાયણ વ્રત-કથા

# સત્યવ્રતીના લક્ષણ

એકવાર નારદજીએ ભગવાન વિષ્ણુને પૂછયું - હે ભગવાન ! સત્યવ્રતી મનુષ્યમાં કઈ કઈ વિશેષતાઓ હોય છે ? ભગવાને કહ્યું કે જેવી રીતે આંખ, કાન, નાક, હાથ, પગ વગેરે શરીરનાં અંગો છે એવી રીતે સત્યનાં પણ અંગો છે. સત્ય જ્યારે વાણીમાં આવે ત્યારે તે જરૂર પૂરતું જ બોલે છે. સત્યવાદી કદી કડવાં વચન બોલતો નથી. કડવાશમાં આદમીનો ઘમંડ છુપાયેલો હોય છે. ચામાં ખાંડ નાખો તો ચા ગળી લાગશે, પરંતુ તેના બદલે જો લાલ મરચું નાખો તો ચા કેવી લાગશે ? તમે પીશો એવી ચા ? એટલા માટે વાણીમાં સત્યની મીઠાશ હોવી જોઈએ. સત્યવાદી વાણી પર સંયમ રાખે છે, બીજાઓનું ભલું થાય એવી જ વાણી બોલે છે. જેની વાણીમાં મીઠાશ હોય છે તેની વાણી સાંભળવા બધા ઉત્સુક રહે છે. સત્યવાદી ક્યાં, ક્યારે, કેટલું બોલવું જોઈએ તેનું ધ્યાન રાખે છે. સત્યવાદીમાં મુખ્યત્વે બે બાબતો જોવા મળે છે : તેઓ ઉદાર હોય છે અને બીજાઓને માફ કરી દે છે.

ભીમે અશ્વત્થામાને દ્રૌપદીની સામે લાવીને કહ્યું - ''આણે તારા પુત્રોને માર્યા હતા. તું એને યોગ્ય શિક્ષા કર.'' દ્રૌપદીએ કહ્યું કે એને છોડી દો. અત્યારે તો હું જ રડી રહી છું, પરંતુ જો અશ્વત્થામાને મારી નાખશો તો એની મા પણ મારી જેમ રડશે. સત્યવાદી પોતે કષ્ટ સહન કરે છે, પણ બીજાઓ પ્રત્યે ઉદાર હોય છે. ઉદાર મનુષ્ય નિરંતર પ્રગતિ કરતો રહે છે. પોતે ઉન્નતિ કરે છે અને બીજા લોકોને પણ પતનની ખાઈમાંથી બહાર કાઢે છે.

પતિતોને ઊંચે ઉઠાવવા તથા પછાત લોકોને આગળ લાવવા તે સત્યવ્રતીનું કાર્ય છે. સત્યવ્રતીને પારકી પીડા પોતાની લાગે છે. રામકૃષ્ણ પરમહંસ રડી રહ્યા હતા. એમને ભાણેજે કહ્યું કે, શા માટે રડો છો ? એમણે કહ્યું ક, મને માર્યો છે. કોણે માર્યા ? પરમહંસે કહ્યું કે, તેં જ્યારે બિલાડીને મારી હતી ત્યારે તે બધા ડંડા મને વાગ્યા. સ્વામીજી બીજાની પીડાને પોતાની સમજતા હતા. જેઓ સત્યવાદી હોય છે તેઓ બીજાઓની પીડાને પોતાની સમજે છે.

જાપાનના ગાંધી કાગાવાએ નોકરી ન કરી. એમણે બંગલા કે પૈસા ભેગા ન કર્યા. તેઓ પછાત લોકોની વચ્ચે ગયા. તેમની વસતિમાં ઝૂંપડી બનાવીને રહેવા લાગ્યા અને એમની સેવા કરવા લાગ્યા. એમની પાસે એક છોકરી આવી. એણે કહ્યું કે તમારી સાથે લગ્ન કરવા માંગુ છું. સંતે કહ્યું કે, હું તો ગંદી વસતિમાં ઝૂંપડી બનાવીને રહું છું. મારે તો કરુણા જોઈએ. છોકરી સંમત થઈ ગઈ. કાગાવાએ એ છોકરી સાથે લગ્ન કરી લીધાં. એક ઝૂંપડીમાં એક ડોશી અને એક પાગલ પડી રહ્યાં હતાં. છોકરી એમની સેવા કરવા લાગી. એ કહેતી કે આ તો મારાં સાસુ અને સસરા જેવાં છે. જેઓ આ રીતે પછાત લોકોને ઊંચે ઉઠાવે છે તેઓ સત્યવાદી હોય છે. સત્યવાદીમાં બીજી એક મહાનતા એ હોય છે કે તેઓ પરિશ્રમી હોય છે. હરામખોર માણસ ચોર કરતાં પણ વધારે પાપી છે. તેથી સત્યવાદીએ પરિશ્રમી બનવું જોઈએ.

સત્યમાં હજાર હાથીઓનું બળ હોય છે. ગાંધીજી પાસે એક જ હથિયાર હતું - સત્યનું. જેની આગળ અંગ્રેજ સરકારને ઝૂકવું પડયું. સત્યવાદી ધૈર્યવાન હોય છે. બીજ વાવવાની સાથે ફળ લાગતાં નથી. એને સમય લાગે છે. એક દિવસ કસરત કરવાથી કોઈ પહેલવાન નથી બની જતું. એ માટે ધૈર્ય જોઈએ. પાર્વતીજીની પરીક્ષા કરવા સપ્તઋષિઓ આવ્યા હતા. એમણે કહ્યું કે શિવજીએ તો કામદેવને બાળીને ભસ્મ કરી દીધો છે. તેઓ હવે લગ્ન નહિ કરે. એ સાંભળીને પાર્વતીએ કહ્યું કે, તપ કરતાં કરોડો જન્મ લેવા પડે તો પણ હું શિવને જ વરીશ. અધ્યાત્મવાદી ઉતાવળો હોતો નથી.

સંસારમાં એવાં ઘણાં કામ છે કે જે ન્યાયની, વિવેકની કસોટી પર કસીને કરવાં જોઈએ. જે ન્યાયસંમત હોય તેનો સ્વીકાર કરવો જોઈએ. બુદ્ધ ભગવાને જોયું કે લોકો યજ્ઞમાં જાનવરોનું બલિદાન આપે છે. લોકોને આવું પાપ કરવાનું કારણ પૂછયું તો તેમણે જણાવ્યું કે વેદોમાં આવું લખ્યું છે. બુદ્ધે કહ્યું કે જો વેદમાં એવું લખ્યું હોય તો હું એ વેદને માનતો નથી. હું તો સત્યને માનું છું. બુદ્ધિવાદી દરેક વાતની તપાસ કરીને જ યોગ્ય અને સાચું હોય તેને જ માને છે.

એક સિપાઈએ પોતાના છોકરાને વ્યભિચારના ગુના બદલ જેલમાં પૂરી દીધો. એણે કહ્યું કે મારું કામ ન્યાય કરવાનું છે. ન્યાયપ્રિય વ્યક્તિ પોતાનો કે પારકાનો ભેદભાવ રાખતો નથી. અહલ્યાબાઈએ પોતાના જ પુત્રને હાથીના પગ નીચે કચરાવી નાખ્યો હતો. એમણે કહ્યું હતું કે ન્યાયનું જ સમર્થન કરીશ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવા સત્યભક્તો જ સત્યનારાયણના સાચા ભક્તો છે. સત્યનારાયણ ભગવાનની કૃપા પ્રાપ્ત કરવી હોય તો જીવનમાં સદ્‌ગુણોને ધારણ કરો. ભગવાન ઘેર આવશે.

ફક્ત જપ કરવાથી, માળા ફેરવવાથી કે ઘંટડી ખખડાવવાથી ભગવાનનો પ્રેમ કદી મળતો નથી. ગુણ, કર્મ તથા સ્વભાવના પરિષ્કારથી જ ભગવાન પ્રસન્ન થાય છે. જેઓ સત્યને ધારણ કરતા નથી તેઓ નિરાશા, ચિંતા અહંકારમાં ડૂબેલા રહે છે. ભગવાન સત્યવાદીની દરેક સમસ્યાને દૂર કરે છે. ચિંતા અને નિરાશાથી માણસ પાછો પડે છે. થોડું નુકસાન થાય કે નિષ્ફળતા મળે તો નિરાશ થવું ન જોઈએ કે ચિંતા કરવી જોઈએ નહિ. સત્યવાદીને લોભ તથા મોહ વિચલિત કરી શકતા નથી. તેઓ અનેક કષ્ટો સહન કરવા છતાં પણ કુમાર્ગે જતા નથી.

સત્યવાદી બધી ઇન્દ્રિયોને સંયમમાં રાખે છે. કંજૂસ અને લોભી મનુષ્ય કદી સત્યનારાયણનો ભક્ત બની શક્તો નથી. જે ઇમાનદારીપૂર્વક કમાય છે તથા વહેંચીને ખાય છે તે સત્યવાદી છે. સત્યનારાયણનું વ્રત કરનાર નિંદા, દ્વેષ, ઇર્ષ્યા, આળસ વગેરે દોષોથી દૂર રહે છે.

જેનામાં પાત્રતા હોય છે એને ભગવાન આપે છે. જેની પાસે પાત્રતા નથી તેને ભગવાન કઈ રીતે આપે ? માળા કરવાથી કે દંડવત્ પ્રણામ કરવાથી ભગવાનની કૃપા પ્રાપ્ત થતી નથી.

ભગવાન વિષ્ણુએ નારદજીને કહ્યું કે, હે નારદ ! જેઓ પોતાની પાત્રતાનો વિકાસ કરે છે એમના પર ભગવાનની કૃપા સતત વરસતી રહે છે. હે નારદ ! મેં જે વાતો કહી તે બધી જ મનુષ્યોને જણાવજો. જેઓ આ વાતો માનશે તેઓ સુખી થશે, એમનાં બધાં કષ્ટો દૂર થઈ જશે. જેમણે સત્યનારાયણનું વ્રત કર્યું છે, જેમણે સત્યને ધારણ કર્યું છે એમને કોઈ કષ્ટ નહિ પડે. એમની બધી જ તકલીફો દૂર થશે. તેમને વૈકુંઠમાં સુખ પ્રાપ્ત થશે અને તેઓ દેવોની જેમ રહેશે. હે નારદ ! પૃથ્વીલોકમાં જાઓ અને મનુષ્યોને કહો કે તમારાં આચરણ સુધારો, તમારા જીવનને સત્યમય બનાવો. તેનાથી તમારાં બધાં કષ્ટો દૂર થશે. તમારી ટેવો, આચરણ તથા વ્યવહારને સત્યમય બનાવો, તો જ સત્યનારાયણ ભગવાનનો પ્રેમ તમને મળશે અને બધા સુખી થશો.

નૈમિષારણ્યમાં ઋષિઓ બેઠા છે. તેઓ પ્રશ્ન પૂછી રહ્યા છે કે મનુષ્ય જીવનમાં જે દુ:ખ અને આંતરિક કલેશ છે તેને દૂર કરવાનો શો ઉપાય છે ? સૂતજી કથાવાર્તાઓના માધ્યમથી ધર્મનું તત્ત્વ સમજાવી રહ્યા છે. કથાઓના માધ્યમથી સામાન્ય લોકોને અઘરી બાબતો પણ સમજાવી શકાય છે. અઢાર પુરાણોની રચના પણ કથાવાર્તા દ્વારા બધાને ધર્મ અને અધ્યાત્મનું રહસ્ય સમજાવવા માટે જ કરવામાં આવી છે. સૂતજી બેઠા છે. ઋષિઓ પ્રશ્ન પૂછી રહ્યા છે. સૂતજી સમજાવી રહ્યા છે. જે બ્રાહ્મણ પોતાના કર્તવ્યનું પાલન કરે છે એનું અપમાન થતું નથી. તે દુ:ખી પણ થતો નથી. કર્તવ્યને ભૂલી જઈને ધન કમાવા પાછળ પડી જવું જોઈએ નહિ. જો કોઈ એવું કરે તો એને સમાજમાં પ્રતિષ્ઠા મળતી નથી. ડાકુઓ કેટલા પૈસા લાવે છે ? ખિસ્સાકાતરુઓ પણ કેટલા પૈસા કમાતા હશે, એમ છતાં એમાંના કોઈને ત્યાં મકાન, સમૃદ્ધિ, ઘરેણાં વગેરે જોવા મળે છે ? ના. કોઈ ઇજ્જત મળે છે ? એમની ધન-દોલત તથા તાકાતથી લોકો આતંકિત થઈને ભલે એમની આગળ નમસ્કાર કરે, પરંતુ સાચા મનથી એમને સન્માન આપતા નથી. જ્યારે યોગ્ય માર્ગે ધર્મકર્તવ્યનું પાલન કરીને જે સંપત્તિ મેળવે છે એનું સાચા હૃદયથી સન્માન થાય છે. ધર્મકર્તવ્યનો સહારો લેવાથી આત્મશાંતિ તો મળે જ છે, પરંતુ સાથે સાથે ધન, યશ વગેરે પણ જોવા મળે છે. બ્રાહ્મણે જે કામ ન કરવું જોઈએ તે કરવા લાગ્યો છે, તેથી તે કષ્ટ ભોગવી રહ્યો છે. કર્તવ્યના માર્ગે ચાલી રહેલા ગાંધીજીના અવાજ પ્રમાણે આખો દેશ ચાલતો હતો. એમણે આહ્વાન કર્યું તો એક અઠવાડિયામાં જ ત્રણ લાખનું ટ્રસ્ટ બની ગયું. સૂતર કાંતવાના ચરખા માટે લાખો રૂપિયા મળી ગયા કારણ કે જેના પ્રત્યે શ્રદ્ધા હોય તેના માટે ધનની તકલીફ પડતી નથી. લોકો ખુશીથી આપે છે. અધર્મનો માર્ગ અપનાવનારાઓને ક્યાંય સન્માન મળતું નથી. એમને પ્રતિષ્ઠા કે પૈસા મળતા નથી. આવી જ દશા કઠિયારાની હતી. કઠિયારો પહેલાં લીલાં લાકડાંને સૂકાં લાકડાં કહીને વેચતો હતો. આથી એની પ્રતિષ્ઠા ઘટી ગઈ. તે ધીમે ધીમે ગરીબ બનતો ગયો. પરંતુ જ્યારે તે ઈમાનદારીપૂર્વક સૂકાં લાકડાં વેચવા લાગ્યો ત્યારે લોકો એનામાં વિશ્વાસ મૂકવા લાગ્યા, એને સન્માન મળવા લાગ્યું તથા પૈસા પણ વધારે મળવા લાગ્યા.

એક વિદ્યાર્થી રિક્ષા ચલાવતો હતો. તે મહેનત મજૂરી કરીને ભણતો હતો. બધાની સાથે મીઠો વ્યવહાર કરતો હતો અને બધાનો સામાન યોગ્ય જગ્યાએ સુરક્ષિત રીતે પહોંચાડી દેતો હતો. લોકો એને પચીસ પૈસાના બદલે પચાસ પૈસા આપતા હતા. સાચો, ઇમાનદાર, નમ્ર અને વિવેકી મનુષ્ય કદી દુ:ખી રહેતો નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રાચીનકાળમાં ઉલ્કામુખ નામનો એક બુદ્ધિશાળી રાજા હતો. તે ધર્મકર્તવ્યનું પાલન કરનાર અને જિતેન્દ્રિય હતો. તે ભગવાન પર વિશ્વાસ રાખતો હતો. તે સત્યવાદી હતો. જે કામુક હોય છે, વ્યભિચારી હોય છે, હલકી ટેવોવાળો હોય છે એનું બ્રહ્મતેજ નષ્ટ થઈ જાય છે. પહેલાંના ક્ષત્રિયો વચનનું પાલન કરનારા હતા. તેઓ જેવું બોલ્યા હોય એ પ્રમાણે જ કરતા હતા. એ ક્ષત્રિયનું લક્ષણ છે. તેઓ ભગવાન પર ભરોસો રાખતા હતા અને નિર્ભય હતા. જે માત્ર ભગવાનનો ડર રાખે છે તેને બીજા કોઈનો ડર રહેતો નથી.

જે એકલો ખાય છે તે ચોર છે. વહેંચીને ખાવું જોઈએ. કદાચ કાલે મરી ગયા તો ? એકલા એકલા ખાનારા લોકો સાપ જેવા છે. જેવી રીતે સાપ ગૂંચળું વળીને બેસી રહે છે તેવી રીતે એ લોકો પણ ધન પર પોતાનો એકલાનો જ અધિકાર માને છે. હું અને મારા ઘરનાં જ ખાઈશું. રાજા ઉલ્કામુખ આવો નહોતો. તે સત્યવ્રતી હતો. તે શ્રેષ્ઠ કાર્યો માટે દાન પણ આપ્યા કરતો હતો. રાજાની રાણી પણ ધર્મપરાયણ હતી. બંને ભદ્રશીલા નદીના કિનારે સત્યનારાયણનું અનુષ્ઠાન કરી રહ્યાં હતાં. તેમને વ્રત કરતાં જોઈને સાધુ નામનો એક વૈશ્ય પણ ત્યાં ગયો. એ વૈશ્યે એ વ્રતથી પ્રભાવિત થઈને રાજાને પૂછયું કે હે રાજન્ ! આપ આ કયું વ્રત કરો છો તે કૃપા કરીને મને બતાવો. હું તે જાણવા ઇચ્છું છું. રાજાએ કહ્યું કે આ સત્યનારાયણ ભગવાનનું વ્રત છે. મેં સત્યવ્રતને ધારણ કર્યું છે. જે અસત્ય આચરણ કરે છે તેને કદી ભગવાન મળતો નથી. બધા સત્પુરુષોએ સત્યનું આચરણ કરવું જોઈએ, એટલું જ નહિ પણ બીજાઓને પોતાના અનુભવ પરથી પ્રેરણા આપવી જોઈએ.

રાજાએ કહ્યું કે હે વૈશ્ય ! મેં સત્યને ધારણ કર્યું છે તેથી મારા પર, મારી પ્રજા પર ભગવાન સત્યનારાયણની કૃપા છે. એમની કૃપાથી જ અમને સુખશાંતિ પ્રાપ્ત થયાં છે. જેઓ આ વ્રતનું પાલન કરે છે એમને સાંસારિક અને આત્મિક બંને પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે.

જે અનીતિથી કમાય છે એનું ધન જતું રહે છે. શાસ્ત્રવચન પ્રમાણે અનીતિનું ધન દસ વર્ષ ટકે છે અને અગિયારમા વર્ષે સમૂળગું નાશ પામે છે. મેં સત્યવ્રત ધારણ કર્યું છે તેથી અમે ઘણા સુખી થયા છીએ. હંમેશાં ઇમાનદાર માણસો જ સફળ અને સુખી થાય છે.

સ્વામી વિવેકાનંદ પોતાના ગુરુ પાસે નોકરી માગવા ગયા હતા, પરંતુ નોકરી માગવાને બદલે એમણે ધર્મનો માર્ગ અપનાવી લીધો તો તેઓ કેટલા મહાન બની ગયા ! મોટા મોટા શેઠિયાઓ પણ ઘોડાની જેમ એમની બગી ખેંચતા હતા. જો તેઓ નોકરી કરતા હોત તો આજે તેમને કોઈ ઓળખતું ન હોત. આજે પણ તેઓ લોકોના હૃદયમાં તો જીવે જ છે. ગાંધીજી અડધી ધોતી પહેરતા હતા અને જમીન પર સૂઈ રહેતા હતા. આ ધર્મ દ્વારા પ્રેરિત એમના આત્માનો અવાજ હતો.

રાજાએ વૈશ્યને સત્યવ્રત અંગે વિસ્તારથી જણાવ્યું. સાધુ વાણિયાએ કહ્યું કે મારે ધનની કમી છે અને હું દુઃખી પણ છું. મને ક્રોધ પણ ઘણો આવે છે. તેથી મને આ વ્રતની વિધિ બતાવો કે જેથી હું પણ આ વ્રત કરી શકું. રાજાએ એને બધું સમજાવી દીધું. વૈશ્ય પોતાને ઘેર ગયો. એની પત્નીનું નામ લીલાવતી હતું. વૈશ્યે લીલાવતીને સમગ્ર વૃત્તાંત સંભળાવ્યું. તે પણ સત્ય ધર્મનું પાલન કરવા લાગી. હવે પતિ-પત્ની બંને ભગવાન સત્યનારાયણનું વ્રત કરતાં હતાં.

એમને ત્યાં કોઈ સંતાન ન હતું. ઘણીવાર બહુ લોભીને ત્યાં સંતાન હોતાં નથી. તે મરણ સુધી ધન ભેગું કર્યા કરે છે. પરમાર્થ માટે, સમાજ માટે તો એક પૈસો પણ વાપરતો નથી. જો પેટમાં ઝેર જતું હોય તો ઊલટી કરાવવી પડે છે. એ જ રીતે ધનસંગ્રહ કરનારાએ ઉદાર બનવું જોઈએ. મનુષ્ય જ્યાં સુધી ઉદાર બનતો નથી ત્યાં સુધી એના આત્માનો વિકાસ થતો નથી. એટલા માટે જ શ્રેષ્ઠ કાર્યો માટે દાન આપવાની પરંપરા છે.

સત્યવ્રતના પ્રભાવથી એ સાધુ વાણિયાને ત્યાં એક કન્યાનો જન્મ થયો. પુત્રીના જન્મથી તેઓ અત્યંત પ્રસન્ન થયાં. કન્યારત્નને તેઓ પુત્ર કરતાં પણ શ્રેષ્ઠ માનતાં હતાં. આજે તો લોકો પુત્રીનો જન્મ થાય તો બહુ દુઃખી થઈ જાય છે. જ્યારે પુત્રનો જન્મ થતાં ખુશાલીમાં મીઠાઈ વહેંચે છે. પુત્રીના લગ્ન પછી એની જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે, જ્યારે છોકરાના લગ્ન પછી એનાં બાળકો થાય છે. એ બધાંનું પાલનપોષણ કરવું પડે છે અને માણસ બંધનોમાં વધારે બંધાતો જાય છે. સાધુ વૈશ્યે પુત્રીનું નામ કલાવતી પાડયું. એણે પોતાની આવકનો એક ભાગ ભગવાનના કાર્યમાં વાપરવાનો સંકલ્પ કર્યો હતો. દુકાનમાં ભગવાનને ભાગીદાર બનાવવા જોઈએ. વૈશ્ય જે કમાતો હતો તેમાંથી એક અંશ પરમાર્થનાં કાર્યોમાં વાપરતો હતો. એનું ઉદાર હૃદય જોઈને ભગવાન પ્રસન્ન થયા. ભગવાન ઉદાર અને સેવાભાવી વ્યક્તિઓ પર પ્રસન્ન થાય છે. ઉદાર મનુષ્યોને ગરીબાઈ કદી સતાવતી નથી. ગંગામાંથી ગમે તેટલું પાણી વાપરો, પરંતુ હિમાલય તે પૂરું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાડયા જ કરે છે. પરમાર્થ કાર્યોમાં ધન વાપરવાથી વધે છે, ઘટતું નથી. વૈશ્ય પવિત્ર વ્યવહાર કરવા લાગ્યો. ઇમાનદારીના કારણે એનો વેપાર વધવા લાગ્યો.

થોડા દિવસો પછી એણે પોતાની આવકનો એક અંશ પરમાર્થનાં કાર્યોમાં વાપરવાના વ્રતની ઉપેક્ષા કરી અને તે ધન ભેગું કરવા મંડી પડચો. એમણે વિચાર કર્યો કે હજુ તો છોકરીનાં લગ્ન કરવાનાં છે. તેથી પછીથી પુણ્ય કરીશું. પુત્રીનાં લગ્ન થઈ ગયાં. ગૃહસ્થાશ્રમની જવાબદારી પૂરી કર્યા પછી દરેક મનુષ્યે વાનપ્રસ્થ લઈને ધર્મપ્રચાર અને સમાજસેવાનાં કાર્યોમાં જીવન ગાળવું જોઈએ, એને જ ધર્મ કહે છે. પરંતુ સાધુ વાણિયો લોભમાં ફસાઈ ગયો અને ધન ભેગું કરવા લાગ્યો. ધર્મ છોડી દેવાથી ભગવાન નારાજ થાય છે. સાધુ વૈશ્યની બુદ્ધિ ક્ષીણ થઈ ગઈ હતી, તેથી તે અનીતિપૂર્વક ધન કમાવા લાગ્યો. જેઓ કૃપણ હોય છે એમનાથી ભગવાન ખિન્ન થઈ જાય છે. જેના પર ભગવાન નારાજ થઈ જાય છે તેનાં દુઃખોનું કોઈ નિવારણ કરી શકતું નથી. ઘરનો કોઈ સભ્ય જો કુમાર્ગે ચાલે અને ઘરવાળાં એને અટકાવે નહિ, તો એ બધાંને કષ્ટ ભોગવવું પડે છે. સાધુ વૈશ્યને ઘેર પણ આવી જ દશા થઈ. એનાં બધાં ઘરેણાં ચોર ચોરી ગયા. બધાં દુઃખી થઈ ગયાં. દુઃખ આવે ત્યારે માણસ પોતાની ભૂલ સમજે છે અને સુધારે છે. દુઃખો મનુષ્યને સાવધાન કરવા જ આવે છે. સાધુ વૈશ્યને ભાન થયું કે મેં પરમાર્થ કાર્યોમાં ધન વાપરવાનું વ્રત લીધું હતું તે છોડી દેવાના કારણે જ અમારી આવી દશા થઈ છે. તેના વિચારોમાં પરિવર્તન આવ્યું. વિચારો બદલાતાં પરિસ્થિતિ પણ બદલાઈ ગઈ. લોભની પકડ ઢીલી થતાં સાધુ વૈશ્ય સેવાભાવી બન્યો. હવે તે જરૂરિયાતવાળા લોકોને મદદ કરતો તથા દીનદુઃખીની સેવા કરવા લાગ્યો. ભગવાનની કૃપાથી દુઃખ પણ સુખમાં ફેરવાઈ જાય છે. વૈશ્યનાં ચોરાઈ ગયેલાં ઘરેણાં એને પાછાં મળી ગયાં.

ભગવાન શ્રેષ્ઠ કર્મો કરવાથી પ્રસન્ન થાય છે. કોઈ પણ માણસ સાચો છે કે જુઠો તેની ખબર એનાં કર્મો દ્વારા પડે છે. જેનું જીવન શુદ્ધ અને પવિત્ર હોય એને ભગવાન પ્રેમ કરે છે. ખોટી પ્રશંસાથી માણસ ભલે ખુશ થઈ જાય, પણ ભગવાન કદી ખુશ થતો નથી.

હે ભગવાન ! હું તમારા શરણે આવ્યો છું એવું લોકો કહે છે તો ખરા, પરંતુ મોકો મળતાં ઠાકોરજીનો મુગટ અને ઘરેણાં ચોરીને વેચી ખાનાર લોકો પણ છે. જેમનું જીવન સત્યથી ભરેલું હોય છે એમને જ તેઓ પ્યાર કરે છે. જેઓ દુઃખી લોકોની સેવા કરે છે એમના પર ભગવાન પ્રસન્ન થાય છે. ભગવાન ભક્તોની પરીક્ષા લે છે. પરીક્ષા લીધા વગર એમ.એ.નું સર્ટિફિકેટ મળતું નથી. ભગવાને સાધુ વૈશ્યની પરીક્ષા લેવાનો વિચાર કર્યો અને એક ઋષિનું રૂપ ધારણ કરી એની પાસે ગયા. પોતાના આશ્રમ માટે, લોકમંગલ માટે એની પાસે ધન માગ્યું, તો વૈશ્યે આપવાની સાફ ના પાડી દીધી. જ્યારે મનુષ્યમાં લોભ અને અહંકાર આવી જાય છે ત્યારે વિપત્તિઓ વધી જાય છે, પરંતુ સાથેસાથે દુઃખો એની આંખો ખોલી નાખે છે. દુઃખો માણસને જગાડવા માટે જ આવે છે કે જેથી આપણે આપણો ધર્મ, આપણું કર્તવ્ય ભૂલી ન જઈએ.

ડૉક્ટર જ્યારે કોઈ ગૂમડા પર નસ્તર મૂકે છે ત્યારે દર્દી ડૉક્ટરને ગાળો દે છે, પણ ડૉક્ટર એને કહે છે કે, તારા ગુમડામાં પરુ છે. હું એ કાઢી રહ્યો છું. એનાથી તને આરામ થઈ જશે. જ્યારે દુઃખ થાય છે ત્યારે માણસને પોતાની ભૂલો યાદ આવે છે. સાધુ વાણિયા પર પણ ભગવાનનો કોપ ઊતર્યો. તેની હોડી ધન સહિત ડૂબી ગઈ. સાધુ વાણિયો અને એનો જમાઈ માંડ માંડ બચ્યા. સાધુ વૈશ્યને હવે ભાન થયું કે વ્રતને છોડી દેવાનું જ આ પરિણામ છે. તેણે ફરીથી નિશ્ચય કર્યો કે આવકનો એક ભાગ લોકકલ્યાણનાં કાર્યો માટે ખર્ચીશ. તે ઋષિની પાસે ગયો. પોતાની ભૂલ કબૂલ કરીને એમની મદદ માગી. ઋષિએ કહ્યું કે ધન કોઈ એક વ્યક્તિનું નથી. તે આખા રાષ્ટ્રની સંપત્તિ છે. તેથી તેને નષ્ટ ન થવા દેવું જોઈએ. ઋષિએ આશ્રમવાસીઓની મદદથી ડૂબી ગયેલું ધન બહાર કાઢ્યું.

સાધુ વાણિયાએ લોકકલ્યાણ માટે ધન આપી દીધું. ઋષિએ જરૂર પૂરતું ધન રાખી બાકીનું એને પાછું આપ્યું અને ફરી સત્યવ્રતને ન ભૂલવાની પ્રેરણા આપી. સત્યવ્રતી બનીને તે સમાજમાં સત્યવ્રતનો પ્રચાર કરવા લાગ્યો. જેઓ ભગવાનના આશીર્વાદ મેળવવા ઇચ્છતા હોય તેમણે શુભ કર્મો કરવાં જોઈએ. સાધુ વાણિયો સાચા માર્ગે વળી ગયો તો એનાં બધાં કષ્ટો દૂર થઈ ગયાં તથા લીલાવતી અને કલાવતી પોત-પોતાના પતિ સાથે સુખશાંતિભર્યું જીવન જીવવા લાગી. ભગવાન સત્યનારાયણનો મહિમા અપરંપાર છે. એમના શરણમાં જનારને સુખશાંતિ પ્રાપ્ત થાય છે. વૈશ્યે ધન કમાવું જોઈએ, પરંતુ ઇમાનદારીપૂર્વક કમાવું જોઈએ અને એમાંનો એક અંશ સમાજમાં સત્પ્રવૃત્તિઓનો વધારો થાય એ માટે અચૂક વાપરવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગૌ-સંવર્ધન

# ગાયો કેમ કપાઈ રહી છે ? કેવી રીતે બચશે ?

***દેશના કાયદા ઘડનારાઓ શા માટે કતલખાનાઓને પ્રોત્સાહન તથા પોષણ આપી રહ્યા છે ? :***

વિભિન્ન આયાતોમાં ચુકવણી કરવા માટે વિદેશી હુંડિયામણ જોઈએ. નીચે કેટલીક આયાતોની માહિતી આપવામાં આવી રહી છે. દર વર્ષનું લક્ષ્ય છે ૫૦૦ કરોડ રૂપિયા, જેને આ સદીના અંત સુધીમાં વાર્ષિક ૧૦૦૦ કરોડ સુધી પહોંચાડવાનો છે. આ લક્ષ્ય પૂરું કરવા માટે કતલખાનાઓ તથા નિકાસ કરતા એકમોને સૂચન કરવામાં આવ્યું છે. વર્તમાન સમયના પશુધનના આધારે અનુમાન લગાડવામાં આવ્યું છે કે, ૩૫ લાખ ટન માંસનું ઉત્પાદન કરી શકાય, જેની કિંમત ૮૨૫૦ કરોડ રૂપિયા છે. એમાં વિદેશી કંપનીઓની ભાગીદારીની ભલામણ કરવામાં આવી છે. (Foreign Trade Bulletin) ના ફેબ્રુઆરી ૧૯૯૪ ના અંકના પાના નં. ૧૦ પર "Meat Export Prospectus Bright" ના શીર્ષક હેઠળ છપાયેલાં સમાચારમાં Agriculture & Processed food product export development authority રિપોર્ટનાં ઉદાહરણના આધારે.

ભારત સરકારના ખેતીવાડી ખાતાના પશુપાલન તથા ડેરી વિભાગના પરિપત્ર ક્ર. ૩-૩૪/૯૫ એફ. આઈ. એન ની આઠમી પંચવર્ષીય યોજનામાં સેન્ટ્રલ સેક્ટર સ્કીમની અંતર્ગત સ્થાનિક એકમો, સરકારી સંસ્થાઓ, ખાનગી તથા અર્ધખાનગી સંસ્થાઓને હિંડન, ગાઝિયાબાદ, ગ્વાલિયર, અંબાલા, સિરસા, બરેલી, જોધપુર, તેજપુર, આદમપુર, પૂના તથા ડનડિગમાં આવેલ સૈનિક હવાઈ મથકોની નજીકમાં યાંત્રિક કતલખાનાઓ સ્થાપવા તથા ચલાવવા માટે ૧૦૦ ટકા દાનની જોગવાઈ કરવામાં આવી છે.

***ગૌવંશના વિનાશનું દુષ્પરિણામ સમજી શકતા નથી :***

ભારત એક ખેતીપ્રધાન દેશ છે. ગૌવંશ દેશની નાણાંકીય વ્યવસ્થાની કરોડરજ્જુ છે તથા ખેતીનો મુખ્ય આધાર છે. જો ગાય અને બળદ બિલકુલ નાશ પામે તો અહીંની ખેતીવાડીનો સંપૂર્ણ નાશ થઈ જશે. એનો અર્થ થાય છે આર્થિક ગુલામી, જેવી રીતે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમન પછી વેઠવી પડી હતી. આપણે ઓછાવત્તા પ્રમાણમાં એ સ્થિતિ સુધી પહોંચવાના છીએ.

રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, ડીઝલથી ચાલતા મશીનો પર આધાર રાખતી ખેતી પરાવલંબી, પ્રદૂષણકારી, મોંઘી અને બિનલાભદાયક છે, જેના કારણે નાનો તથા મધ્યમ શ્રેણીનો ખેડૂત ખેતી છોડી દેવા અથવા મજૂરી પર આધાર રાખવા વિવશ બની રહ્યો છે.

આપણે આજની ખેતપદ્ધતિમાં પ્રાકૃતિક, ટકાઉ ખેતીનો આધાર જ સમાપ્ત કરી રહ્યા છીએ અને બીજા દેશો પર નિર્ભર બનતા જઈ રહ્યા છીએ. ***આપણે ખેતીવાડી માટે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ તથા ઉર્જા માટે બહારથી પેટ્રોલિયમ આયાત કરી રહ્યા છીએ તો બીજી બાજુ તેની ચુકવણી માટે પ્રાકૃતિક ખાતર, જંતુનાશક દવા તથા ઉર્જાના સ્ત્રોત સમા ગૌવંશની કતલ કરાવી રહ્યા છીએ. આ એક દંભ જ કહેવાય.***

ગૌવંશ તથા ગૌચરોનો નાશ કરી ગામડાંઓની સ્વતંત્ર અને વિકેન્દ્રિત નાણાંકીય વ્યવસ્થાને નષ્ટભ્રષ્ટ કરી રાજ્યાશ્રિત તથા કેન્દ્રિકરણ કરવામાં આવેલ નાણાંકીય વ્યવસ્થાને પ્રોત્સાહન આપવામાં આવતું રહ્યું. જે હવે મૃત્યુને ભેટવાની સ્થિતિમાં પહોંચી ચુક્યું છે. કેન્દ્રિકરણ કરવામાં આવેલ રાજ્યાશ્રિત નાણાંકીય વ્યવસ્થાને ટેકો આપવા માટે આર્થિક વ્યવસ્થા તથા ખેતીવાડીને વિદેશી લોકોના હાથમાં સોંપી દેવાની સ્થિતિ બનાવી દીધી છે.

આપણે સૌ અજ્ઞાનતાવશ કે જાણકારી વગર, બુદ્ધિભ્રમના કારણે અથવા અંગત સ્વાર્થ ખાતર પોતાનો તથા દેશનો વિનાશ કરવામાં લાગેલા છીએ.

***ગૌરક્ષાની સાચી રીત શું હોય ?***

ગૌરક્ષણનો મૂળમંત્ર : જે લોકો ગાયને પાળવાના લાભો જાણે છે તથા તેના રક્ષણ અને ઉછેર માટે પણ કંઈક કરવા ઇચ્છા ધરાવે છે, પરંતુ એને માટે શું કરવું જોઈએ એનો કોઈ અસરકારક ઉપાય ન સૂઝવાના કારણે એ બની શકતું નથી, અથવા આપણે સાચેસાચ ભાવનાશીલ છીએ અને આપણે તેના રક્ષણની તથા વંશવૃદ્ધિની અપેક્ષા રાખીએ છીએ, તો અસરકારક પગલાં ભરવા માટે નીચેના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યવહારિક મુદ્દાઓ ઉપર ધ્યાન આપવું પડશે. કારણ કે માત્ર ધર્મ કે શ્રદ્ધા જ પુરતી નથી. પરંતુ તેને જીવતી રાખવાનું વ્યવહારુ સ્વરૂપ પણ બનાવવું પડશે. નહિ તો કલ્પનાની દુનિયામાં રાચવાથી કોઈ સમાધાનકારક ઉપાય નહીં નીકળી શકે.

*સૂત્રોચ્ચાર નહીં - સેવા :*

સૂત્રોચ્ચાર કરવો કે પૂજા કરવાને બદલે સેવા માટે અસરકારક પગલા ભરવા પડશે.

*નિર્વાહ માટે ગૌસેવા નહીં, પરંતુ ગૌસેવા માટે નિર્વાહ :*

ગાયની સેવાનો દૃષ્ટિકોણ માત્ર બજારું રહ્યો તો ઘરડી, અપંગ, અશક્ત ગાયનું આખરી આશ્રયસ્થાન વેચાણ બજાર કે કસાઈખાનું જ હશે. આપણાં પોતાના ઘરડા, અપંગ, રોગી, અશક્ત નિરાધાર કુટુંબીજનો, કે જેઓ ઓછું કમાતા હોય છે અને તેમની પાછળ વધુ ખર્ચ થતો હોય છે, છતાં પણ તેઓને માનવી મૂલ્યોના જતન માટે તથા ન્યાય પરંપરા અને લાગણીઓના આધારે આપણે એમની સેવા કરીએ છીએ. અર્થાત ગાયના રક્ષણના સંબંધમાં પણ આપણે અનર્થ ન સર્જનારા આર્થિક ઉપાર્જનની વાત વિચારવી પડશે. જો આવો દૃષ્ટિકોણ રહેશે તો વૃદ્ધ અને અપંગ, અશક્ત ગૌવંશ કે જેણે આખી જિંદગી આપણી સેવા કરી છે, તે મૃત્યુ પામશે ત્યાં સુધી છાણ-ગૌમૂત્રના આધારે જ આપણાં ઔચિત્યપૂર્ણ નિર્વાહમાં કોઈ ઉણપ નહીં આવવા દે.

કાયમી દૂધની સાથેસાથે છાણ-મૂત્ર તથા ગ્રામ્ય ઉર્જાના સાધન રૂપે ગાય, બળદ, વાછડાં, વાછડીને લાભદાયક તથા ઉપયોગી બનાવવાં પડશે. ઉપયોગિતા તથા આર્થિક લાભની નવી દૃષ્ટિ તેમને સહજ અને કાયમી રક્ષણ પુરું પાડશે. ઉપરોક્ત ત્રણે મુદ્દાને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે એ કક્ષાની જનજાગૃતિ આણવી પડશે, જે લોક આંદોલનનું રૂપ ધારણ કરી શકે.

*સમસ્યાઓ કે જેનું સમાધાન થવું જોઈએ :-*

ગૌવંશ અંગેના ત્રણ પ્રશ્નો જે આજે સમસ્યારૂપે સામે છે, તે આ પ્રમાણે છે. કતલ થતા, ઘટતા ગૌવંશને કેવી રીતે બચાવીએ ? કેવી રીતે વધારવામાં આવે ? ગુણાત્મક સુધાર કેવી રીતે કરવામાં આવે ? એમાં સૌથી વધારે મહત્ત્વ ગાયના રક્ષણનું છે, કારણ કે ગાયનું વાસ્તવિક મહત્ત્વ ન સમજી શકવાના કારણે જે આજે પણ થઈ શકતું નથી અને તેના હ્રાસનું કારણ બનેલું છે. ગૌરક્ષણનો વ્યવહારિક ઉકેલ લાવવાથી તથા વ્યવહારમાં આવવાથી ઉછેર તો આપોઆપ આરંભ થશે. નકારાત્મક સ્થિતિ (જે આજે ગૌ હત્યાની સ્થિતિ છે) માંથી બહાર કાઢવાનો વ્યવહારુ ઉકેલ આણવો એ આજના સમયની માંગ છે. આગળનુ પગલું તો તેના ઉછેર તથા વંશવૃદ્ધિ માટે છે, જે સકારાત્મક દિશામાં ચાલવાનો પ્રયત્ન હશે. આ પગલું ઘરે-ઘરે ગાયની સેવા શરૂ કરવાનું તથા ગૌપાલન તરફ આગળ વધવાનું હશે.

ત્રણે સમસ્યાઓનો વ્યવહારુ ઉકેલ લાવવાથી ગૌવંશના સંબંધમાં સંપૂર્ણ નિરાકરણ થશે.

*ગૌરક્ષાનું સમાધાન-મુખ્ય ઉપાય :-*

(૧) લોકો દ્વારા એવી ગૌશાળાઓની સ્થાપના કરવામાં આવે કે, જે આજે દૂધ આપવા માટે બિનજરૂરી ગણાતી ગાય તથા બળદ, વાછડા વાછડી કે જે અપંગ, ઘરડાં હોવાના કારણે કતલખાને જાય છે, તેના પાલન-પોષણની વ્યવસ્થા કરી શકે.

(૨) જે દૂધનો વ્યાપાર ન કરતાં, છાણ, ગૌમૂત્ર, અહિંસક ચામડાં, હાડકાં વગેરેના વિભિન્ન ઉપાયો કરી તથા પેદાશોના આધારે ગૌવંશની ઉપયોગિતા સાબિત કરી શકે, જેથી ગાયને પાળવા અને તેની સેવા અંગે લોકોનો આજનો દૃષ્ટિકોણ બદલાય.

(૩) જે ગ્રામોદ્યોગનું કેન્દ્ર બની શકે.

(૪) જે ગામનો સમગ્ર વિકાસ (અર્થતંત્ર, ખેતીવાડી તથા અન્ય વિકાસ) ની ધરી બની શકે.

(૫) પોતાના પ્રયત્નો અને સાધનો વડે સ્વયં જનતા દ્વારા જેની સ્થાપના અને સંચાલનની પહેલ થાય, ભલેને તેને સુદૃઢ તથા ગતિશીલ બનાવવા ઉપરાંત સરકાર તથા કોર્પોરેટ સેકટર (સહકારી સંસ્થા) નો સહકાર લેવામાં આવે.

પ્રારંભિક તબક્કામાં અનેક ગામડાંઓની વચ્ચે એક એવી ગૌશાળાની સ્થાપનાની પહેલ કરવામાં આવે કે જે ગૌરક્ષાના સંદર્ભમાં વ્યવહારું નિરાકરણ આપી શકે. આ જ પગલું આજની જટિલ પરિસ્થિતિમાંથી ઉગારવાવાળું સૌથી મહત્વનું પાસું છે. તેનાથી ગાયનો ઉછેર તથા વંશવૃદ્ધિ આપોઆપ સરળતાથી ગતિ પકડવા લાગશે, તેને માટે સામૂહિક ગૌશાળાઓની સ્થાપના અને સંચાલન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉત્તેજન આપવાનું કાર્ય કરશે.

***ગૌશાળાની સ્થાપના માટે કોણ શું સહયોગ આપી શકે ? :-***

(૧) ગૌશાળાની સ્થાપનાની પહેલ માટે તથા ગ્રામ્ય જનતાની જનજાગૃતિ માટે એન.જી.ઓ. આગળ આવે.

(૨) લોકોની સાથે સાથે ગૌશાળાની સ્થાપના, સુદ્રઢીકરણના સહકાર માટે દેશના ભામાશાહો (ધનવાનો) સરકાર, વહીવટીતંત્ર આગળ વધે.

(૩) ગૌપાલન આપણી આર્થિક નીતિનું અંગ બને અને ગૌચરોની સ્થાપના માટે વિચારણા તથા પહેલ શરૂ થાય, તેને માટે દેશના કાયદાના ઘડનારાઓ આગળ વધે.

(૪) દેશના ઉદ્યોગપતિઓ ગ્રામોદ્યોગના ઉત્પાદન (પેદાશ) માટે, વ્યવસ્થિત બજારતંત્ર ઊભું કરવા માટે આગળ વધે.

***ગાયનો ઉછેર :-***

લોકોને ગાયના દૂધના ગુણો તથા તેની ઉપયોગિતા અંગે કોઈ જાણકારી ન હોવાના કારણે ગાય પાળવાની પ્રવૃત્તિ પાછળ રહી ગઈ તથા ભેંસ પાળવાની વૃત્તિમાં વધારો થયો. ગાય સંબંધી જો જાણકારી વધે અને પ્રચાર-પ્રસાર થાય તો જેઓ ગાય પાળવાની સ્થિતિમાં છે, તેઓ ગાય પાળવા લાગશે તથા જેઓ ભેંસ પાળી રહ્યા છે, તેઓ ગાય પાળતા થઈ જશે. ભેંસના દૂધને બદલે ગાયના દૂધની માંગ વધશે, તો એ બન્નેને પ્રોત્સાહન મળશે. આ રીતે વ્યક્તિગત સ્તરે ગાય પાળવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળશે અને ગૌવંશમાં વૃદ્ધિ થશે.

ગાયના દૂધના ગુણોની જાણકારી મળતા હજારો લાખો વિચારશીલ વ્યક્તિઓ એવી હશે કે જે ગાયના દૂધને જ પસંદ કરશે તથા એના જ માખણ, ઘીનો ઉપયોગ કરવાનું પસંદ કરશે. લોકોને સરળતાથી ગાયનું શુદ્ધ દૂધ અને શુદ્ધ ઘી પ્રાપ્ત થઈ શકે તે માટે વ્યવસ્થા કરવી જોઈએ. એના વગર શ્રદ્ધાળુ તથા વિચારશીલ લોકો પણ પોતાને અસહાય અનુભવ કરશે અને ભેંસનું દૂધ તથા વનસ્પતિ ઘી વગેરે જે આજ સુધી ઉપયોગ કરતા રહ્યા છે, એને એ જ રીતે ઉપયોગ કરતાં રહેશે અથવા ભેંસના દૂધમાં પાણી નાખી બનેલા ગાયના દૂધને પીવા માટે વિવશ બનશે.

આજે જે લોકો દૂધના વેચાણને પોતાની આજીવિકાનું સાધન બનાવવા ઇચ્છે છે અથવા બનાવેલ છે, તેમણે નીચેના મુદ્દાઓ ઉપર ધ્યાન આપવું જોઈએ.

મહત્ત્વની જગ્યાઓ ઉપર તથા ઠેરઠેર ગાયનું શુદ્ધ ઘી, દૂધ વેચવા માટે દુકાનો ખોલવામાં આવે. ગાય તથા ભેંસ બન્નેનું દૂધ ન રાખતાં માત્ર ગાયનું દૂધ અને તેની બનાવટો મળી શકે તે માટે એ દુકાનને પ્રમાણિક કેન્દ્ર રૂપે સાબિત કરે.

ગૌશાળા તથા ડેરી માત્ર એવી દેશી ઓલાદની ગાયોની ચલાવવાનું વિચારવામાં આવે, કે જે વધારેમાં વધારે દૂધ અને સારી જાતના વાછડાઓ આપવા માટે લાયક હોય. જેથી દૂધ તથા તેની બનાવટોની વધતી માંગને પૂરી કરવા માટે પ્રમાણિક કેન્દ્ર હોવાની સાથે સાથે ખેડૂતોને સારા વાછડાઓ મળી શકે.

વ્યક્તિગત લાભ માટે સ્થાપવામાં આવેલ ગૌશાળા તથા ડેરીમાં સ્થાનિક ખેડૂતોના હિતના કેટલાક કાર્યો જોડો. દેશી ઉચ્ચ જાતના સાંઢની વ્યવસ્થા સ્થાનિક ગાયોની ઓલાદમાં સુધારણાનો ક્રમ અપનાવવો એ સૌથી મહત્ત્વનો ફાળો હોઈ શકે.

એ જરૂરી નથી કે આ કામ હંમેશા મોટી ડેરીઓ જ કરે, એના નીતિનિયમો, વ્યવસ્થા, સગવડતા અને ફાયદાની પ્રક્રિયા સમજમાં આવી જવાથી દરેક ખેડૂત એને અપનાવવા લાગશે. જે મહેનત એને ભેંસ માટે કરવી પડે છે, એટલી જ મહેનત ગાય પાછળ કરવાથી એટલો જ લાભ મળે તો દરેક એને જ પસંદ કરશે, કે ભેંસની જગ્યાએ ગાય પાળીને આપણાં દેશને સાચા અર્થમાં ગાય પાળનારાઓનો દેશ બનાવવામાં આવે.

***ગાયના ઉછેર-વંશવૃદ્ધિ માટે ક્યા મુદ્દાઓ ઉપર કાર્યવાહી હાથ ધરવી જરૂરી છે ?***

***(૧) લોકોના મગજમાં ગાયના દૂધનું મહત્ત્વ બેસાડવા માટે લોકજાગૃતિ આણવી :-***

લોકોને ગાયના દૂધ તથા ઘીનું મહત્ત્વ સમજાવવામાં આવે. જન-જનને ગાય અને ભેંસના દૂધની મનુષ્ય-શરીરમાં થતી અસર સમજાવવામાં આવે. ગાંધીજીએ ખાદીનું મહત્ત્વ સમજાવવા માટે પ્રબળ આંદોલન ચલાવ્યું હતું અને જાડી તથા મોંઘી ખાદીના દૂરગામી પરિણામોની જાણકારી આપતા લોકોના ગળે ખાદી અપનાવાની વાત ઉતારતા હતા. સાથેસાથે ખાદી ઉત્પાદનની અસરકારક વ્યવસ્થા પણ ઊભી કરી હતી. ત્યારે જ આપણાં દેશમાં ખાદીએ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાની જડ જમાવી. આજથી સો વર્ષ પહેલાં ચા નાં વ્યાપારીઓ એનો પ્રચાર કરવા માટે ઘરે-ઘરે પહોંચી, બનાવવામાં આવેલી ચાને એક પૈસામાં વેચી તથા એક પેકેટ ચા મફત આપવાની વ્યાપક ઝુંબેશ ચલાવી. પરિણામે એ પ્રચાર આગળ વધતાં વધતાં આજે એ ચા ભારતીય લોક જીવનનું એક અંગ બની ગઈ છે.

***(૨) ગાયનું છાણ-ગૌમૂત્ર, બળદની ઉપયોગિતા (આરોગ્ય તથા સમૃદ્ધિમાં તેનો ફાળો) માટે જનજાગૃતિ :-***

ખેડૂતોને સમજાવવામાં આવે કે ખેતી અને ગાયનું પાલનપોષણ પરસ્પર એકબીજા સાથે સંબંધ ધરાવે છે અને એકના દ્વારા બીજાનું પોષણ થાય છે. બન્નેના લાભો એકઠા કરી એવી વ્યવસ્થા કરનાર નાનામાં નાનો ખેડૂત પણ નફામાં રહે છે. ખેડૂત વાછડાઓ વગર ખેતી, આવાગમન તથા વાહનવ્યવહારની સમસ્યા હલ નહીં કરી શકે. એટલા માટે ગાય પાળવી એ એના જીવન-મરણનો પ્રશ્ન છે. માત્ર શ્રદ્ધા જ નહીં, સાવધાની પૂર્વક નાણાંકીય વ્યવસ્થાને ધ્યાનમાં રાખતા ફરીથી રસપૂર્વક એને અપનાવવી જોઈએ અને તદનુરુપ જ પશુપાલનની નવી નીતિ નક્કી કરવી જોઈએ.

***(૩) ઘરે-ઘરે ગૌસેવા, ગૌપાલન, વ્યક્તિગત ગૌશાળાઓ તથા ડેરીઓ ઉભી કરવા માટે પ્રેરણા તથા પ્રોત્સાહન.***

***ઉછેર-વંશવૃદ્ધિ (Breed improvement) :-***

ગાય તથા તેનું છાણ-ગૌમૂત્રના જે આરોગ્યવર્ધક અને દિવ્ય ગુણો બતાવવામાં આવ્યા છે, તે માત્ર દેશી ઓલાદની ગાયો જ ધરાવે છે. ખેતી માટે દેશી ગાયનો બળદ જ ઉપયોગી થાય છે. વધારે દૂધના ઉત્પાદનના નામે સરકારી મદદ અને પ્રોત્સાહનથી માત્ર હાલ્સટીન, જર્સી, ફ્રીઝિયન વગેરે વિદેશી ઓલાદની ગાયોને જ ઉત્તેજન મળ્યું છે, કે જેના વાછડાઓ ખેતી માટે લાયક હોતાં નથી. જ્યારે ભારતની ગીરની ઓલાદની ગાયો મેક્સિકો, બ્રાઝીલ તથા ઈઝરાયેલમાં દરરોજનું ૮૦ લીટર દૂધ આપી રહી છે. ભારતીય ગાયોની વિદેશી ઓલાદ સાથે શંકરીકરણના કારણે ભારતીય ઓલાદોનો મૂળ ગુણ સમાપ્ત થઈ ગયો છે અને અનેક સારી ઓલાદની ગાયો લગભગ લુપ્ત થઈ ગઈ છે. એટલે કે ભારતીય ઓલાદની ગાયોના સુધારની આવશ્યકતા છે. ભારતીય ગૌવંશના સુદઢીકરણ તથા વંશવૃદ્ધિ માટે નીચે મુજબ કાર્યવાહી હાથ ધરવી જોઈએ :-

- દેશી ગાયના ગુણો તથા ઉપયોગિતાના સંબંધમાં જનજાગૃતિ.
- છાણ, ગૌમૂત્ર તથા દૂધની પસંદગી તેના ગુણોના દષ્ટિકોણથી કરવામાં આવવી જોઈએ.
- ભારતની ખેતી માટે ઉપયોગી બળદો પૂરા પાડવાના દષ્ટિકોણથી કરવામાં આવવી જોઈએ.

યુગ નિર્માણ મિશન (ગાયત્રી પરિવાર) નાં પરિજનો, યુગશિલ્પીઓ દ્વારા ગામડાંઓને સ્વાવલંબી બનાવવા માટે વિકેન્દ્રિત નાણાંકીય વ્યવસ્થાના માળખા રૂપે ઉપર ઉલ્લેખ કરવામાં આવેલ ગૌશાળાઓની સ્થાપના કરવાની પહેલ કરવામાં આવી રહી છે. એ ગૌશાળાઓનું સ્વરૂપ તથા સંચાલનની વ્યવસ્થા શું હશે ? તેની વિસ્તૃત માહિતી આગામી પ્રકરણમાં આપવામાં આવી રહી છે.

**એક સંગઠિત શક્તિની જરૂરિયાત ઊભી થઈ. ગુરુ ગોવિંદસિંહે નરમેધ યજ્ઞ કર્યો. વિશાળ સભામાં એમણે ઘોષણા કરી કે દેશની સ્વાધીનતા મેળવવા અને અન્યાયથી મુક્તિ મેળવવા માટે ચંડી બલિદાન માંગે છે. તમારામાંથી જે પોતાનું માથું આપી શકે તેમ હોય તે આગળ આવે. ગોવિંદસિંહની માંગનો સામનો કરવા કોઈનામાં સાહસ કરવાની તાકાત નહોતી. ત્યારે દયારામ નામનો એક યુવક આગળ આવ્યો. ગુરુ એને કોઠરીમાં લઈ ગયા. દરવાજામાંથી લોહીની ધારા વહેવા લાગી. ગુરુ ગોવિંદસિંહે ફરીથી સામે આવીને પોકાર કર્યો - હવે કોણ માથું કપાવશે ? એકેક કરીને ક્રમ પ્રમાણે ધર્મદાસ, મોહકમચંદ, હિમ્મતરાય તથા સાહબચંદ આવ્યા અને એમના માથાં કાપી લેવાયા. હવે કોઈ આગળ વધવા તૈયાર નહોતું. ગુરુ ગોવિંદસિંહે પાંચેયને બહાર લાવ્યા અને બતાવ્યું કે આ તો નિષ્ઠા અને સામર્થ્યની પરીક્ષા હતી. માથાં તો બકરાંના કાપ્યા હતા. ઈતિહાસ જાણે છે કે આ પાંચેય જણાયે શીખ સંગઠનને મજબૂત બનાવ્યું.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ગાયત્રીનો મહિમા અપરંપાર

ગાયત્રી સનાતન અને અનાદિ મંત્ર છે. પુરાણોમાં કહ્યું છે કે - ''સૃષ્ટિકર્તા બ્રહ્માને આકાશવાણી દ્વારા ગાયત્રી મંત્ર પ્રાપ્ત થયો હતો. એની સાધનાનું તપ કરીને એમને સૃષ્ટિ નિર્માણની શક્તિ પ્રાપ્ત થઈ. ગાયત્રીનાં ચાર ચરણોની વ્યાખ્યા સ્વરૂપે જ બ્રહ્માજીએ ચાર મુખોથી ચાર વેદોનું વર્ણન કર્યું છે. ગાયત્રીને વેદમાતા કહે છે. ચારે વેદ ગાયત્રીની વ્યાખ્યા માત્ર છે.'' ગાયત્રીને જાણનાર વેદોને જાણવાનો લાભ મેળવે છે.

ગાયત્રીના ૨૪ અક્ષર ખૂબ જ મહત્ત્વપૂર્ણ શિક્ષણનું પ્રતીક છે. વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ, ઉપનિષદ વગેરેમાં જે શિક્ષણ મનુષ્ય જાતિને આપવામાં આવ્યું છે, એ બધાનો સાર આ ૨૪ અક્ષરોમાં છે. એને સ્વીકારીને મનુષ્ય વ્યક્તિગત તથા સામાજિક સુખ-શાંતિ મેળવી શકે છે.

ગાયત્રી, ગીતા, ગંગા અને ગાય એ ભારતીય સંસ્કૃતિની ચાર આધારશિલાઓ છે. એ બધામાં ગાયત્રીનું સ્થાન સૌ પ્રથમ છે. જેણે ગાયત્રીમાં છુપાયેલાં રહસ્યોને જાણી લીધાં, એને માટે કાંઈપણ જાણવાનું બાકી રહેતું નથી.

તમામ ધર્મગ્રંથોમાં ગાયત્રીનો મહિમા એક અવાજે ગવાયો છે. સર્વ ઋષિ-મુનિઓ મુક્તકંઠે ગાયત્રીનાં ગુણગાન કરે છે. ગીતામાં સ્વયં ભગવાને કહ્યું છે - ''ગાયત્રી છંદસામહમ્'' એટલે કે હું પોતે જ ગાયત્રી મંત્ર છું. ગાયત્રી ઉપાસનાની સાથે સાથે બીજી કોઈ ઉપાસના કરતા રહેવામાં કોઈ નુકસાન નથી. સાચું તો એ છે કે બીજા કોઈપણ મંત્રના જપ કે દેવોની ઉપાસના ત્યારે જ સફળ થાય છે, જ્યારે પહેલાં ગાયત્રી દ્વારા એ મંત્ર કે દેવને જાગૃત કર્યા હોય. કોઈપણ મંત્રની સાધના કરવામાં આવે, પરંતુ એ મંત્રને વ્યાહૃતિ સાથે ગાયત્રી સહિત જપવો જોઈએ. એટલા માટે ગાયત્રી ઉપાસના દરેક સાધક માટે જરૂરી છે.

ગાયત્રી સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ અને સાર્વભૌમિક મંત્ર છે. જે કાર્ય સંસારમાં કોઈ બીજા મંત્ર વડે થઈ શકે છે, તે ગાયત્રી મંત્રથી પણ જરૂર થાય છે. આ સાધનામાં કોઈ ભૂલ રહે તો પણ કોઈનું અનિષ્ટ થતું નથી. આનાથી સરળ, થોડા શ્રમથી સાધ્ય અને તુરત ફળદાયિની સાધના બીજી કોઈ નથી.

ગાયત્રી મંત્રના ૨૪ અક્ષરોમાં અનેક જ્ઞાન-વિજ્ઞાન છુપાયેલું છે. અનેક દિવ્ય અસ્ત્ર, શસ્ત્ર, સોનું વગેરે કીમતી ધાતુઓ બનાવવી, અમૂલ્ય દવાઓ, રસાયણો, દિવ્ય મંત્ર, અનેક રિદ્ધિ-સિદ્ધિઓ, શાપ, વરદાનનો પ્રયોગ, પ્રિયજનો માટે વિવિધ પ્રકારના ઉપચારો, અંતદષ્ટિ, પ્રાણવિદ્યા, વેધક પ્રક્રિયા, વામમાર્ગી તંત્રવિદ્યા, કુંડલિની ચક્ર, દસ મહાવિદ્યા, અજ્ઞાત સેવન, અદશ્ય દર્શન, સૂક્ષ્મ-સંભાષણ, વગેરે અનેક લુપ્તપ્રાય મહાવિદ્યાઓનું રહસ્ય બીજ અને સંકેત ગાયત્રીમાં મોજૂદ છે. આ વિદ્યાના કારણે આપણે જગદ્ગુરુ, ચક્રવર્તી શાસક અને સોનેરી સંપદાઓના સ્વામી બનેલા છીએ.

ગાયત્રીની સાધના દ્વારા આત્મા પર જામેલો મેલ દૂર થઈ જાય છે, ત્યારે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે અને અનેક રિદ્ધિ-સિદ્ધિઓ દેખાવા લાગે છે. અરીસો સાફ કરવાથી એનો મેલ દૂર થાય છે, તેવી રીતે ગાયત્રી સાધનાથી આત્મા નિર્મળ અને પ્રકાશવાન થઈને ઈશ્વરીય શક્તિઓ, ગુણો, સામર્થ્યો અને સિદ્ધિઓથી પરિપૂર્ણ બની જાય છે.

આત્માના કલ્યાણની અનેક સાધનાઓ છે. દરેકનું પોતપોતાનું મહત્ત્વ છે અને એનાં પરિણામ પણ જુદાં જુદાં છે. સ્વાધ્યાયથી સન્માર્ગની જાણ થાય છે, સત્સંગથી સ્વભાવ અને સંસ્કાર બને છે, કથા સાંભળવાથી સદ્ભાવનાઓ જાગે છે, તીર્થયાત્રાથી ભાવાંકુર પુષ્ટ થાય છે, કીર્તનથી તન્મયતાનો અભ્યાસ થાય છે, દાન-પુણ્યથી સુખ-સૌભાગ્યની વૃદ્ધિ થાય છે. પૂજા-અર્ચનાથી આસ્તિકતા વધે છે. આ રીતે આ બધી સાધનાઓ ઋષિઓએ ખૂબ વિચારપૂર્વક સમજીને પ્રચલિત કરી છે, પરંતુ તપનું મહત્ત્વ આ બધાંથી વધારે છે. તપના અગ્નિમાં પડીને જ આત્માનો મેલ અને પાપ-તાપ બળે છે. તપ દ્વારા જ આત્મામાં, જેના વડે સાંસારિક અને આત્મીય જીવનની સમસ્યાઓ હલ થઈ શકે છે તે પ્રચંડ બળ જન્મે છે. તપના સામર્થ્યથી વિવિધ પ્રકારની સૂક્ષ્મ શક્તિઓ અને દિવ્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. માટે તપ સાધનાને સૌથી વધુ શક્તિશાળી માની છે. તપ વિના આત્મામાં બીજી કોઈ પણ સાધનાથી તેજ, પ્રકાશ, બળ અને પરાક્રમ ઉત્પન્ન થતાં નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગાયત્રી ઉપાસના પ્રત્યક્ષ તપશ્ચર્યા છે. એનાથી તરત આત્મબળ વધે છે. આ એક ખૂબ કીમતી દિવ્ય સંપત્તિ છે. આ સંપત્તિને એકઠી કરી સાધક એના બદલામાં સાંસારિક સુખ અને આત્મીય આનંદ સારી રીતે પ્રાપ્ત કરી શકે છે.

ગાયત્રી મંત્રથી આત્મિક કાયાકલ્પ થાય છે. આ મહામંત્રની ઉપાસના શરૂ કરતાં જ સાધકને એવું લાગે છે કે મારા આત્મીય ક્ષેત્રમાં એક નવી હલચલ શરૂ થઈ ગઈ છે. સત્વગુણી તત્ત્વોની અભિવૃદ્ધિ થવાથી દુર્ગુણ, કુવિચાર, દુઃસ્વભાવ અને દુર્ભાવ ઘટવાની શરૂઆત થાય છે અને પ્રેમ, નમ્રતા, પવિત્રતા, ઉત્સાહ, સ્ફૂર્તિ, શ્રમશીલતા, મધુરતા, ઈમાનદારી, સત્યનિષ્ઠા, ઉદારતા, પ્રેમ, સંતોષ, શાંતિ, સેવાભાવ, આત્મીયતા વગેરે સદ્ગુણોની માત્રા રોજબરોજ ખૂબ ઝડપથી વધે છે. પરિણામે લોકો પોતાના સ્વભાવ અને આચરણથી સંતુષ્ટ થઈ બદલામાં પ્રશંસા, કૃતજ્ઞતા, શ્રદ્ધા અને સન્માનનો ભાવ રાખે છે અને વખતોવખત એને અનેક પ્રકારે મદદ કરે છે. આ સિવાય સદ્ગુણ એટલા મધુર હોય છે કે જે હૃદયમાં એનું સ્થાન હોય છે, ત્યાં આત્મસંતોષનું પરમ શાંતિદાયક શીતળ ઝરણું હંમેશાં વહ્યા કરે છે. આવા લોકો સદાય સ્વર્ગીય સુખનો આસ્વાદ લે છે. ગાયત્રી સાધનાથી સાધકના મનરૂપી ક્ષેત્રમાં અસાધારણ પરિવર્તન થઈ જાય છે. વિવેક, દૂરદર્શિતા, તત્ત્વજ્ઞાન અને ઋતંભરા બુદ્ધિની અભિવૃદ્ધિ થવાને કારણે અનેક અજ્ઞાનથી જન્મેલાં દુઃખોનું નિવારણ થાય છે. પ્રારબ્ધવશ અનિવાર્ય કર્મફળને કારણે કષ્ટસાધ્ય પરિસ્થિતિઓ દરેકના જીવનમાં આવે છે. નુકસાન, શોક, વિયોગ, આપત્તિ, રોગ, આક્રમણ, વિરોધ, આઘાત વગેરે વિભિન્ન પરિસ્થિતિઓથી જ્યાં સાધારણ મનોભૂમિના લોકો મૃત્યુ જેવું કષ્ટ પામે છે, ત્યાં આત્મબળ સંપન્ન ગાયત્રી સાધક પોતાના વિવેક, જ્ઞાન, વૈરાગ્ય, સાહસ, આશા, ધૈર્ય, સંતોષ, સંયમ અને ઈશ્વર પરના વિશ્વાસના આધારે આ મુશ્કેલીઓને હસતાં હસતાં સહેલાઈથી સહન કરી લે છે. ખરાબ અથવા સાધારણ પરિસ્થિતિમાં પણ તે પોતાના આનંદનો માર્ગ શોધી કાઢે છે અને મસ્તી, પ્રસન્નતા અને નિરાળું જીવન વિતાવે છે.

ગાયત્રી ઉપાસના એક પ્રકારનો આધ્યાત્મિક વ્યાયામ છે. જેના પરિણામે જીવન અને શરીરને પુષ્ટ, બળવાન, અને સુવ્યવસ્થિત બને છે. સકામ કામના માટે કરેલી ગાયત્રી સાધનાથી અભીષ્ટ ફળ પ્રાપ્ત ન પણ થાય, તો પણ એનું શુભ પરિણામ બીજા રસ્તે જરૂર મળે છે. કોઈ મોટી કુસ્તીમાં પછાડવા અખાડવામાં આવે તો એનું શરીર રોજેરોજ જરૂર મજબૂત થશે. તે ઇચ્છિત કુસ્તીપછાડમાં સફળ ન પણ થાય, તો એવું નહીં વિચારવાનું કે એનો વ્યાયામ તથા પૌષ્ટિક આહાર નકામા ગયા. કુસ્તી ભલે તે હારી જાય, પણ નિરોગીપણું, સ્ફૂર્તિ, જીવનશક્તિ, દીર્ઘાયુ, કમાવાની શક્તિ, બળવાન સંતાન, શત્રુને પરાસ્ત કરવાની શક્તિ વગેરે અનેક લાભ મળે છે. એવી રીતે ગાયત્રી ઉપાસના ક્યારેય અસફળ થતી નથી. અટલ પ્રારબ્ધનો કોઈ સુનિશ્ચય ટળી ન શકે, તો પણ બીજી અનેક રીતે ઉપાસના સાધક માટે શુભ પરિણામોનું આયોજન કરે છે.

* * *

*દુષ્ટ પરિસ્થિતિઓની જેમ કાશીના વાંદરા પણ ખૂબ દુષ્ટ હોય છે. એક વખત હું કાશીમાં કોઈક જગાએ જઈ રહ્યો હતો. એ સ્થળે ઘણા વાંદરા રહેતા હતા. જે આવતા–જતા લોકોને કારણ વિના તંગ કરવામાં પ્રખ્યાત હતા.*

*મારી સાથે પણ એ વાંદરાઓએ એવું કર્યું. મારું રસ્તેથી પસાર થવું એમને સારું ના લાગ્યું. તેઓ ચીડાઈને મારી તરફ દોડ્યા તો એમનાથી છુટકારો મેળવવો અશક્ય લાગ્યો. ઝડપથી ભાગ્યો, પણ જેટલું હું ભાગ્યો તેટલો જ વાંદરો દોડવા લાગ્યો, ત્યારે એક અપરિચિત અવાજ સંભળાયો - "દોડશો નહીં સામનો કરો." બસ હું ઊભો રહી ગયો અને એવો જોરથી ઘાંટો પાડ્યો કે એક જ ઘાંટામાં વાંદરો ઊભો રહી ગયો. જીવનમાં જે કાંઈ ભયાનક છે, એનો આપણે સાહસપૂર્વક સામનો કરવો પડશે. પરિસ્થિતિઓથી ભાગવું એ કાયરતા છે. કાયર પુરુષ ક્યારેય વિજયી થતો નથી. ભય, કષ્ટ અને અજ્ઞાનનો જ્યારે આપણે સામનો કરવા તૈયાર થઈશું. તો તે અટકી જશે.*

*સ્વામી વિવેકાનંદ*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# (પરિવાર નિર્માણ) દાંપત્યજીવનમાં મધુરભાષણનું સ્થાન

સુખી દાંપત્યજીવન માટે સ્ત્રી પુરુષ બંનેના સ્વભાવ કોમળ, સુમધુર અને શાંત વૃત્તિવાળા હોવા જોઈએ, પરંતુ જો એ શક્ય ન હોય અને જુદા જુદા સ્વભાવનાં સ્ત્રી-પુરુષોએ જ પોતાની સંસાર નૌકા ચલાવવી પડે, તો પરસ્પર મળીને રહેવા અચૂક મંત્રનો પાઠ એમણે કંઠસ્થ કરવો પડશે. જો પોતાના એ સ્વભાવને લીધે કકળાટ જીવનનું અનિવાર્ય અંગ બની જાય, તો પછી એને ભૂલવાનો પણ ક્યારેક ક્યારેક વિચાર કરવો જ જોઈએ.

સ્વભાવની ઉગ્રતાને કારણે વાણીદોષ થઈ જાય છે અને એ વાણીદોષ વ્યંગ વચનોની જનની છે. તલવારનો જે ઘા હોય છે એનાથી વધુ ગંભીર અને દુઃખદાયી ઘા વ્યંગનો હોય છે. જે લાંબા સમય સુધી પોતાના ઝેરીલા જખ્મને હૃદયમાં જારી રાખે છે. સ્વભાવની ઉગ્રતાથી જ મગજમાં ચીડિયાપણું જન્મે છે. દોષિત સ્વભાવના પરિણામે વ્યંગ કટુવચન અને ચીડિયાપણું ગૃહકલેશનાં કારણ છે. આ દોષોને લીધે થોડીક અસાવધાનીથી કેવો અનર્થ થાય છે, એનો સૂક્ષ્મ પરિચય નીચેની પંક્તિઓથી મળશે.

**ઉગ્ર સ્વભાવના પુરુષની ઉગ્રતાનું ઉદાહરણ**

(૧) સ્ત્રી-આજે તેલ ખલાસ થઈ ગયું છે અને મસાલો પણ આવશે.

**ઝઘડાના કારણે વચન**

પુરુષ-શું હું તારો નોકર છું, તે દરેક વખતે લાવો લાવો કહ્યા કરે છે ? ક્યારેય તારી જરૂરિયાતનું રજિસ્ટર બંધ રાખતી જ નથી. શું બાપાના ઘેરથી આવક આવે છે ? એક સાથે બધો સામાન મંગાવવામાં શું મોં દુઃખે છે ?

પ્રેમપૂર્વકનો જવાબ-જો બધો સામાન એકસાથે મંગાવતી હોય તો સારું. આમ તો વધુ ખર્ચનો ભય રહે અને વખત પણ વધુ લાગે.

(૨) સ્ત્રીએ સંતાનને માર્યું પતિદેવ બગડી પડ્યા.

પુરુષ-શું એને મારી નાંખીશ ? ઈશ્વર કેવો અન્યાયી છે. આ નિર્દયી સ્ત્રીને સંતાન આપ્યું ? એને મારી નાંખ, એ તારો દુશ્મન છે ને ?

પ્રેમપૂર્વકનો જવાબ-અરે દયા કરો, બાળક છે વાગી જશે. બાળક છે એને પ્રેમથી સમજાવી દે. મારવાથી તો એ બગડે છે.

(૩) સ્ત્રી-બાબુજી આજકાલ આપ ઘણા મોડા આવો છો. શું કામ વધુ રહે છે ? જમવા માટે કેટલું મોડું થઈ ગયું.

પુરુષ-તું જેવી છો એવા જ બધાને સમજે છે. હું ક્યાંય ખેલ-તમાશામાં નહોતો ગયો. બધી વાતોનો જવાબ માંગે છે. ખબરદાર મારી સાથે ગરબડ નહીં, નહીં તો પરિણામ સારું નહીં આવે.

પ્રેમપૂર્વકનો જવાબ-હા, કામ વધારે આવ્યું હતું. મોડું થઈ જાય છે. જલદી આવવાની મરજી હોવા છતાં પણ ન આવી શક્યો. તારે પણ આટલી વાર રાહ જોવી પડી ભોજન ઢાંકી મૂક્યું હોત તો ? શું તેં ભોજન કર્યું ?

(૪) સ્ત્રી-જોયું ? કોટનું ખિસ્સું ફાટી ગયું છે. શું થયું એને ?

પુરુષ-મારા શરીરમાં કાંટા છે ને ? પૂછે છે કેવી રીતે ફાટી ગયું ? શું કમાઈને લાવી હતી તે પૂછ્યા કરે છે ?

પ્રેમપૂર્વકનો જવાબ-કપડું જીર્ણ થયું છે તેથી હાથ નાખતાં જ ફાટી ગયું. જરા એને સાંધી દેજે.

(૫) સ્ત્રી-ખમીસનું બટન બીડી દો. ગળું ખુલ્લું રહે છે.

પુરુષ-ચૂપ રહે ! મને રીતભાત શીખવે છે ?

પ્રેમપૂર્વકનો ઉત્તર-અરે ! મારું ધ્યાન જ નહોતું. આભાર.

(૬) સ્ત્રી-જુઓ ઘરમાં મહેમાન આવ્યા છે. એમના જમવા વગેરેની વ્યવસ્થા થશેને ?

પુરુષ-મને શું કહે છે ? શું બધાં કામ મને પૂછીને જ કરવામાં આવે છે ?

પ્રેમપૂર્વકનો જવાબ-હા-હા, જે મંગાવવું હોય તે કહે. જોજે આદર સત્કારમાં કોઈ ઊણપ ન રહે.

(૭) સ્ત્રી-આજે મારે મારી બહેનપણીના ઘેર જવાનું છે. ઘરની ચાવી લેતા જજો.

પુરુષ-હા જી, કેમ નહીં ? હવે તો તેં ફરવા જ માંડ્યું છે. જ્યારે જુઓ ત્યારે સહેલીના ઘરે. એમ કેમ નથી કહેતી કે હું ઘરનો રખેવાળ છું.

પ્રેમપૂર્વકનો જવાબ-સારું, બહુ વાર ના લગાડતી. ઘર સૂનું છે, જો મરજી હોય તો જજે. પણ વધુ પડતી આવ-જા સારી નહીં.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(૮) સ્ત્રી-ઘી ખલાસ થઈ ગયું છે. કાલથી કોરું ખાવું પડશે.

પુરુષ-એમ ? ઘી તો હમણાં જ લાવ્યો છું. ખલાસ થઈ ગયું ? ખોટા ખર્ચા કરો છો. કમાઈને લાવો તો ખબર પડે.

પ્રેમપૂર્વકનો જવાબ-હાથ જોઈ વિચારી વાપરો. એવી વ્યવસ્થા કરો કે એકસરખી રીતે બધું કામ ચાલે.

(૯) સ્ત્રી-સાડી ફાટી ગઈ, પેટીકોટ પણ ફાટી ગયો, તમે કપડાં ક્યારે લાવશો ?

પુરુષ-હું શું કરું ? શરીરમાં કાંટા છે. એક જોડ ત્રણ મહિના પણ ચાલતી નથી. કપડાંને સાંધવાનું કેમ કરતી નથી ? જ્યારે ખૂબ ફાટી જાય ત્યારે મોટું કાણું દેખાય છે.

પ્રેમપૂર્વકનો જવાબ-આપનાંથી કપડાં વધુ ફાટે છે. કપડાંમાં મોટું કાણું થતાં પહેલાં જ એને થીગડું લગાવવું જોઈએ, નહીં તો એ કાપડને નકામું કરી દે છે.

ઉગ્ર સ્વભાવની સ્ત્રીની ઉગ્રતાનાં ઉદાહરણ

(૧) પુરુષ-જલદી એક ગ્લાસ પાણી આપને. જરા જલદી કરજે, મારે બહાર જવું છે.

સ્ત્રી-બહુ ઉતાવળ આવી ગઈ છે. હું કાંઈ નોકરાણી થોડી છું. આવતાં આવતાંમાં તો માથે આસમાન લો છો. શું હું નવરી બેઠી છું ?

પ્રેમપૂર્વકનો જવાબ-હા, આ લાવી. થોડી વાર બેસો મારા હાથ ગંદા છે.

(૨) પુરુષ-જો તો, બાળકોના વાળ કેટલા મેલા છે. વાળ વિખરાયેલા પણ છે. નખમાં મેલ ભરાયો છે નવરાશના સમયે એમની દેખભાળ રાખને.

સ્ત્રી-જ્યારે જુઓ ત્યારે કોઈ ને કોઈ વાંક શોધી કાઢો છો. શું દર વખતે ભસવાની આદત પડી ગઈ છે ? એમની દેખભાળ હું નથી કરતી તો શું તમે કરો છો ?

પ્રેમપૂર્વકનો જવાબ-અરે છોકરું છે. રમતગમતમાં કપડાં ગંદાં કરી નાંખે છે. હવે પછી સ્વચ્છ કપડાં પહેરાવીશ.

(૩) પુરુષ-જો મેં અહીં ચપ્પુ રાખેલું ? શું તેં લીધું છે ?

સ્ત્રી-શું મેં ખિસ્સામાં મૂકી દીધું છે ? મૂક્યું હશે ક્યાંક આમ તેમ.

પ્રેમપૂર્વકનો જવાબ-હમણાં તો અહીં હતું. હું હમણાં જ શોધી આપું છું.

(૪) પુરુષ-જો, મારે બે રૂપિયાની જરૂર છે. તું આપીશ ?

સ્ત્રી-શું મને હૂંડી સોંપી ગયા હતા ? માંગતાં શરમ નથી આવતી ? ક્યારેક આપીને ભૂલી ગયા છો શું ?

પ્રેમપૂર્વકનો જવાબ-તમને તો ખબર છે કે મારી પાસે પૈસા નથી. જો હોત તો ચોક્કસ આપત. શું મારા-તમારા જુદા છે ?

(૫) પુરુષ-શું ધોબી મારાં કપડાં આપી ગયો છે ? બધાં કપડાં મેલાં થઈ ગયાં છે.

સ્ત્રી-શું હું ધોબીના ઘેર જઈને લઈ આવું ? રસ્તામાં આવતાં લેતા કેમ ના આવ્યા ?

પ્રેમપૂર્વકનો જવાબ-ધોબી હજુ સુધી લાવ્યો નથી. આપ જતાં જતાં એને કહેતા જજો કે તે આજે કપડાં ચોક્કસ પહોંચાડે.

(૬) પુરુષ-જો તો ઘરમાં કેટલાં જાળાં બાઝ્યાં છે ? અથાણાંનાં વાસણો પર કેટલી ધૂળ જામી ગઈ છે ? તેલથી બધી અલમારીઓ ખરાબ થઈ ગઈ છે ?

સ્ત્રી-રોજ તો સફાઈ કરું છું. તો પણ દરેક કામમાં માથું મારો છો. કોઈ કામ પસંદ પડતું જ નથી. કોઈક સારી સાથે લગ્ન કર્યું હોત તો ? શા માટે મને કૂબડીને લઈ આવ્યા હતા ?

પ્રેમપૂર્વકનો જવાબ-કેટલાય દિવસથી કામમાંથી રજા ન મળી. વળી કશું ધ્યાન પણ ન રહ્યું. આજે બધી વસ્તુઓને સાફ કરીને મૂકી દઈશ.

(૭) પુરુષ-જો આ પુસ્તક સારી રીતે મેજ ઉપર મૂકી દેજે. કોઈ છોકરું ફાડી ના નાંખે.

સ્ત્રી-લો, તમે મૂકો તમારી ચોપડી. જરા જોવા માટે લીધી હતી. એમાં શું ઘસાઈ ગયું ?

પ્રેમપૂર્વકનો જવાબ-સારું, વાંચીને મૂકી દઈશ.

(૮) પુરુષ-તમારો સામાન વેર-વિખેર થઈ ગયો છે એને વ્યવસ્થિત કરી દો. ઘરની સુંદરતા વ્યવસ્થામાં જ છે.

સ્ત્રી-ઓ હો ! જ્યારે જુઓ ત્યારે શીખવ્યા જ કરો છો. શું આ વસ્તુઓને પેટમાં પૂરી દઉં ? ઘર પણ ખૂબ મોટું છે ને ?

પ્રેમપૂર્વકનો જવાબ-હમણાં વ્યવસ્થિત થઈ જશે. કંઈક સ્થાનની પણ આપણે ત્યાં ઊણપ છે અને સામાન વધતો જાય છે.

(૯) પુરુષ-તેં સાંભળ્યું ? કોઈ બૂમ પાડી રહ્યું છે.

સ્ત્રી-શું હું બહેરી છું ? જેને આવવું હશે એ આવશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રેમપૂર્વકનો જવાબ-સાંભળ્યું તો છે, દરવાજો ખુલ્લો છે. હું હમણાં જઈને જોઉં છું.

(૧૦) પુરુષ-તારી સાડી ખૂબ મેલી છે. બદલી ન લે ?

સ્ત્રી-સાંભળતા જ નથી ને. કેટલીય વાર કહ્યું કે સાબુ નથી.

પ્રેમપૂર્વકનો જવાબ-હા, ખૂબ મેલી છે નહીં ? આજે સાબુ જરૂર લાવજો.

ઉગ્ર પ્રશ્નોના જવાબો

(૧) પુરુષ-શું જોતી નથી ? પુસ્તકને લાત મારી દીધી ?

સ્ત્રી-તમને નથી ખબર કે આ રસ્તો છે.

પ્રેમપૂર્વકનો જવાબ-અરે, ન દેખાયું, રસ્તામાંથી ઉપાડીને એક બાજુ મૂકી દો.

(૨) પુરુષ-કોણ કહે છે કે હું નથી ગયો ?

સ્ત્રી-બસ હવે સફાઈની જરૂર નથી. આ વાત કોઈથી છાની નથી.

પ્રેમપૂર્વકનો જવાબ-બની શકે કે આપ ગયા હશો, પરંતુ બધા લોકોનો વિચાર એથી વિરુદ્ધનો છે.

(૩) પુરુષ-એક બાજુ બેસ ને ! છાતી સામે કેમ બેસે છે ?

સ્ત્રી-લો, બેસી રહો. એકદમ ખોટા છો. કોઈની પાસે બેસવાનું ગમતું જ નથી.

પ્રેમપૂર્વકનો જવાબ-મારા અહીં બેસવાથી કોઈ મુશ્કેલી પડે છે, તો લો જતી રહું છું.

(૪) પુરુષ-ક્યાં છે પેલો રામુ ? તે આજે ય સ્કૂલે ગયો નથી. રોજ સ્કૂલે કેમ મોકલતી નથી ?

સ્ત્રી-મેં શું ખોળામાં બેસાડી રાખ્યો છે ? પહેલાં માથે ચઢાવ્યો. હવે રોફ મારો છો ?

પ્રેમપૂર્વકનો જવાબ-ક્યાંક જતો રહ્યો છે. તે માથે ચઢતો જાય છે. કાલથી એનું ધ્યાન રાખીશ.

(૫) પુરુષ-જો અથવા માની જા, નહીં તો માથું ફોડી નાંખીશ.

સ્ત્રી-કેમ ? શું ખાધું છે ? આવ્યા મોટા માથું ફોડવાવાળા.

પ્રેમપૂર્વકનો જવાબ-મારો શું વાંક છે ? માથું ફોડીને પણ દવા તો તમારે જ કરાવવી પડશે.

(૬) પુરુષ-નીકળી જા અહીંથી. હું તારું મોં પણ જોવા માગતો નથી.

સ્ત્રી-નથી જતી. મારુ મોં ના ગમતું હોય તો મોં ફેરવી લો.

પ્રેમપૂર્વકનો જવાબ-અહીંથી ક્યાં જઉં, મારું હવે ઠેકાણું ક્યાં છે ? હવે તો ક્ષમા કરો.

(૭) પુરુષ-દીવો કેમ નથી પ્રગટાવ્યો ? શું સમય થયો નથી ?

સ્ત્રી-શું તમારા માથાથી પ્રગટાવું ? તેલ તો હોવું જોઈએ ને ? તમે સાંભળતા પણ નથી.

પ્રેમપૂર્વકનો જવાબ-આજે તેલ નથી. શું તમે લાવ્યા છો ? હમણાં પ્રગટાવું છું.

* * *

***સરદાર ઊધમસિંહે માઈકલ ઓ ડાયરસ પર ત્રણ બાર કર્યા. ઓ ડાયર જમીન દોસ્ત થઈ ગયા. ત્યાં જ એના પ્રાણ ઊડી ગયા. સરદાર ઊધમસિંહને પકડી લેવામાં આવ્યા. અદાલતમાં એણે બયાન આપ્યું-"મેં અંગ્રેજોના શાસનમાં નામવાળા બુટોની નીચે આપણા દેશવાસીયોને કચડાતા જોયા છે. મેં એનો વિરોધ મારી રીતે કર્યો છે. મને એનો પશ્ચાત્તાપ નથી. મોતનો ડર તો એ જ દિવસે મારા મનમાંથી જતો રહ્યો હતો, જ્યારે બાવીસ વર્ષ પહેલાં જલિયાવાલા બાગમાં સેંકડો બિન ગુનેગાર ભારતવાસીઓને મેં શહીદ થતા જોયા હતા. ભારતવાસી હવે ગુલામ રહી શકે તેમ નથી. હું અદાલત પાસે દયા નહીં, કઠોર દંડ માગું છું. મને મૃત્યુ દંડ સહર્ષ સ્વીકાર્ય છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વાસ્થ્ય સંવર્ધન સ્તંભ

# સ્વાસ્થ્ય સુધારવાના ૨૧ સોનેરી નિયમ

આનું પાલન કરો, આપ નિરોગી અને બળવાન બની જશો.

(૧) સવારે શૌચક્રિયા (સંડાસ) જતાં પહેલાં પાણી પીઓ, એથી દસ્ત સાફ આવશે અને રાત્રે ન પચેલું ભોજન પચવામાં મદદ મળશે.

(૨) આપના માટે થોડી કસરત જરૂરી છે. સવાર-સાંજ ઝડપી ચાલે, બંને હાથ હલાવતા, છાતી કાઢીને ઘણે દૂર સુધી ચાલવા જાવ. એટલું ફરવાનું હોવું જોઈએ કે શરીરમાં ગરમી વધી જાય અને થોડો પરસેવો વળી જાય. ઘરડા અને નબળા મનુષ્યો માટે આ સર્વોત્તમ કસરત છે. એનાથી સંપૂર્ણ લોહીનું ભ્રમણ ઝડપી બને છે. તમામ અવયવો સુંદર રીતે કામ કરવા લાગે છે.

(૩) પ્રાતઃ કાળે સૂર્યનો કોમળ તાપ શરીર પર પડે એમ બેસવું કે આમતેમ ફરવું. એથી રોગનાં કીટાણુઓ નાશ પામે છે અને જીવનશક્તિ વધે છે.

(૪) સ્નાન પહેલાં શરીર પર ધીમે ધીમે તેલ માલિશ કરો. ગરમીના દિવસોમાં સરસવનું અને ઠંડીના દિવસોમાં તલનું તેલ વાપરવું જોઈએ. તેલ માલિશ એક ખૂબ ઉપયોગી વ્યાયામ છે.

(૫) એવા સ્થાને સ્નાન કરો જ્યાં ખુલ્લી હવાની લહેરો ન લાગતી હોય, એક મોટા ફરવાળા ટુવાલને પાણી ભીંજાવીને એને ધીમે ધીમે ઘણીવાર સુધી આખા શરીરે ઘસતા રહો. જેથી ચામડી લાલ થાય અને શરીરનાં બધાં છિદ્રો ખૂલી જાય. એનાથી શરીરની અંદરની ઝેરી ગરમી બહાર નીકળી જાય છે અને ચામડી તથા માંસપેશીઓની કસરત થઈ જાય છે. બીમાર વ્યક્તિ ખાટલા પર સૂતાં સૂતાં પણ ગરમ પાણીમાં ટુવાલ ભીંજાવીને કે ભીંજાવ્યા વિના પણ ઘસી શકે છે.

(૬) નાસ્તો કરવાનું છોડી દો. કરવો જ હોય તો દૂધ, મઠો, લીંબુનું શરબત વગેરે કોઈ પાતળી વસ્તુ થોડી માત્રામાં લો. બપોરે અને સાંજે બે વાર જ ભોજન લો. ભૂખ કરતાં ઓછું ખાવ. પ્રત્યેક કોળિયાને એટલો ચાવો કે તે ખૂબ બારીક રીતે પીસાઈ જાય. પેટને પા ભાગનું ખાલી રાખવું જોઈએ. ઠાંસી ઠાંસીને ખાનારા અને દિવસભર બકરીની જેમ મોં ચલાવનારા પોતાના દાંત વડે જ પોતાની કબર ખોદે છે. ભોજનની સાથે ઓછામાં ઓછું પાણી પીવું જોઈએ. ભોજનના એક કલાક પહેલાં અથવા પછી પાણી પીઓ.

(૭) સુપાચ્ય, સ્વાદિષ્ટ ફળ, શાક તથા લીલોતરી આપણો સર્વોત્તમ ખોરાક છે. જે કાચા નથી ખાઈ શકાતાં તેને તથા પાનાવાળાં લીલાં શાકને ઉકાળીને બાફીને ખાવાં જોઈએ. મેવા પણ પૌષ્ટિક છે. અન્નને થૂલી કે ખીચડીના રૂપમાં ઉકાળીને રસદાર બનાવીને ખાવામાં આવે, તો તે રોટલી કરતાં હલકાં રહે છે. દૂધ, દહીં, મઠો ત્રણેય ઉપયોગી છે.

તળેલી પૂરી, પકવાન, મીઠાઈઓ, ચાટ-પકોડી, તળેલી કે વધુ ઘી, તેલ, માવા, મરચું, મસાલા, પડી રહેલી વસ્તુઓ સર્વથા નુકસાનકારક છે. ભોજન તાજું હોવું જોઈએ અને સ્વચ્છતાપૂર્વક બનાવવું તથા ખાવું જોઈએ.

(૮) ચા, દૂધ વગેરે કોઈ વસ્તુ ગરમ ન લેવી જોઈએ અને બરફ કે બરફવાળી વધુ ઠંડી વસ્તુનું સેવન ન કરવું જોઈએ. એનાથી દાંત અને આંતરડાં બંનેમાં વિકાર પેદા થાય છે.

(૯) પાણી ખૂબ પીઓ. ઠંડીના દિવસોમાં ઓછામાં ઓછું ૫-૬ ગ્લાસ અને ગરમીના દિવસોમાં ૮-૧૦ ગ્લાસ તો પીવું જ જોઈએ. પાણી એકસાથે ન પીવું જોઈએ પણ ઘૂંટડે ઘૂંટડે પીવું. જેથી મોંની લાળ એમાં વધુ માત્રામાં મળી જાય. દૂધ, મઠો વગેરે બીજા પેય પદાર્થ પણ આવી રીતે ધીમે ધીમે પીવા જોઈએ.

(૧૦) ચા, તમાકુ, ભાંગ, અફીણ, ગાંજો, દારૂ વગેરે નશીલી વસ્તુઓથી; હિંગ, ગરમ મસાલા, મરચું વગેરે ઉત્તેજક ગરમ પદાર્થોથી તથા માંસ, માછલી, ઈંડા વગેરે અખાદ્ય વસ્તુઓથી બચતા રહેવું. આ વસ્તુઓ સ્વાસ્થ્યને બગાડનારી છે. એનો સંપૂર્ણ ત્યાગ કરવાનું શક્ય ન હોય તો જેટલી ઓછી થાય તેટલી ઓછી કરતાં જવું.

(૧૧) શક્ય હોય તો કપડાં ઓછાં પહેરવાં. જે પહેરો તે એકદમ ચુસ્ત ન હોવાં જોઈએ. શરીરને હંમેશાં વાયુનો સ્પર્શ થતો રહેવો જોઈએ. મોં ઢાંકીને સૂવું નહીં. ગાદલાંને તડકામાં તપાવતા રહેવું જોઈએ. પરસેવો લાગતાં શરીરને સ્પર્શ કરતાં કપડાં દરરોજ ધોવાં જોઈએ.

(૧૨) નબળા અને બીમાર લોકોએ બ્રહ્મચર્ય પાળવું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોઈએ, જેથી શક્તિસંચય થાય. કામસેવન જેટલું ઓછું તેટલું વધારે સારું.

(૧૩) રાત્રે વહેલા સૂવો, સવારે વહેલા ઊઠો. મોડી રાત સુધી જાગવું અને આંખોને જોર પડે તેવું કામ કરવું એ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે.

(૧૪) આળસ અને અતિ પરિશ્રમ બંને ખરાબ છે. વધારે મગજ કસવાનું કામ સ્વાસ્થ્ય પર ખરાબ અસર પાડે છે. ચિંતા, ક્રોધ, ભય, નિરાશા, શોક, બેચેની, ગભરાટ, ઈર્ષ્યા, દ્વેષ, છળ-કપટ વગેરે મનોવિકારોથી બચવું જોઈએ, કારણ કે જેના મગજમાં તે રહે છે એનું સ્વાસ્થ્ય ખલાસ કરી નાંખે છે.

(૧૫) અઠવાડિયામાં એક દિવસ ઉપવાસ કરવો જોઈએ. નિરાહાર રહેવું સૌથી સારું છે. ન બની શકે તો એક વખત ફળ, દૂધ, વગેરે હલકી વસ્તુઓ થોડી માત્રામાં લેવી એ ઉપવાસ છે. એ પણ ન થઈ શકે તો એક વખત થૂલી, ખીચડી, સાબુદાણા વગેરે પાણીમાં પકાવેલું અન્ન લઈ શકાય. ઉપવાસના દિવસે પાણી ખૂબ પીવું જોઈએ. જો ઇચ્છા હોય તો પાણીમાં લીંબુ કે મધ મેળવી શકાય છે.

(૧૬) એક એનિમા યંત્ર બજારમાંથી ખરીદી લેવું કે કોઈ વૈદ્ય-ડૉક્ટર પાસેથી માગી લાવવું. ઉપવાસના દિવસે સવારે શૌચક્રિયામાં ગયા પછી એક શેર થોડું નવશેકું પાણી એનિમા વડે પેટમાં ચઢાવવું. સીધા સૂઈને એનિમાની નળીને ગુદા માર્ગમાં લગાડવાથી પેટમાં પાણી પહોંચે છે. જ્યારે પાણી પેટમાં જઈ રહ્યું હોય ત્યારે પેટને ધીમે ધીમે મસળતા રહેવું. જેથી જામેલો મળ આ પાણીમાં ભળી જાય. બધું પાણી પેટમાં જતું રહે ત્યારે પાંચ-દસ મિનિટ એને રોકવું. પછી શૌચક્રિયા કરવી. આનાથી પેટની સફાઈ સરસ રીતે થાય છે. રોગોનાં મૂળ પેટમાં હોય છે. પેટ સાફ થવાથી બીમારી તરત ઘટી જાય છે અને ઉપવાસ કરવાથી તે તુરત જડમૂળથી નાબૂદ થાય છે. અઠવાડિયામાં એક દિવસ એનિમા લેવો અને ઉપવાસ કરવો એ સ્વાસ્થ્ય સારું રાખવાનો અનુભૂત ઉપાય છે. બીમાર લોકો ઉપવાસ-એનિમા કેટલાય દિવસ લગાતાર ચાલુ રાખી શકે તો તેનાથી એમનો રોગ જલદી મટી જશે.

(૧૭) નબળી અને બીમાર વ્યક્તિએ થોડો સમય પૂરો આરામ કરવા પ્રયત્ન કરવો જોઈએ. નિત્ય કામોમાં વધુ શક્તિ ખર્ચાય છે. એને બચાવવામાં આવે તો બચેલી શક્તિ રોગ દૂર કરવામાં મદદ કરે છે.

(૧૮) ખુલ્લી હવા અને ખુલ્લા પ્રકાશમાં રહેવું જોઈએ. રહેવાનું મકાન એવું હોવું જોઈએ, જેમાં ઉજાસ અને હવા સારી રીતે મળી શકે. સારાં હવાપાણીના સ્થાને રહેવાથી બગડેલું સ્વાસ્થ્ય પણ સુધરી જાય છે. શરીર, મન, વસ્ત્ર, ઘર, ભોજન, વાસણો તથા ઉપયોગી અન્ય વસ્તુઓની સફાઈ પર ધ્યાન રાખવું જોઈએ. ગંદકી સ્વાસ્થ્યની શત્રુ છે અને સફાઈ મિત્ર.

(૧૯) ચિત્તને પ્રસન્ન, ચહેરો હસમુખો, મગજ શાંત રાખવાનો વારંવાર પ્રયત્ન કરવો જોઈએ. દિવસમાં કેટલીયે વાર એવો પ્રયત્ન કરવામાં આવે તો, પ્રસન્ન રહેવાની ટેવ પડી જાય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ ઉપયોગી છે.

(૨૦) આજ સુધી જે મિથ્યા આહાર-વિહારની ટેવ રહી હોય, તે બધી દઢતાપૂર્વક છોડી દેવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ અને દરરોજ પરમાત્માને સાચા હૃદયથી પ્રાર્થના કરવી જોઈએ કે તે પ્રતિજ્ઞા પૂરી કરવામાં મદદરૂપ બને.

(૨૧) મનમાં ને મનમાં, મોંમાંથી શબ્દનું ઉચ્ચારણ કર્યા સિવાય દરરોજ ગાયત્રી મંત્રના જપ કર્યા કરો. એનાથી મોટું સંકટ દૂર થઈ જાય છે અને આનંદમય પરિસ્થિતિઓ પ્રાપ્ત થાય છે.

* * *


**ફાર્મ-૪**

| | |
|---|---|
| ૧ પ્રકાશનનુ સ્થાન | મથુરા |
| ૨. પ્રકાશનનો પ્રકાર | માસિક |
| ૩. મુદ્રકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ પ્રેસ, મથુરા |
| ૪. પ્રકાશકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૫. સંપાદકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૬. સત્વાધિકારી | યુગ નિર્માણ યોજનાં ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા |

હું લીલાપત શર્મા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતોવાળું નિવેદન મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચું છે.

પ્રકાશકની સહી-લીલાપત શર્મા





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચાર ક્રાંતિના દીપયજ્ઞોની હારમાળા ચાલે

સમર્પિત ભાવનાશીલ, પ્રતિભાશાળી બે લાખ પ્રાણવંત સાધક કાર્યકર્તાઓ દ્વારા બે કરોડ પ્રતિભાશાળીનું નવસર્જન હેતુ નિયોજન એ અમારું મૂળ લક્ષ્ય છે. આ જ અમારી ગુરુસત્તાને સાચી શ્રદ્ધાંજલિ પણ છે.

પૂજ્ય ગુરુદેવે આ વાત વારંવાર દોહરાવી છે કે સન્ ૨૦૦૦ ના અંત સુધી નવસર્જન અભિયાને દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર થઈ ગતિશીલ થવાનું છે. ક્ષેત્રના કાર્યકર્તાઓ પોતાના વ્યક્તિત્વ તથા સંગઠન બંનેને ધારણા કરતાં વધુ પ્રખર અને પ્રામાણિક બનાવે ત્યારે જ એ સ્થિતિ લાવી શકાય.

અમારા પુરુષાર્થનો મુખ્ય ઉદ્દેશ ગુરુસત્તા ઋષિસત્તાને સંતુષ્ટ કરવાનો છે, દુનિયાની વાહવાહ લૂંટવાનો નથી. કોઈપણ મોટા અભિયાનની સાથે પ્રચાર-પ્રદર્શન તથા સર્જન સંગઠન કોઈ ને કોઈ રૂપમાં જોડાયેલાં રહે છે. મનુષ્યની એક નબળાઈ એ છે કે એને પ્રચાર પ્રદર્શનમાં વધુ રસ પડે છે માટે તે એમાં એટલો લાગી જાય છે કે સર્જન સંગઠનને જરૂરી હોય એટલું મહત્ત્વ જ આપી શકતો નથી. અમારે આ ભૂલ કરવી નથી, થવા દેવી નથી. આપણે આપણા લક્ષ્ય પ્રત્યે જાગરૂક તથા કર્તવ્યપાલન માટે તત્પર અને સક્રિય રહેવું જ પડશે.

***સપ્ટેમ્બર ૯૯ના અખંડ જ્યોતિમાં લખ્યું છે :***

''જ્યાં ઘણા લોકો નેતા બને, જ્યાં ઘણાંની મહત્ત્વાકાંક્ષા, યશની લાલસા હોય, તે દળ છેવટે તો નાશ થઈને રહેશે.'' યુગ શિલ્પીઓએ સમયસર તે જોખમથી બચવું જોઈએ. આપણામાંથી કોઈપણ લોકેષણા, મોટાઈના મહત્ત્વાકાંક્ષી ન બની જાય. જે યુગશિલ્પી વિશ્વ વિનાશને રોકવા મથે છે, તે જો મહત્ત્વાકાંક્ષા અપનાવીને સાથીઓને પાછળ પાડશે, પોતાનો ચહેરો ચમકાવવા માટે પ્રતિદ્વંદ્વિતા ઊભી કરશે, તો તે પોતાના જ પગ પર કુહાડી મારશે અને આ મિશનને બદનામ, નષ્ટ-ભ્રષ્ટ કરીને રહેશે.

વીસમી સદીનો અંત અને એકવીસમી સદીનો પ્રારંભ-યુગ સંધિનો એવો અવસર છે જેને અભૂતપૂર્વ કહી શકાય. કદાચ ભવિષ્યમાં પણ એની પુનરાવૃત્તિ ક્યારેય નહીં થાય.

આ દિવસોમાં મહાવિનાશ અને મહાસર્જન સામસામાં ઊભાં છે. એમાંથી એકની પસંદગી સામૂહિક માનવચેતનાએ જ કરવી પડશે. એ ચેતના જેનું પ્રતિનિધિત્વ જાગ્રત અને શ્રેષ્ઠ પ્રતિભા કરી રહી છે. એવી પ્રતિભાઓ જે પ્રામાણિકતા અને પ્રખરતાથી યુક્ત હોય. એને જ યુગ સમન્વયના નિર્ણાયક પણ કહી શકાય.

વિનાશના દમન અને વિકાસના સર્જનના આ આપત્તિકાળમા મહાકાળે પ્રાણવાન પ્રતિભાઓને, જાગ્રત આત્માઓને સહયોગી અને સહભાગી બનાવવા આમંત્રણ મોકલ્યું છે. આળસુ અને કુસંસ્કારી એને વણ દેખી, વણ સુણી કરીને ઉપેક્ષા પણ કરી શકે છે, પણ જેના હૃદયમાં આદર્શોની ઉત્કૃષ્ટતા, દૂરદર્શી વિવેકશીલતા રહેલી છે, તે સમય ચૂકીને સદાય પસ્તાવાની ભૂલ કરતા નથી. મહત્ત્વપૂર્ણ અવસરોની અવગણના કરનારા જ અભાગિયા કહેવાય છે.

આ દિવસોમાં એવા મણિમુક્તાની શોધ થઈ રહી છે, જેનો સુગઠિત હાર યુગ ચેતનાની મહાશક્તિના ગળામાં પહેરાવી શકાય. આવા સુસંસ્કારીઓની શોધ યુગ નિમંત્રણ પહોંચાડીને થઈ રહી છે. જે જીવિત હશે, તે પાસું બદલશે અને ઊઠીને ઊભા થશે અને સંકટ સમયે શૌર્ય દર્શાવનાર સેનાપતિની જેમ પોતાને વિજયશ્રીની વરણીના અધિકારીના રૂપમાં જાહેર કરશે. કૃપણ અને કાયર જ કર્તવ્યોનો અવાજ સાંભળી કાંપે છે, ગભરાય છે અને કોઈ બખોલમાં પોતાનું મોં છુપાવવાનો પ્રયત્ન કરે છે. એક દિવસે એ પણ મરે છે, પણ ખેદ, પશ્ચાત્તાપ, કલંક, કાલિમા માથા પર લઇને.

જાગૃત આત્માઓ આ અવસરે પોતાની જવાબદારીઓ સંભાળે તે માટે એમને ખાણોમાં છુપાયેલાં મોતીઓની જેમ પ્રયત્નપૂર્વક શોધવામાં, જગાડવામાં અને બોલાવવામાં આવી રહ્યા છે. આ શોધખોળ માટે દીપયજ્ઞોની પવિત્ર જવાળા પ્રગટાવવામાં આવી છે. અંધારામાં ખોવાયેલી વસ્તુઓ દીવો કરીને જ શોધી શકાય છે. જન-જનને ખળભળાવનાર હારમાળાના સુવિસ્તૃત અને સુનિશ્ચિત અભિયાનની જેમ જ દીપયજ્ઞ અભિયાનને ચલાવવામાં આવી રહ્યું છે. ધાર્મિકતાના ભાવનાત્મક વાતાવરણમાં આવી શોધખોળ સ્વાભાવિક જ બની જાય છે.

દીપયજ્ઞોના પ્રકાશમાં જ્યોતિર્મય આત્માઓ ઊભરાતા ચમકતા નજરે પડશે અને પોતાને ઉપયુક્ત જગા ગ્રહણ કરશે. આવી આશા રખાઈ છે. મહાકાળનો આ શંખનાદ નિષ્ફળ જઈ શકે નહિ એ સાંભળીને મૂર્છિતોમાં પણ ચેતનાનો સંચાર થશે,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધ્યાનમાં રાખીને એક એવી યોજના છે જેનાથી અરાજકતા પણ ન ફેલાય અને અનિચ્છનીય તત્ત્વોને પરિવર્તન માટે વિવશ કરી શકાય. એના માટે જ્યાં સ્થાનિક વ્યક્તિગત અને સામૂહિક સંઘર્ષોનો ક્રમ ચાલશે ત્યાં સ્વયંસેવકોની એક વિશાળ ''યુગ સેના'' નું સંગઠન પણ કરવું પડશે, જે મોટામાં મોટો ત્યાગ બલિદાન કરીને અનૌચિત્ય સાથે ભારે ટક્કર લઈ શકે. ભાવિ મહાભારત આ પ્રકારનું જ હશે. એ સેનાઓથી નહીં મહામાનવો, લોકસેવકો અને યુગનિર્માતાઓ દ્વારા લડાશે. સતયુગ લાવતાં પહેલાં આવું મહાભારત અનિવાર્ય છે. અવતારોની શૃંખલા સર્જનની સાથે સાથે સંઘર્ષની યોજના પણ સદા સાથે લાવી છે. યુગ નિર્માણની લાલ મશાલનો નિષ્કલંક અવતાર આગામી દિવસોમાં આ ભૂમિકાનું સંપાદન કરે તો એમાં કોઈએ આશ્ચર્ય અનુભવવું જોઈએ નહીં.

પરિજનોએ પોતાના જન્મ-જન્માંતરોની એ શ્રેષ્ઠ સુસંકારિતાનું ચિંતન કરવું જોઈએ, જેની પરખ વડે એને મહાકાળે પોતાની માળામાં પરોવેલ છે. યુગનો પોકાર, જીવનના ઉદ્દેશની સાર્થકતા, ઈશ્વરની ઇચ્છા અને આ ઐતિહાસિક અવસરની સ્થિતિ મહામાનવની ભૂમિકાને ધ્યાનમાં રાખીને કાંઈક મોટાં પગલાં ભરવાની વાત વિચારવી જોઈએ. આ મોટા બલિદાનની અનેક દિશાઓ છે. જેને પૈસાથી, મગજથી, શ્રમ-બિંદુઓથી સીંચવું જોઈએ. જેની પાસે જે વિભૂતિઓ છે એને લઈને મહાકાળનાં ચરણોમાં હાજર થવું જોઈએ. લોભ-મોહના અજ્ઞાન અને અંધકારની તપસ્યાને ચીરતાં ચીરતાં આપણે આગળ વધવું જોઈએ અને આપણી પાસે જે હોય એનો ઓછામાં ઓછો ભાગ આપણા અને આપણા પરિવાર માટે રાખીને બાકીનાને વિશ્વ માનવના ચરણોમાં સમર્પિત કરવો જોઈએ.

***પરમપૂજ્ય ગુરુદેવની આકાંક્ષા :***

૪ ઓગસ્ટ, ૮૩ માં પ્રવચન માં કહ્યું હતું કે ''નયા વર્ગમાં, નવા ક્ષેત્રમાં જવા માટે આપ સૌ અમને મદદ કરો. શું કામ કરશો ? અમે એક ખૂબ શાનદાર ભવાની તલવાર કાઢી છે. આવી શાનદાર યોજના આજ સુધી દુનિયામાં બની નથી. શું બની છે ? અમે દરરોજ દરેક ભણેલા-ગણેલા લોકોને નિયમિતપણે વગર પૈસે યુગ સાહિત્ય વંચાવવાની યોજના બનાવી છે. આપ ભણેલા-ગણેલા માણસો સુધી અમારો અવાજ પહોંચાડી દેજો. લોકોને આપ એ ન કહેશો કે ગુરુજી મોટા સિદ્ધ પુરુષ છે. મોટા મહાત્મા છે અને બધાને વરદાન આપે છે, પરંતુ એવું કહેજો કે ગુરુજી એક એવી વ્યક્તિનું નામ છે, જેના પેટમાંથી આગ નીકળે છે, જેની આંખોમાંથી જ્વાળા નીકળે છે. આપ આવા ગુરુજીનો પરિચય કરાવજો, સિદ્ધ પુરુષનો નહીં. વિચારક્રાંતિ અભિયાનને અમે યુગ સાહિત્ય રૂપે લખવાનું શરૂ કર્યું છે અને દરેક માણસને સ્વાધ્યાય કરવા માટે લાચાર કરી દીધા છે. અમારા વિચારોને આપ વાંચો અને અમારી આગની ચિનગારીને જે પ્રજ્ઞા અભિયાન અંતર્ગત યુગ સાહિત્ય રૂપે લખવાનું શરૂ કર્યું છે, એનો લોકોમાં પ્રચાર કરો. આપની નજીકમાં જેટલા પણ માણસ હોય તેઓને અમારા વિચારથી વાકેફ કરો. આ કામ આપ આપનુ કામ કરતાં કરતાં પણ કરી શકો છો. આપ યુગ સાહિત્ય લઈને તમારા સર્કલમાં વંચાવવાનું શરૂ કરી દો, આપના પડોશીઓને વંચાવવાનું શરૂ કરી દો. એમને અમારા વિચારો આપો. અમને આગળ વધવા દો. સંપર્ક વધવા દો અને આપ અમારી મદદ કરો જેથી અમે એ વિચારશીલોની પાસે, શિક્ષિતોની પાસે જવામાં સમર્થ થઇ શકીએ. અમારા વિચારોને લોકોને વાંચવા દો. જે અમારા વિચાર વાંચી લેશે તે અમારા શિષ્ય છે. અમારા વિચાર ખૂબ તેજ છે, તીખા છે. અમારી બધી શક્તિ અમારા વિચારોમાં સીમાબદ્ધ છે. દુનિયાને બદલી નાંખવાનો અમે જે દાવો કરીએ છીએ, તે સિદ્ધિઓથી નહીં, અમારા મજબૂત વિચારોથી કરીએ છીએ. આપ આ વિચારોનો પ્રચાર કરવામાં અમને મદદ કરજો. હવે અમારે નવી પેઢી જોઈએ. એ માટે આપ ભણેલા-ગણેલા વિચારશીલો પાસે જાઓ, એમના ઘેર જાઓ. ખુશામત કરો. એમનો જન્મદિવસ ઉજવો. દરવાજો ખખડાવો અને અમારી વિચારધારા એમના સુધી પહોંચાડો.''

પૂજ્ય ગુરુદેવની વિચારધારા વ્યક્તિએ વ્યક્તિ સુધી પહોંચાડવા માટે જ મહાકાળની પ્રેરણાથી યુગ ચેતના સાહિત્યની પુસ્તિકાઓ-વર્તમાન સળગતી સમસ્યા પર નાની નાની ૧૬ પાનાંની ૨૨૦ પુસ્તિકાઓ પ્રકાશિત થઈ ચૂકી છે, જેનું મૂલ્ય ૩૦ પૈસા છે. આ સાહિત્ય કિંમત તેમજ સુંદરતાની દૃષ્ટિએ જ શ્રેષ્ઠ નથી, પરંતુ એવી પ્રબળ પ્રેરણાઓથી ભરપૂર છે કે જેમાં એક ઘૂંટડો પીતાં જ નસોમાં વીજળી દોડવા લાગે છે. કાંઈક કરવા માટે હાથ સળવળવા લાગે અને પરિવર્તનનું વાતાવરણ બનાવનારી પ્રવૃત્તિઓ ઉછળવા લાગે. એને દરેક શિક્ષિતોને વંચાવવાની યોજના છે. સાથે એ પણ પ્રયાસ છે કે જે ભણેલા છે તે અશિક્ષિતોને વાંચી સંભળાવે અથવા સારાંશ બતાવે. આ રીતે જે આગામી દિવસે વિચારવાનું અને કરવાનું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધ્યાનમાં રાખીને એક એવી યોજના છે જેનાથી અરાજકતા પણ ન ફેલાય અને અનિચ્છનીય તત્ત્વોને પરિવર્તન માટે વિવશ કરી શકાય. એના માટે જ્યાં સ્થાનિક વ્યક્તિગત અને સામૂહિક સંઘર્ષોનો ક્રમ ચાલશે ત્યાં સ્વયંસેવકોની એક વિશાળ ''યુગ સેના'' નું સંગઠન પણ કરવું પડશે, જે મોટામાં મોટો ત્યાગ બલિદાન કરીને અનૌચિત્ય સાથે ભારે ટક્કર લઈ શકે. ભાવિ મહાભારત આ પ્રકારનું જ હશે. એ સેનાઓથી નહીં મહામાનવો, લોકસેવકો અને યુગનિર્માતાઓ દ્વારા લડાશે. સતયુગ લાવતાં પહેલાં આવું મહાભારત અનિવાર્ય છે. અવતારોની શૃંખલા સર્જનની સાથે સાથે સંઘર્ષની યોજના પણ સદા સાથે લાવી છે. યુગ નિર્માણની લાલ મશાલનો નિષ્કલંક અવતાર આગામી દિવસોમાં આ ભૂમિકાનું સંપાદન કરે તો એમાં કોઈએ આશ્ચર્ય અનુભવવું જોઈએ નહીં.

પરિજનોએ પોતાના જન્મ-જન્માંતરોની એ શ્રેષ્ઠ સુસંકારિતાનું ચિંતન કરવું જોઈએ, જેની પરખ વડે એને મહાકાળે પોતાની માળામાં પરોવેલ છે. યુગનો પોકાર, જીવનના ઉદ્દેશની સાર્થકતા, ઈશ્વરની ઇચ્છા અને આ ઐતિહાસિક અવસરની સ્થિતિ મહામાનવની ભૂમિકાને ધ્યાનમાં રાખીને કાંઈક મોટાં પગલાં ભરવાની વાત વિચારવી જોઈએ. આ મોટા બલિદાનની અનેક દિશાઓ છે. જેને પૈસાથી, મગજથી, શ્રમ-બિંદુઓથી સીંચવું જોઈએ. જેની પાસે જે વિભૂતિઓ છે એને લઈને મહાકાળનાં ચરણોમાં હાજર થવું જોઈએ. લોભ-મોહના અજ્ઞાન અને અંધકારની તપસ્યાને ચીરતાં ચીરતાં આપણે આગળ વધવું જોઈએ અને આપણી પાસે જે હોય એનો ઓછામાં ઓછો ભાગ આપણા અને આપણા પરિવાર માટે રાખીને બાકીનાને વિશ્વ માનવના ચરણોમાં સમર્પિત કરવો જોઈએ.

***પરમપૂજ્ય ગુરુદેવની આકાંક્ષા :***

૪ ઓગસ્ટ, ૮૩ માં પ્રવચન માં કહ્યું હતું કે ''નયા વર્ગમાં, નવા ક્ષેત્રમાં જવા માટે આપ સૌ અમને મદદ કરો. શું કામ કરશો ? અમે એક ખૂબ શાનદાર ભવાની તલવાર કાઢી છે. આવી શાનદાર યોજના આજ સુધી દુનિયામાં બની નથી. શું બની છે ? અમે દરરોજ દરેક ભણેલા-ગણેલા લોકોને નિયમિતપણે વગર પૈસે યુગ સાહિત્ય વંચાવવાની યોજના બનાવી છે. આપ ભણેલા-ગણેલા માણસો સુધી અમારો અવાજ પહોંચાડી દેજો. લોકોને આપ એ ન કહેશો કે ગુરુજી મોટા સિદ્ધ પુરુષ છે. મોટા મહાત્મા છે અને બધાને વરદાન આપે છે, પરંતુ એવું કહેજો કે ગુરુજી એક એવી વ્યક્તિનું નામ છે, જેના પેટમાંથી આગ નીકળે છે, જેની આંખોમાંથી જ્વાળા નીકળે છે. આપ આવા ગુરુજીનો પરિચય કરાવજો, સિદ્ધ પુરુષનો નહીં. વિચારક્રાંતિ અભિયાનને અમે યુગ સાહિત્ય રૂપે લખવાનું શરૂ કર્યું છે અને દરેક માણસને સ્વાધ્યાય કરવા માટે લાચાર કરી દીધા છે. અમારા વિચારોને આપ વાંચો અને અમારી આગની ચિનગારીને જે પ્રજ્ઞા અભિયાન અંતર્ગત યુગ સાહિત્ય રૂપે લખવાનું શરૂ કર્યું છે, એનો લોકોમાં પ્રચાર કરો. આપની નજીકમાં જેટલા પણ માણસ હોય તેઓને અમારા વિચારથી વાકેફ કરો. આ કામ આપ આપનુ કામ કરતાં કરતાં પણ કરી શકો છો. આપ યુગ સાહિત્ય લઈને તમારા સર્કલમાં વંચાવવાનું શરૂ કરી દો, આપના પડોશીઓને વંચાવવાનું શરૂ કરી દો. એમને અમારા વિચારો આપો. અમને આગળ વધવા દો. સંપર્ક વધવા દો અને આપ અમારી મદદ કરો જેથી અમે એ વિચારશીલોની પાસે, શિક્ષિતોની પાસે જવામાં સમર્થ થઇ શકીએ. અમારા વિચારોને લોકોને વાંચવા દો. જે અમારા વિચાર વાંચી લેશે તે અમારા શિષ્ય છે. અમારા વિચાર ખૂબ તેજ છે, તીખા છે. અમારી બધી શક્તિ અમારા વિચારોમાં સીમાબદ્ધ છે. દુનિયાને બદલી નાંખવાનો અમે જે દાવો કરીએ છીએ, તે સિદ્ધિઓથી નહીં, અમારા મજબૂત વિચારોથી કરીએ છીએ. આપ આ વિચારોનો પ્રચાર કરવામાં અમને મદદ કરજો. હવે અમારે નવી પેઢી જોઈએ. એ માટે આપ ભણેલા-ગણેલા વિચારશીલો પાસે જાઓ, એમના ઘેર જાઓ. ખુશામત કરો. એમનો જન્મદિવસ ઉજવો. દરવાજો ખખડાવો અને અમારી વિચારધારા એમના સુધી પહોંચાડો.''

પૂજ્ય ગુરુદેવની વિચારધારા વ્યક્તિએ વ્યક્તિ સુધી પહોંચાડવા માટે જ મહાકાળની પ્રેરણાથી યુગ ચેતના સાહિત્યની પુસ્તિકાઓ-વર્તમાન સળગતી સમસ્યા પર નાની નાની ૧૬ પાનાંની ૨૨૦ પુસ્તિકાઓ પ્રકાશિત થઈ ચૂકી છે, જેનું મૂલ્ય ૩૦ પૈસા છે. આ સાહિત્ય કિંમત તેમજ સુંદરતાની દષ્ટિએ જ શ્રેષ્ઠ નથી, પરંતુ એવી પ્રબળ પ્રેરણાઓથી ભરપૂર છે કે જેમાં એક ઘૂંટડો પીતાં જ નસોમાં વીજળી દોડવા લાગે છે. કાંઈક કરવા માટે હાથ સળવળવા લાગે અને પરિવર્તનનું વાતાવરણ બનાવનારી પ્રવૃત્તિઓ ઉછળવા લાગે. એને દરેક શિક્ષિતોને વંચાવવાની યોજના છે. સાથે એ પણ પ્રયાસ છે કે જે ભણેલા છે તે અશિક્ષિતોને વાંચી સંભળાવે અથવા સારાંશ બતાવે. આ રીતે જે આગામી દિવસે વિચારવાનું અને કરવાનું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે, એની ચેતના અને પ્રેરણા જન-જનને મળવા લાગશે.

આપણા સમયની સૌથી મહત્ત્વપૂર્ણ જરૂરિયાત એ છે કે યુગ આલોક ઘેર-ઘેર, માણસે-માણસે પહોંચાડવામાં આવે. આ એક વ્યક્તિનું કામ નથી. એને યુગ શિલ્પીઓનો દેવ સમુદાય જ સંપન્ન કરી શકે છે. પુણ્યફળ ધનના સ્વરૂપ પર આધારિત નથી, પરંતુ એ વાત પર આધારિત છે કે એની પ્રતિક્રિયા અને પરિણામ શું આવ્યું ? એ દષ્ટિએ આલોક વિતરણનું કાર્ય એટલું ઊંચું અને એટલું મહત્ત્વપૂર્ણ છે કે એના ઉપર પુણ્ય પરમાર્થના નામે ચાલતી મુશ્કેલીઓના ગંજાવર ઢગને ન્યોંછાવર કરીને ફેંકી શકાય છે.

વર્ષ ૨૦૦૧ને યુગ ચેતના અવતરણના હીરક જયંતી વર્ષ રૂપે મનાવવાનું છે. યુગ ચેતનાના સર્જન સહયોગી બનવાની સાધનામાં આપણે કાંઈક સુનિશ્ચિત લક્ષ્ય બનાવીને લાગી જવું પડશે.

આપણા બધાનું લક્ષ્ય છે કે બે કરોડ સાધકને બે લાખ પ્રચારકોના માધ્યમ દ્વારા બનાવી સંગઠિત કરવાના છે. માટે આપણે બધાએ સંગઠનમાં જોડાવું જોઈએ, ત્યારે જ સપ્ત આંદોલન અને બીજાં બધાં રચનાત્મક કાર્યો સફળ થશે. યુગ નિર્માણ માટે વ્યક્તિત્વશાળી આત્માઓ ઊભરી આવશે.

બધા પ્રચારક પોત-પોતાના નજીકના ક્ષેત્રમાં, વાડામાં, મહોલ્લામાં, કોલોનીઓમાં ૧૦૦-૧૦૦ નવા સાધક બનાવી અન્યોન્ય સહયોગથી અનુદાન એકત્રિત કરીને દીપયજ્ઞનું આયોજન કરીને પોતાની શાખા પ્રજ્ઞામંડળ બનાવી લે. અંદરોઅંદર પાંચ સક્રિય ભાઈઓ મળીને ૧૦૦ વ્યક્તિઓમાં તમામ કાર્યક્રમ કરતા રહો. ઓછામાં ઓછા ૨૫૦૦ રૂપિયાના ૧૦,૦૦૦ યુગ ચેતના સાહિત્ય મંગાવીને જ્ઞાનયજ્ઞ પ્રસાદ રૂપે જન-જનમાં વિતરણ કરો. તમામ દીપયજ્ઞના ભાગીદાર ૧૦૦ સાધકોને એમની શક્તિ મુજબ મિશનના ત્રણે સામયિકોના સભ્ય બનાવી લો. જેથી નિયમિત વિચારધારા બધા સાધકોને મળતી રહે. જે સાધક ત્રણેય સામયિકોના સભ્ય ન બની શકે તે ત્રણ સભ્યો મળી એક એક સામયિકના સભ્ય બની અંદરોઅંદર વાંચતા રહે. માસિક અંશદાન શક્તિ પ્રમાણે ન્યૂનતમ માસિક ૩૦ રૂપિયા જ્ઞાનયજ્ઞમાં આપવાનો સંકલ્પ કરે. એનું સાહિત્ય લઈને ઘેર ઘેર જ્ઞાનમંદિરની સ્થાપના કરીને ફરતું પુસ્તકાલય ચલાવવાનો સંકલ્પ લઈ ભણાવો કે યુગચેતના સાહિત્ય લઈને વિતરણ કરતા રહો. સાત આંદોલનો વિશે 'ક્રાંતિની રૂપરેખા' પુસ્તક તમામ સાધકો વાંચે અને આત્મા જે આંદોલન ચલાવવાની સંમતિ આપે, તે પોતાના ખાસ મિત્રોને આંદોલનની વિચારધારા વંચાવીને પોતાની ટુકડી બનાવીને 'યુગ સેના' રચી લે અને પોતાની શાખા અંતર્ગત બધાં કાર્ય પરસ્પર સહકારથી કરતા રહે. યુગ નિર્માણ યોજના માસિકમાં કયું કયું કાર્ય ક્યારે, કેવી રીતે, શા માટે કરવાનું છે એ વિચાર પ્રકાશિત થતા રહેશે. માટે દરેક સાધકે યુગ નિર્માણ યોજના જરૂર વાંચવું જોઈએ, જેથી બધી જાણકારી મળતી રહે.

દરેક આંદોલનની વિચારધારા જન-જન સુધી પહોંચાડવા માટે ૧=૫૦ રૂપિયાની સિરીઝ માં ૧૭૬ પુસ્તકોનો સેટ તૈયાર થઈ ગયો છે. તે દરેક યુગ સૈનિકની પાસે હોવો જરૂરી છે, જેથી તે આંદોલનોના સંચાલન વિશે જનમત તૈયાર કરી શકે. આ મુજબ જે સેટોના પુસ્તકોનું વિતરણ કરવા માંગો તે જ મંગાવીને વિતરણ કરી શકો છો. અંદરોઅંદર ધનસંચય કરીને પુસ્તકો ઝડપથી ઓર્ડર આપી મંગાવી લો. કારણ કે નાની પુસ્તિકા હોવાથી છાપવામાં અને તૈયાર કરવામાં વાર લાગે છે. આયોજન વખતે મંગાવવાથી હાજર સ્ટોક નહીં હોવાથી મળવામાં મુશ્કેલી રહેશે. સમર્થ ઉદાર દાનદાતાઓથી યુગ ચેતના સાહિત્ય વધુ સંખ્યામાં વિતરિત કરવા માટે હજાર દીઠ રૂ. ૨૫૦ના ભાવે ધનસંચય કરીને વધુમાં વધુ પુસ્તકો દાનદાતાઓના માધ્યમ દ્વારા કે પોતાના કાર્યકર્તાઓ દ્વારા જન-જનમાં વિતરણ કરાવી શકો છો. ૨૪,૦૦૦, ૫૦,૦૦૦, ૧,૦૦,૦૦૦ પુસ્તકોના વિતરણ માટે રૂ. ૬૦૦૦, રૂ. ૧૨,૫૦૦ અને રૂ. ૨૫,૦૦૦નો સંગ્રહ થવાથી વિતરણ કરાવી શકો છો. દીપયજ્ઞમાં દીવાની સંખ્યા અને પ્રદર્શન પર વધારે ખર્ચ ન કરતાં જ્ઞાનયજ્ઞમાં વધુમાં વધુ સંખ્યામાં યુગ ચેતના સાહિત્ય વિતરણ કરો. આ તમામ પરિજનોને ભાવભરી વિનંતી છે. પૂજ્ય ગુરુદેવની આકાંક્ષા દરેક ગામમાં, દરેક વોર્ડ, દરેક કોલોનીમાં દીપયજ્ઞ થાય અને વિચારક્રાંતિ અભિયાનની સફળતા માટે જ્ઞાનયજ્ઞમાં વધારેમાં વધારે પુસ્તકોનું વિતરણ થાય એવી છે. બે લાખ પ્રચારકો પોતાના પ્રયાસથી ૧-૧ દીપયજ્ઞ, જ્ઞાનયજ્ઞનું આયોજન કરે તો બે લાખ પ્રજ્ઞામંડળોની સ્થાપના સહેલાઈથી થઈ શકે છે. સામાયિકના વાંચકો પણ વધશે. પૂજ્ય ગુરુદેવની આકાંક્ષા પર આપણે બધા ખરા ઊતરીશું, તેથી અનુદાન વરદાનના રૂપમાં આત્મતુષ્ટિ અને લોકસન્માન પણ મળશે.

❀ ❀ ❀



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાળ-નિર્માણ

# આપની ફૂલવાડી મનોરમ થાઓ

બાળકો જે રાષ્ટ્રની ભાવિ આશા છે એમનો વિકાસ થઈ શકે, એવા મહાન કાર્યમાં મદદ કરવી એ પ્રત્યેક નાગરિકનું સાધારણ કર્તવ્ય છે, પણ જન્મદાતા માતા-પિતા પર એની જવાબદારીનો વધુ ભાર રહે છે. એ ભાવિ નાગરિકોનો જીવનપથ પ્રશસ્ત થાય, તે પોતાના માતા-પિતા પાસેથી યોગ્ય ભાથું મેળવી શકે, એ એમનો જન્મસિદ્ધ અધિકાર છે અને એના માતા-પિતાની એમનાં બાળકો તથા રાષ્ટ્ર પ્રત્યેની એક મહાન સેવા છે.

ક્રોધાવેશના ખીજભર્યાં કડવાં વચનો એ કોમળ માખણ જેવાં હૃદયો પર ભયાનક આઘાત કરીને એની આશા તથા ઉત્સાહને કચડી નાંખે છે, પરિણામે તે ભાવિ નાગરિકો નિરાશા અને હીનતાના તીવ્ર ભાવાવેશથી પીડાઈને જીવનમાં કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય કરવા લાયક સાહસ, ઉત્સાહ તથા ધૈર્ય બતાવી શકતાં નથી. અશાંતિના ખોળામાં જ તેઓ પોતાના જીવનની બાકીની ઘડીઓ પોતાને અયોગ્ય માનીને કોઈ ને કોઈ રીતે પસાર કરે છે અથવા આ વિદ્રોહ સમાજ વિરોધી કાર્યોમાં ફાટી નીકળે છે. સમાજ એમને કયારેય પણ સારા માની શકશે જ નહીં તો તેઓ સારા બનવાનો વ્યર્થ પ્રયત્ન જ શા માટે કરે ? એ તો એવાં જ કામ કરશે, જેને સમાજ ખરાબ માને છે. સમાજ એમને રોકી તો જુએ, એવો પડકાર આપીને તેઓ પોતાની મોટાઈની ભાવના અનુભવે છે.

આ બંને રસ્તા પોતાના જીવનની સુખશાંતિને મટાડવાના રસ્તા છે, જેને કોઈપણ લાચાર બનીને સ્વીકારે છે અને એની જવાબદારી માતા-પિતા તથા ગુરુ પર રહે છે.

કહેવાનો આશય એ છે કે ભાવનાઓને દબાવવાનો કેવો કુપ્રભાવ એ નાનાં-નાનાં ફૂલો પર પડે છે. છતાં આપ પાસેથી ઉપયુકત સહાયતા મેળવીને જગત રૂપી બગીચાને સુગંધિત બનાવી શકે.

નાનપણમાં ત્રણ ભવાનાઓ વિશેષ રૂપે રહે છે. (૧) જિજ્ઞાસા, (૨) કાર્ય કરવાની તીવ્ર ઇચ્છા, (૩) પ્રશંસા મેળવવાની લાલસા. જે લાગણીશીલ બુદ્ધિમાન માતા-પિતા પોતાના લાડકવાયાની આ મુખ્ય પ્રવૃત્તિઓને ક્રોધ અથવા ઉપેક્ષા વડે કચડતા નથી પરંતુ એનો સદુપયોગ કરે છે, એમનાં જ બાળકો કાર્ય-કુશળ, બુદ્ધિમાન, આત્મ-વિશ્વાસવાળાં, કર્તવ્યનિષ્ઠ, પ્રશંસાપાત્ર, ધીરજવાળાં, સાહસિક તેમજ દૃઢ વિચારોવાળાં થાય છે. જો બાળક તમને કોઈ પણ વિષયમાં પ્રશ્ન પૂછે તો એને ઝાટકી ન નાંખશો કે એની મજાક ન ઉડાવશો. જો પ્રશ્ન કોઈ અઘરા વિષય પર હોય અને તે ઝડપભેર એને ન સમજી શકે તો પણ ચિડાશો નહીં, જેટલું સમજાવી શકો તેટલું પ્યારથી સમજાવો અને કહેશો કે જ્યારે હજી થોડો મોટો થઈશ ત્યારે તું આ આનાર્થો પણ વધુ સારી રીતે સમજી શકીશ. અગર જે વખતે આપને પ્રશ્ન પૂછે, ત્યારે તમારી પાસે સમય ન હોય, તો એને પ્રેમપૂર્વક જ કહેજો કે અમુક સમયે હું તને આ વિષય પર સમજાવીશ, પછી તમારો વાયદો ચોક્કસ પૂરો કરો, જેનાથી બાળક પણ આપની જેમ બહાનાં બતાવવાનું શીખી ન જાય.

જો બાળક કોઈક કામ પોતાની જાતે કરવા ઇચ્છે તો એને રોકો નહીં, પરંતુ એને મદદ કરજો. એને સરસ રીતે કરવાનું ધીરજપૂર્વક અને પ્રેમપૂર્વક શીખવાડજો. જો કામ જોખમવાળું હોય જેમકે આગ, ચપ્પુ વગેરે સંબંધિત હોય તથા જો બાળક સમજી શકતું હોય તો ના એને યુક્તિપૂર્વક મધુર


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાવથી એને સમજાવી દેશો, નહીં તો કોઈ બીજી પ્રિય વસ્તુ આપી મનાવી લેશો. જો હજી થોડો વધારે સમય હોય તો આપની સામે જ સાવધાનીપૂર્વક એને એનો ઉપયોગ કરવાનું બતાવજો, એમાં કશું જોખમ હશે નહીં, પણ બાળકનો આત્મવિશ્વાસ તથા ઉત્સાહ જરૂર વધશે.

જો બાળકમાં કામ કરવાની વૃત્તિ થોડી ઓછી હોય તો પણ ધીમે ધીમે અને નાનાં-નાનાં કામોનું મધુરતાપૂર્વક શિક્ષણ આપો. જેમકે પોતાના બૂટની દોરી બાંધવી, બૂટ પહેરવા, ખાવું, પાણી પીવું, મ્હોં ધોવું વગેરે. જો હજી થોડું મોટું હોય તો પોતાનાં નાના ભાઈ-બહેનની સંભાળ રાખવાનું કામ પણ એની દિલચશ્પી એમાં જન્માવી શકે. એટલી હદ સુધી સોંપાય છે. કોઈ પણ કામ લાચાર બનીને કઠોરતાપૂર્વક ન કરાવવું જોઈએ જેનાથી ખરાબ સંસ્કાર પડે.

જે બાળકો નાનપણથી જ ધીમે ધીમે કામ કરવાના અભ્યાસુ હોય છે, એને પછી નાગરિક બનાવવામાં કોઈ પણ મુશ્કેલી પડતી નથી, પરંતુ તે પ્રત્યેક કાર્યને પ્રસન્નતાથી સહેલાઈથી કરી લે છે. અમે બે છોકરીઓને જોઈ છે, જેમાંથી એકની માએ તો નાનપણથી જ એને તમામ ઘરકામ કરવાની ટેવ પાડી હતી અને બીજીની માએ લાડ-પ્યારના કારણે કોઈ કામ કરાવ્યું નહીં. પેલી કાર્યશીલ તો ટેવ પ્રમાણે પોતાના સાસરામાં પણ બધું કામ હસતાં હસતાં તેમજ સરસ રીતે કર્યા કરતી હતી. તમામ પરિવારના લોકો એનાથી ખુશ ખુશ હતા અને બીજી બિચારી સાસરામાં આખો દિવસ કામમાં રચીપચી રહે તો પણ ટેવ ન હોવાથી એનાથી કામ સારું થતું જ નહીં. બીજું આત્મવિશ્વાસ તથા ઉત્સાહ નહીં હોવાથી તે ઝડપભેર કરી શકતી પણ નહોતી. આખું ઘર એનાથી અસંતુષ્ટ હતું અને તે પોતાનું જીવન ભારરૂપ માનતી હતી.

આ રીતે જે છોકરા પણ નાનપણથી કામ કરવામાં રત હોય, એમની કાર્યશીલતા વ્યસ્ક થતાં પણ સતત અભ્યાસ તથા શક્તિ વધવાને કારણે વધી જાય છે. એને ક્યારેય કામ કરવું ખટકતું નથી, પરંતુ આનંદપૂર્વક સહજભાવે જ કરે છે.

કોઈ પણ સારું કામ બાળક કરે તો વખાણ કરી એને જરૂર પ્રોત્સાહિત કરીએ અને એની યોગ્યતા તથા શક્તિ અનુસાર સારાં કાર્યો તરફ એનું ધ્યાન આકર્ષિત કરવું જોઈએ. એને પુરસ્કાર પણ આપી શકાય છે. પણ બાળકના મન પર કાર્યને બદલે પુરસ્કારનું જ મહત્ત્વ વધુ ગંભીર અસર ન કરે એનું ધ્યાન રાખશો.

આપના પરિવાર રૂપી ફૂલવાડીના માળી આપ જ છો, દરેક ઝાડ, છોડને યોગ્ય, માપસર અને નિયત સ્થળે હૃદયપ્રેરક ઢંગથી રાખશો. દર્શકોની દૃષ્ટિમાં એને પ્રશંસિત રાખવાની જવાબદારી આપ પર જ છે, એનું સારી રીતે ધ્યાન રાખશો.

જીવનની એક એક ક્ષણ કીમતી છે. દરેક વીતેલી ક્ષણની ક્ષતિ પૂરી કરી શકાતી નથી, કોઈક આવતી ક્ષણને વ્યર્થ કરી શકાતી નથી. લક્ષ્યની દિશામાં જ પ્રયુક્ત કરેલી ક્ષણ સાર્થક તથા સહયોગી બની શકે છે નહીં તો જીવનના પચાસ-સો વર્ષ શું, હજાર અને લાખ વર્ષ પણ નિરર્થક અને નિરુપયોગી જ સિદ્ધ થાય છે.

મનુષ્ય શરીર, બળ, બુદ્ધિ, ધન, વૈભવ, યશ, ઐશ્વર્ય અથવા પદ પ્રતિષ્ઠાના ક્ષેત્રમાં હિમાલયની જેમ ઊંચો અને સાગરની જેમ ઊંડો કેમ ન થાય, પરંતુ જ્યાં સુધી એનામાં આત્મસંપત્તિનો અભાવ છે, આધ્યાત્મિક ચેતનાની જરૂરિયાત છે, ત્યાં સુધી તેને નિર્ધન અને નિમ્નકોટિનો જ માનવામાં આવશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દેવ સંસ્કૃતિનો વારસો છે, આવા અધ્યાત્મવેત્તા

સાધારણ વેશમાં તેઓ અસાધારણ હતા. આ અસાધારણતા તેમની કઠોર તપ-સાધના વડે ઊપજી, વિકસી અને ખીલી ઊઠી હતી. મહાવીર હનુમાન તેમના આદર્શ અને આરાધ્ય હતા. રામ નામ તેમનું સર્વસ્વ હતું. તેઓ ગમે ત્યાં, ગમે તે સ્થિતિમાં હોય, પ્રત્યેક શ્વાસ સાથે તેઓનો નામ-જપ ચાલતો રહેતો. તેઓ કહેતા, 'ઉપાસના મહાવીર-હનુમાન જેવી હોય.' હનુમાને કરી હતી એવી સાધના હોવી જોઈએ. આરાધનાનું મૂર્તરૂપ મારા આરાધ્ય હનુમાન સિવાય વળી બીજું કોણ હોઈ શકે. મહાવીર હનુમાનની ઉક્તિ-'રામ કાજુ કીન્હે બિનુ મોહિં કહાં વિશ્રામ,' એ જ તેમને મન આદર્શ વચન હતાં. સાચે જ તેઓ ક્યારેય નિરાંતે નહોતા બેસતા. હંમેશાં અથકપણે આત્મકલ્યાણ અને લોકકલ્યાણમાં જ રત રહેતાં.

વહેલી પરોઢે, બે-અઢી વાગે ઊઠીને સ્નાનાદિ ક્રિયાઓ પછી તે રામનામનાં જપમાં તલ્લીન થઈ જતા. તેમની આ ધ્યાન-નિમગ્નતા બપોરના બાર વાગ્યા સુધી અવિરામ ચાલતી રહેતી. બાર વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી રોજિંદાં કામો પતાવતાં. ક્યારેક કોઈ દુ:ખી-પીડિત પ્રાણીની સેવા સહાય કરતા. તેમના આ સેવા સહાયના કામમાં નાત-જાત, નર-નારી કે નીચ-ઉચ્ચનો કોઈ ભેદ ન રહેતો. 'સિય રામ મય સબ જગ જાની'-ના ભાવમાં વિભોર થઈ તેમણે જનસેવાને જ પ્રભુસેવા માની લીધી હતી. સેવાની પળેપળ તેમના મહત્ભાવ સાથે જોડાઈ મહત બની રહેતી.

બપોરના ત્રણ વાગ્યા બાદ ફરીથી રામનામ જપ અને ધ્યાનની એ જ નિમગ્નતાનો પ્રારંભ થતો, જે રાત્રીના બાર વાગ્યા સુધી અબાધિતપણે ચાલતી રહેતી. રાત્રે થોડાક સમયની યોગનિદ્રામાંથી જ તેઓ પૂરતી વિશ્રાંતિ મેળવી લેતા. સોળ વર્ષની કિશોરાવસ્થાથી શરૂ થયેલ આ ક્રમ ચાળીસ વર્ષની પ્રૌઢ વય સુધી ચાલતો રહ્યો. અઠવાડિયા દરમિયાન માત્ર મંગળવારે એક ટાણે લેવાતો ફળાહાર જ તેમના ધારણ શરીરનો આધાર હતો. તપના કઠોર અનુબંધો વડે તેઓના દેહ-મન-પ્રાણને તપાવતા જોઈને સામાન્ય જનો ચકિત થઈ રહેતાં. તેમના પ્રત્યે સ્વાભાવિકપણે જ બધાંની શ્રદ્ધા ઊભરાઈ જતી. પણ તેઓ આ બધાથી બેખબર હતાં. તેઓને ખબર હતી માત્ર પોતાના આરાધ્યની. તેમના અસ્તિત્વનું અણુએ અણુ પવનપુત્ર હનુમાનને સમર્પિત થઈ રહ્યું હતું.

બજરંગીબલી પણ પોતાના આ અનન્ય ભક્તની નિષ્ઠા ઉપર કૃપાળુ થયા વિના ન રહી શક્યા. તેઓ પોતાના આ ભક્ત સમક્ષ પ્રત્યક્ષ થયા અને તેને વરદાન માંગવા કહ્યું. પોતાના આરાધ્યની આજ્ઞા હતી, એટલે તેઓએ માત્ર આટલું જ માંગ્યું-'હે મહાવીર મારુતિ. આપ તો સાધુ-સંતોના રખેવાળ છો જ. મુજ પર પણ જ્યારે કષ્ટ આવી પડે ત્યારે બચાવી લેજો. પ્રભુ ! હું પણ આપના આદર્શોને અનુસરી શકું, આત્મકલ્યાણ અને લોકકલ્યાણમાં મગ્ન રહી શકું, તેટલું સામર્થ્ય આપજો.' માથે હાથ મૂકીને પવનપુત્ર હનુમાને તેમને અમોઘ આશિષ આપ્યા અને સાથે જ અષ્ટસિદ્ધિનું વરદાન પણ આપી દીધું.

આ મહા સાધકે જ્યારે પોતાના ગુરુદેવ અદ્વૈતભારતી સાથે આ અંગે વાત કરી ત્યારે સમર્થ ગુરુદેવે માત્ર એટલું જ કહ્યું, 'પુત્ર ! લોકપ્રિયતા અને ધન મેળવવા માટે ક્યારેય આનો ઉપયોગ ન કરતો. તેઓએ તેમને સમજાવતાં કહ્યું, 'બેટા આનંદભારતી ! જીવનનાં પ્રત્યેક સામર્થ્યનો સદુપયોગ લોકસેવામાં છે. લોકસેવા જ પ્રભુસેવા છે. આ સત્યને પ્રત્યેક ક્ષણે સ્મરણમાં રાખજે.' આનંદભારતી શિષ્ય હતા. તેમણે ગુરુદેવને સિદ્ધિનાં સદુપયોગનું વચન આપીને સંતોની એક મંડળી સાથે લઈને પદયાત્રા વડે તીર્થભ્રમણ કરવા નીકળી પડ્યા, તેમની મંડળી કાશીની યાત્રા સંપન્ન કરી ફરી પાછી કલકત્તા આવી ગઈ.

આ જ અરસામાં ઈ.૧૮૫૭ની ક્રાંતિ નિષ્ફળ ગઈ હતી, જોકે આટલો ફેર અવશ્ય પડ્યો હતો કે હવે સત્તા ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હાથમાં ન રહેતાં સીધી બ્રિટિશ શાસન હસ્તક આવી ગઈ હતી, ૧૮૫૭ના જ વર્ષમાં લોર્ડ વોરેન હેસ્ટિંગ્સને બ્રિટિશ ભારતનો સર્વપ્રથમ ગવર્નર જનરલ નીમવામાં આવ્યો હતો. અંગ્રેજો માટે ભારતવાસીઓ હંમેશાંથી ઉપેક્ષા અને અવગણનાને પાત્ર રહ્યા હતા. એ દિવસોમાં આ ઉપેક્ષાનું પ્રમાણ વધતું ગયું હતું. વિદેશી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંગ્રેજો દેશનાં સામાન્યજનોની સાથે-સાથે સાધુ-સંતોનું અપમાન કરતાં પણ અચકાતા નહી.

કલકત્તા પાછા આવીને રોકાયેલી સાધુ મંડળીએ પોતાની સંધ્યા આરતી શરૂ કરી. શંખ, નગારાં, ભૂંગળ, ઝાંઝ, ઢોલ, ઈત્યાદિના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠયું. આશરે દોઢસો સંતોની અલખનિરંજનની અહાલેકથી અંગ્રેજોની છાવણી પણ ગાજી ઊઠી ખરું કહીએ તો ગાજી ઊઠી જ નહિ, કંપી ઊઠી. છાવણીનો અંગ્રેજ અધિકારી સિપાઈઓની એક ટુકડી લઈ ત્યાં આવી પહોંચ્યો અને ક્રોધથી બરાડી ઊઠયો-'બંધ કરો આ ઘોંઘાટ અને ડેરા-તંબૂ ઉપાડીને ચાલતા થાઓ અહીંથી.' આટલું કહીને શાંત થવાને બદલે વધુ જોરથી રાડ પાડતો બોલ્યો - 'કોણ છે તમારો આગેવાન ?' આ અંગ્રેજ અધિકારીની ચીસાચીસ સાંભળી સંત આનંદભારતી બહાર આવ્યા અને તેને કહ્યું - 'ભગવાનની આરતીમાં બદ્તમીજી કરવી જોઈએ નહીં.' તેણે ત્રાડ પાડતાં કહ્યું-'ચૂપ કર. જાણતો નથી આ બ્રિટિશ શાસન છે, તમારું રાજ નથી.'

સંત આનંદભારતીએ તેને ઠપકો આપતાં કહ્યું- ભગવાનની આરતી બંધ કરાવનારા તમે કોણ છો ?' સંતનાં આ વાક્યોમાં કોણ જાણે શું પ્રભાવ હતો કે મેકવાન ઇચ્છા છતાંય બોલી ન શક્યો. તેણે અનુભવ્યું કે લંગોટી પહેરેલ આ નિઃશસ્ત્ર દુર્બળ માણસમાં કોઈક મહાન શક્તિ અવશ્ય છે. તે વિવશ થઈ તેની સૈન્ય ટુકડી લઈ પાછો વળી ગયો.

પોતાની છાવણીમાં આવીને તેણે દારૂનો આશરો લઈ જોયો કે કદાચ તેની જીભ ફરી કામ કરતી થાય, પરંતુ તે ઉપાય પણ વ્યર્થ નીવડ્યો. હેરાન થઈને છેવટે તે ફરીવાર સંતો જ્યાં રોકાયા હતા ત્યાં ગયો અને સંત આનંદભારતીને ઈશારા વડે સમજાવ્યું કે તે મુખેથી બોલી શકતો નથી. કરુણાશીલ સંતે તેને તે જ વખતે ક્ષમા આપતાં કહ્યું - 'જો બચ્ચા, હવે ક્યારેય પણ, ભજન પૂજન કરનારાઓને કષ્ટ પહોંચાડીશ નહીં.' મેકવાનની વાણી તરત જ પાછી ફરી, તેણે 'ઓ માય ગોડ' કહેતાં સંતને પ્રણામ કરી વિદાય લીધી.

આ વાતની જાણ ગવર્નર જનરલ વોરેન હેસ્ટિંગ્સને થઈ. તેને આ ઘટના સમગ્ર અંગ્રેજ જાતિના અપમાન સમાન લાગી. ૧૮૫૭ની ક્રાંતિની નિષ્ફળતા બાદ તેના ભેજામાં કાંઈક વધુ પડતી રાઈ ભરાઈ ગઈ હતી. તેણે તરત ત્યાં પહોંચી આદેશ કર્યો, 'બ્રિટિશ તાકાતને પડકારવાની હિંમત કરનાર આ સાધુઓના નેતાને લાકડાં વચ્ચે ઊભો રાખી જીવતો સળગાવી દો.'

અંગ્રેજ સિપાઈઓની ફોજે સાધુઓની જમાતમાં ઘૂસીને લલકાર કર્યો, તમારા બાબાજીને હમણા જ પકડીને અમે તેને જીવતો સળગાવી દઈશું. સિપાઈઓનાં મુખે પોતાના ગુરુ પ્રત્યેની આવી વાત સાંભળતાં જ ઘણા સાધુઓએ પોતાના ચીપિયા, ત્રિશૂલ ઉપાડી લીધાં, પરંતુ સંત આનંદભારતીએ તેમને અટકાવતાં કહ્યું - 'થોભો !' બધા જ્યાં હતા ત્યાં થંભી ગયા. સિપાઈઓ તરફ પોતાના હાથ લંબાવી આનંદભારતી જોરથી હસતાં-હસતાં કહેવા લાગ્યા-'તારી સરકાર ભારતનું આધ્યાત્મિક સામર્થ્ય જોવા માગે છે ? તો જોઈ લે, હું પરવાનગી આપું છું.'

એ સાથે જ સંત આગળ આવ્યા અને હનુમાનજીને નમન કરીને સિપાઈઓ સામે ઊભા રહી ગયા. સેંકડો સિપાઈઓએ ત્યાં લાકડાંનો ઢગલો કરી દીધો. વોરેન હેસ્ટિંગ્સ પોતે ત્યાં હાજર હતો. તે વિચારતો હતો કે આ ઘટનાથી ભારતની જનતાનાં દિલમાં દહેશત ફેલાઈ જશે, અને આજ પછીથી કોઈ હકૂમતની સામે નહીં થાય.

સંત પદ્માસન લગાવીને લાકડાંનાં ઢગ ઉપર બેસી ગયા. તેમને લાકડાં વડે ઢાંકી દેવામાં આવ્યા. હાજર રહેલાઓ આ અન્યાય જોઈ મનોમન અંગ્રેજોને સર્વનાશની બદ્દુઆ આપી રહ્યા હતા. અંદરોઅંદર વાતો કરતા કે સંતોને તો વળી આ રીતે જીવતા બળાતા હશે ? ગવર્નર જનરલ આ બધી વાતો ચૂપચાપ સાંભળી રહ્યો.

ગવર્નર જનરલ અને અંગ્રેજ સિપાઈઓને ખાતરી હતી કે આ સાધુ બળીને રાખ થઈ જશે. ભીડમાં ઊભેલાઓનાં મન પણ ઊંચાંનીચાં થઈ રહ્યાં હતાં. ત્યાં જ સૌએ વારંવાર પોતાની આંખો ચોળવા છતાં દીવાસ્વપ્નવત્ જોયું કે કેટલાય મણ લાકડાંનો ઢગલો બળીને રાખ થઈ જવા છતાં તેની વચ્ચે બેઠેલા સંત મલકાતા મલકાતા શાંતિથી ઊભા થઈ ગયા.

ગવર્નર જનરલ તો ચકિત થઈ ગયા. મૂંઝાતાં, શરમાતાં આગળ વધીને સંતનાં ચરણોમાં ઝૂકીને તેણે કહ્યું-'માફ કરી દો. અમારી ભૂલ થઈ. ભારત દેશની આધ્યાત્મિક શક્તિને કોઈ પણ પડકારી શકે નહી.' સંત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આનંદભારતીએ કહ્યું-'સંત ખૂબ પરમાર્થી હોય છે, તેઓ કોઈનું ક્યારેય ખરાબ કરતાં નથી. જોકે તેમનું ખરાબ કરનારને તેનું ફળ એની મેળે જ મળી જાય છે. સારું, હવે કહો, તમે લોકો જોખી જોખીને લાકડાં અહીં લાવી રહ્યા હતા, કેટલા મણ લાકડાં મારા માટે તમે બાળ્યાં ? બધાએ કહ્યું-'બાબા, આશરે નેવું મણ લાકડાં હતાં.'

સંતે કહ્યું-'તો જાઓ, તમારી હકૂમત પણ આ નેવું મણ લાકડાંની જેમ નેવું વર્ષમાં સમાપ્ત થઈ જશે.તમારા અનેકવિધ અન્યાયો અને અત્યાચારોની જ્વાળાઓ વચ્ચે પણ ભારતને કંઈ નહીં થાય. તે પ્રભુની કૃપાથી મારી જેમ જ એવી જ રીતે સુરક્ષિત રહેશે.

સંતની આ ભવિષ્યવાણી લોર્ડ વોરેન હેસ્ટિંગ્સે સાવચેતીપૂર્વક નોંધી લીધી. લંડન ટાઈમ્સની લીથો કોપીમાં આ હકીકત છપાવવામાં આવી. લંડન ટાઈમ્સે લખ્યું - ભારતીય સંતોની સિદ્ધિઓ વિશે અનેક વાતો અત્યાર સુધીમાં સાંભળવા મળી હતી, પરંતુ આ અદ્‌ભુત ચમત્કાર તો હજારો લોકોની નજરો સમક્ષ થયો કે નેવું મણ લાકડાં બળી ગયાં, પણ કેમ જાણે કઈ રીતે તે સાધુ જીવતો બહાર આવી ગયો અને તેણે એ પણ કહી દીધું કે નેવું વર્ષ બાદ તમારે વિદાય લેવી પડશે.

સંતોની ભવિષ્યવાણીની ક્ષમતા તો ભારતીય અધ્યાત્મશાસ્ત્રમાં દરેક સ્થાને વર્ણવવામાં આવી છે, પણ વિશ્વ ઇતિહાસે પણ આ કાલજયી સામર્થ્યને જાણી લીધું. સાચે જ ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી, એટલે કે નેવું વર્ષ સુધી જ અંગ્રેજોનું શાસન રહ્યું. સંત આનંદભારતી પણ આ ઘટના બાદ બાબા લક્કડભારતીના નામે સુપ્રસિદ્ધ થયા. લોકો તેમને આ જ નામે ઓળખવા લાગ્યા.

હજારો લોકો આ ઘટના બાદ તેમના દર્શનાર્થે આવવા લાગ્યા, તો સંત રાતોરાત પોતાની સાધુ મંડળી સાથે ગુજરાતની દિશામાં તીર્થયાત્રા માટે નીકળી પડ્યા. જ્યારે તેઓ ગિરનારની તળેટીએ પહોંચ્યા ત્યારે સંતોએ ગિરનાર પર્વતની પરિક્રમા ભક્તિભાવ સાથે પૂરી કરી. અહીંના સિદ્ધ ક્ષેત્રમાં તેમના આધ્યાત્મિક અનુભવો વધુ પ્રખર થયા. બાબા લક્કડભારતીએ સહુને જણાવી દીધું કે હવે હું ક્યાંય નહીં જાઉં, અહીં જ નિવાસ કરીશ.

ગિરનારની તળેટીમાં ભવનાથ સમીપે જ તેઓએ તેમની તપસાધના અને લોકસેવાની સરવાણી વહેતી મૂકી. તેમનો આ ક્રમ લાંબા સમય સુધી નિરંતર ચાલતો રહ્યો. એક દિવસ બાબા લક્કડ ભારતીએ કહ્યું - હું કાલે સવારે જીવિત સમાધિ લઈશ અને બીજા દિવસે અસંખ્ય લોકો વચ્ચે તેઓ પદ્માસન લગાવીને બેસી ગયા. પોતાની મહાસમાધિ પૂર્વેની કેટલીક પળો દરમિયાન તેઓએ બધાને સંબોધીને કહ્યું - 'આપણા દેશમાંથી આ અંગ્રેજો તો જશે જ. અંગ્રેજોના ગયા પછી પણ દેશમાં ભારે ખળભળાટ રહેશે, પણ આ બધો ખળભળાટ અને સંકટોની આગમાં તપીને જ દેશનું ઉજ્જ્વળ ભાવિ ઉદય પામશે. ભારતવર્ષ વિશ્વમાં શિરમોર બનશે.' આટલું કહીને તેઓએ પ્રાણોને બ્રહ્મરંધ્રમાં ચઢાવી સમાધી લઈ લીધી. આજે પણ સાચા અધ્યાત્મવેત્તા બાબા લક્કડભારતીનું સમાધિ સ્થળ અનેક જિજ્ઞાસુ ભક્તોને કૃતાર્થ કરે છે.

✣ ✣ ✣

**એક વાર આનંદ સ્વામી પાસે એક ધનપતિ આવ્યા. તેમની પાસે ઘણાં બધાં કારખાનાં હતાં. બધા દીકરા પોતપોતાનાં કામમાં મગ્ન હતા. વૈભવનું સામ્રાજ્ય ચારે બાજુ હતું, પરંતુ અંદર ને અંદર તેઓને અભાવનો અનુભવ થતો રહેતો. તેઓની ભૂખ મરી ગઈ અને ઊંઘ પણ આવતી બંધ થઈ. પોતાની આ વ્યથા તેમણે મહાત્માજીને સંભળાવી. મહાત્મા આનંદ સ્વામીએ કહ્યું, "તમે જીવનમાં કર્મ અને શ્રમને તો મહત્ત્વ આપ્યું, પણ ભાવનાને ભૂલી ગયા. સત્સંગ, કથા-શ્રવણ વગેરેથી તો વિચારોને પોષણ માત્ર મળે છે. ભીતરની શુષ્કતા ઓછી કરવા માટે હવે પ્રેમ-ધન લુંટાવવાનું શરૂ કરો. સૌને સ્નેહ આપો, અનાથો-દરિદ્રો વચ્ચે જાઓ, તેઓ સ્વનિર્ભર થઈ શકે તે રીતે તેમને મદદ કરો, પોતાનો શરીરશ્રમ પણ શક્ય હોય તેટલો આ કાર્યમાં વાપરો. પછી જુઓ, તમારી ભૂખ પણ ઊઘડશે અને રોજ મીઠી ઊંઘ પણ આવશે." શેઠે એવું જ કર્યું. તેમ કરતાં તેમને જે શાંતિ-પ્રસન્નતા મળ્યાં તેવાં આજ સુધી તેમને મળ્યાં નહોતાં.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ત્રણ શક્તિધારાઓ પથ પ્રશસ્ત કરશે એકવીસમી સદીનો

એક સાર્વભૌમ નિયમ એ છે કે, જો મંઝિલનું, ગંતવ્યનું સ્થાન નિર્ધારિત હોય, તો યાત્રા કોઈ પણ દિશાએથી આરંભ કરવામાં આવે, વ્યક્તિ વહેલી મોડી તેના ગંતવ્ય સુધી પહોંચશે જ. દાખલા તરીકે દિલ્હી, કલકત્તા અને મદ્રાસથી મુંબઈ તરફ ત્રણ વ્યક્તિઓ દ્વારા યાત્રા કરવામાં આવે, તો ભલેને રસ્તા અને ગાડીઓ જુદાં જુદાં હોય, તેઓ પહોંચવાના તો એક જ સ્થાન પર. ભલે યાત્રાનો આરંભ વિભિન્ન દિશાએથી કરવામાં આવ્યો હોય, કિંતુ અલગ અલગ પંથે ચાલતાં નિર્ધારિત કેન્દ્ર બિંદુ પર અંતે તો ત્રણેય પહોંચી જ જાય છે. પ્રગતિનાં દરેક ક્ષેત્રને આ જ નિયમ લાગુ પડે છે.

વર્તમાન સમયમાં માનવ સમુદાયની સુખ-શાંતિ, સમૃદ્ધિ-વૈભવ અર્થે સમાજમાં અનેક પ્રકારના પ્રયાસો ચાલી રહ્યા છે. સ્થૂળરૂપે જો તેમનું વર્ગીકરણ કરવામાં આવે તો, આવા પ્રયાસોને ત્રણ વર્ગોમાં વિભાજિત કરી શકાય- (૧) ધર્મ, (૨) વિજ્ઞાન અને (૩) રાજનીતિ. આ બાબતમાં વર્ષો સુધી વિજ્ઞાન પરિષદ, ગ્રેટ બ્રિટનના અધ્યક્ષ રહી ચુકેલા અને પ્રખ્યાત સામયિક 'નેચર'ના સંપાદક શ્રી રિચર્ડ ગ્રેગરીએ પોતાના પુસ્તક 'ગોડ્સ એન્ડ મેન'માં લખ્યું છે- ''મારા દાદા આજીવન ધર્મ પ્રચાર કરતા રહ્યા-મારા પિતા એક કટ્ટર સમાજવાદી નેતા રહ્યા અને મને આ બંને ક્ષેત્રો સિવાયના એક ત્રીજા ક્ષેત્ર, વિજ્ઞાનના ક્ષેત્રમાં કામ કરવાની તક મળી. મેં કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ કે સંબંધીઓના પ્રભાવથી પર રહીને આ ત્રણેય વિષયોનો ઊંડો અભ્યાસ કર્યો છે અને તે પરથી હું એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યો છું, કે ધર્મ, સમાજવાદ અને વિજ્ઞાન-એ ત્રણેય દ્વારા નિર્દિષ્ટ જીવન-દર્શન મૂળભૂત રીતે એક જ છે. ત્રણેયનો ઉદ્દેશ્ય એક જ છે કે વ્યક્તિ અને સમાજનું સ્તર ઉચ્ચ બને. સત્યાન્વેષણ અને આધ્યાત્મિક સિદ્ધાંતોને જીવનમાં કઈ રીતે ઉતારી શકાય, એ જ તેમનું મૂળભૂત પ્રયોજન છે.

વસ્તુતઃ આ ત્રણેય વિશે જનમાનસમાં ઘણી ભ્રાંતિઓ છે. પોતપોતાની ચિંતન ક્ષમતા મુજબ વૈજ્ઞાનિકો, રાજનીતિજ્ઞો અને ધર્મશાસ્ત્રીઓએ આ વિષયોની વ્યાખ્યાને સીમાબદ્ધ કરી નાંખી છે, જ્યારે ખરેખર તો તેમની વચ્ચે કોઈ વિભાજન રેખા છે જ નહીં. ધર્મ વિશે તો કહેવું જ પડશે કે તેનું સમગ્ર સ્વરૂપ સત્યની શોધને નજરમાં રાખીને જ ઘડવામાં આવ્યું છે. પ્રથાઓ-પરંપરાઓ તો સમયની સાથે બદલાતી રહેતી નિયમ-વ્યવસ્થા માત્ર જ છે. તેમને ધર્મની સંજ્ઞા આપવી જોઈએ નહીં. ધર્મનો મુખ્ય સિદ્ધાંત તો તમામ મત-સંપ્રદાયોમાં એક જ છે-'સત્કર્મો વડે ઈશ્વરને પ્રસન્ન કરવો અને તેના અસ્તિત્વમાં માનવું. તેઓ એ પણ માને છે કે ઈશ્વરીય વ્યવસ્થા સારા-નરસા કર્મો માટે પુરસ્કાર કે દંડ જાતે જ નિર્ધારિત કરે છે.'

ધર્મનો અર્થ છે આસ્થા, જે વ્યક્તિને સત્પ્રવૃત્તિ અપનાવીને સત્કર્મ કરવા પ્રેરે, જેથી તે વ્યક્તિનું પોતાનું અને સામાજિક જીવન વધુને વધુ સુખી ને ઉન્નત બને. ધર્મ વ્યક્તિની ભાવ-સંવેદનાઓને, અંતઃકરણના મર્મસ્થળને પ્રભાવિત કરીને સુખ-શાંતિ અને સુવ્યવસ્થા સ્થાપિત કરવા માગે છે. ધર્મ પ્રચારકો જ્યાં પણ ગયા છે અને તેઓએ સાચા દિલથી પ્રયાસો કર્યા છે, ત્યાં તેઓને ઇચ્છિત સફળતા પણ મળી છે.

રાજનીતિનો પણ એ જ ઉદ્દેશ્ય છે, સમાજમાં શાંતિ, સુરક્ષા અને સુવ્યવસ્થા જાળવવી. અત્યાર સુધીમાં વિશ્વની રાજનીતિએ વિકાસના જેટલા પણ તબક્કા પૂરા કર્યા છે, તે ક્ષેત્રમાં જેટલા પણ પ્રયોગો થયા છે, તે બધાની પાછળ પણ આ જ ઉદ્દેશ્ય રહેલો છે. લોકોમાં જ્યારે અવ્યવસ્થા અને લૂંટાલૂંટ અમર્યાદ બની, બળવાનો નિર્બળોને દબાવવા માંડ્યા, ત્યારે એવી વ્યવસ્થા રચવામાં આવી કે થોડીક શક્તિશાળી વ્યક્તિઓ આ અનર્થનું નિવારણ કરે, બળવાનોને ઉદ્ધતાઈ કરતાં અટકાવે અને દુર્બળોને સુરક્ષા અને સંરક્ષણ પૂરાં પાડે. રાજતંત્ર, પ્રજાતંત્રથી માંડીને અધિનાયકવાદી અને સમાજવાદી રાજનૈતિક ફિલસૂફીનો એકમાત્ર ઉદ્દેશ્ય રહ્યો છે કે સમાજમાં નબળામાં નબળી વ્યક્તિને પણ જીવવાની અને સુખપૂર્વક જીવનનિર્વાહ કરવા માટેની સગવડો અને તકો સમાનરૂપે મળી શકે.

આમ તો ખોટી વ્યક્તિ ક્યાં નથી હોતી ? અને તેઓ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્યાં રહે છે ત્યાં સારા ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલા કાર્યોને ખોટાં અને વિકૃત, વ્યર્થ બનાવી નાંખે છે. ધર્મક્ષેત્રને જ લઈએ તો તેમાં આ જ કારણસર વિકૃતિઓ આવી. ધર્મક્ષેત્ર અયોગ્ય વ્યક્તિઓના હાથમાં ચાલ્યું ગયું, જેમણે વ્યક્તિગત સ્વાર્થને માટે જનશ્રદ્ધાનું દોહન કરવા માંડ્યું. લોકમાનસમાં આદર્શવાદી આસ્થાઓ, ઉત્કૃષ્ટ ભાવનાઓ અને ઉચ્ચ વિચારોની સ્થાપના કરવાનું કાર્ય ઠેબે ચડાવી રૂઢિવાદી પરંપરાઓ, અંધવિશ્વાસો, રીત-રિવાજો તથા પોતે ઊભી કરેલી વ્યવસ્થા પ્રત્યે અંધશ્રદ્ધા રાખવા તૈયાર પ્રોત્સાહિત કરવા લાગ્યા જેથી પોતાના સ્વાર્થ સધાતા રહે.

ધર્મ પાસે લોકમાનસ પર, જન ભાવનાઓ ઉપર પ્રભાવ પાડવાની શક્તિ હતી, તો રાજનીતિ પાસે દંડ અને બળની તાકાત હતી. આ શક્તિનો ઉદ્દેશ્ય પણ દુષ્ટો-દુર્જનોને દંડ આપવાનો અને તેમને સાચા રસ્તે લાવવાનો હતો. પરંતુ થયું એવું કે રાજ્યવ્યવસ્થાનાં સંચાલન સૂત્ર એવી વ્યક્તિઓના હાથમાં આવી ગયાં કે જેમને મન સામાજિક હિત ગૌણ અને વ્યક્તિગત સ્વાર્થો અધિક મૂલ્યવાન હતાં. જ્યાં-જ્યાં આવો અનર્થ થયો, ત્યાં-ત્યાં વિકૃતિઓ, અવ્યવસ્થા અને દોહન-શોષણની દુ:ખદ પરિસ્થિતિ દષ્ટિગોચર થવા લાગી.

ખરેખર તો વિદ્વજ્જનો દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ રાજનીતિનો પણ એ જ ઉદ્દેશ્ય હતો જે ધર્મનો રહ્યો છે. રાજનીતિ વડે બાહ્ય વ્યવસ્થાઓ સુધારવાના, તેને સાચવવાના પ્રયાસો કરવા જોઈએ, તો ધર્મતંત્ર વડે લોકોની આસ્થાઓ અને ભાવનાઓનું પરિષ્કરણ થવું જોઈએ. આ જ ગાળામાં, પાછલી ત્રણ-ચાર શતાબ્દીઓમાં વિજ્ઞાનના સ્વરૂપમાં માનવને એક નવો શક્તિ સ્રોત હાથ લાગ્યો. સૃષ્ટિની વિવિધ ગતિવિધિઓની જિજ્ઞાસા અને શોધની દષ્ટિએ તેનું અધ્યયન કરવાથી માનવને કેટલાક એવા નિયમો અને સૂત્રો જડયાં કે જેથી તેને થકવી નાખનાર શ્રમથી મુક્તિ અને પોતાની સિદ્ધિઓમાં વૃદ્ધિની શક્યતાઓ દેખાવા લાગી. આ શક્યતાઓને યંત્રોના આવિષ્કાર, નિતનવા શક્તિસ્રોતોની શોધો વડે સાકાર પણ કરવામાં આવી.

આજથી પાંચ સો વર્ષ પૂર્વે માનવજીવન કેટલી હાડમારીઓથી ભરેલું હતું, તેની તો હવે કલ્પના પણ ન કરી શકાય. ધારો કે થોડાક દિવસો પૂરતાં રેલગાડી, મોટર વાહનો વગેરે બંધ થઈ જાય, વીજળીના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે તો લોકોને પોતાનું જીવન જ ભારરૂપ લાગવા માંડશે. પહેલાં આ સુવિધાઓ નહોતી, જેથી તેના અભાવની કલ્પના પણ નહોતી. હવે આ સગવડો ઉપલબ્ધ છે, એટલે જ તેમના વગર રહેવું દુષ્કર લાગે છે એટલા માટે કે આપણને આ સાધનોની ટેવ પડી ગઈ છે. જે પણ હોય, આ વૈજ્ઞાનિક સાધનોને કારણે દુનિયા એટલી નાની લાગવા માંડી છે કે જાણે સમગ્ર વિશ્વ એક કુટુંબ બની ગયું છે. પહેલાં કુટુંબની વ્યક્તિને દૂર જઈને તે વસવા દેવામાં આવતી નહતી, કારણ કે ત્યારે તેની સાથે સરળતાથી સંપર્ક સાધી શકાતો નહોતો. પણ આજે હજારો માઈલોનું અંતર પણ થોડાક કલાકોમાં જ કાપી શકાય છે.

વિજ્ઞાને માનવને સુરક્ષિત અને શાંતિપૂર્ણ જીવન ગાળવા માટે અનેક સગવડો કરી આપી છે, પરંતુ ધર્મ અને રાજનીતિની જેમ વિજ્ઞાનનો પણ ખોટો ઉપયોગ કરવામાં આવ્યો. પરિણામે આજે માનવ-સમાજ સામે વધુ ભયાનક સંકટો ઊભાં થયાં છે. વિજ્ઞાનની સિદ્ધિઓનો ઉપયોગ જ્યાં સુધી સાધન તરીકે કરવામાં આવશે, ત્યાં સુધી તે માનવ સમાજના ઉત્કર્ષમાં મદદરૂપ થતું રહેશે, પરંતુ જો તેનો એક શસ્ત્ર તરીકે અનુચિત ઉપયોગ કરવામાં આવશે, તો તેનાં પરિણામો ધર્મ અને રાજનીતિના દુરુપયોગ કરતાં પણ વધુ ભયંકર-વિનાશક હશે, જે આપણે છેલ્લાં બે વિશ્વયુદ્ધોમાં જોયું છે. આ જ કારણે હવે સમગ્ર વિશ્વના મનીષીઓ, વૈજ્ઞાનિકોને આ તથ્યનો એકમતે સ્વીકાર કરવો પડ્યો છે કે ધર્મ અને રાજનીતિના દુરુપયોગથી એટલાં ઘાતક પરિણામો નથી મળ્યાં જેટલાં વિજ્ઞાનના દુરુપયોગથી શક્ય બન્યાં છે. કારણ કે ધર્મ અને રાજનીતિ તો અત્યાર સુધી એક વ્યવસ્થા, એક તંત્રના સ્વરૂપમાં જ કાર્ય કરી રહ્યાં હતાં. તે ક્ષેત્રોની વિકૃતિઓ પોતપોતાના ક્ષેત્રમાં જ અનર્થ ઉત્પન્ન કરતી હતી, પરંતુ વિજ્ઞાન સ્વરૂપે મળેલી મહાશક્તિએ તો સમગ્ર માનવજાત માટે જ સર્વગ્રાહી સંકટ ઊભું કરી દીધું છે.

છરી વડે બંધન પણ કાપી શકાય અને હાથપગ પણ. અગ્નિ વડે મકાન બનાવવા માટેની ઈંટો પણ પકવી શકાય અને મકાનને સળગાવી પણ શકાય. કૂવાના પાણી વડે તરસ છિપાવીને જીવનરક્ષણ પણ કરી શકાય અને તેમાં કૂદીને જીવ પણ ગુમાવી શકાય. ધર્મ અર્થાત્ ભાવનાઓ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને રાજનીતિ અર્થાત્ વ્યવસ્થામાં ખોટી વ્યક્તિનો પ્રવેશ અને તેમના વડે કરવામાં આવેલ દુરુપયોગ હાથ-પગ કાપવા, મકાન સળગાવવા અને કૂવામાં પડીને જીવ ગુમાવવા જેવી દુઃખદ સ્થિતિઓ જ ઉત્પન્ન કરશે.

શું આ અનર્થોને અટકાવવાના કોઈ ઉપાય નથી ? આ પ્રશ્ન કરતાં સુપ્રસિદ્ધ દાર્શનિક અને વૈજ્ઞાનિક રિચર્ડ ગ્રેગરીએ તેમના પુસ્તકમાં લખ્યું છે-'ત્રણ જુદા જુદા ખૂણેથી ચાલતી આ ત્રણ ગાડીઓ જો સાચી દિશા પકડી લે, તો ભવિષ્યના સંકટોથી સરળતાપૂર્વક બચી શકાય એટલું જ નહીં, ઉજ્જવળ ભવિષ્ય માટેનાં સુંદર તાણા-વણા પણ વણી શકાય.'

શું છે ભાવિ સંકટ ? વિજ્ઞાનની વિનાશક શક્યતાઓ તો આગળ વર્ણવી દીધી છે. ધર્મક્ષેત્રમાં ઘૂસી ગયેલી વિકૃતિઓ માણસને અનાસ્થાવાન બનાવતી જાય છે. રાજનીતિના ક્ષેત્રમાં આવેલી વિકૃતિઓ તેને દિવસે ને દિવસે દુર્દમ્ય, સ્વાર્થી, ઉદ્દંડ અને અસામાજિક, અનૈતિક બનાવતી જશે. આવી સ્થિતિમાં આશાનું એકમાત્ર કિરણ ધર્મક્ષેત્રમાં દેખાય છે, પરંતુ તેણે પણ પોતાના ક્ષેત્રમાં ઘૂસી ગયેલી વિકૃતિઓને દૂર કરવી પડશે, સાથેસાથે અનિચ્છનીય વ્યક્તિઓને નિરુત્સાહિત કરવી પડશે. આ માટે કેટલીક એવી વ્યક્તિઓએ આગળ આવવું પડશે કે જે આ ક્ષેત્રમાં દીવાદાંડી થઈ રાહ ચીંધી શકે. સાધન અને સામર્થ્ય કરતાં પણ વધુ મહત્ત્વપૂર્ણ છે તેમનો ઉપયોગ કરનાર વ્યક્તિની કોઠાસૂઝ અને દૃષ્ટિ. તે ધર્માચરણ વડે જ વિકસિત થશે. એમ કહેવું અતિશયોક્તિપૂર્ણ નહી ગણાય કે ભવિષ્યની રાજનીતિ અને આવતીકાલનું વિજ્ઞાન જ્યારે આધ્યાત્મિક મૂલ્યો વડે સંચાલિત, પ્રેરિત થશે, ત્યારે જ તે તેમની સમર્થતા સિદ્ધ કરી શકશે. ત્રણેયનું સમન્વિત સ્વરૂપ જ સમાજની ભાવિ દિશા અને ગતિવિધિ નિર્ધારિત કરશે.

✤ ✤ ✤

**કલકત્તામાં જન્મેલા કે.સી.ડેની નેત્રજ્યોતિ દોઢ વર્ષની ઉંમરે જ જતી રહી. પાંચ વર્ષના હતા ત્યારે પિતાનું અવસાન થયું. વિધવા માતાએ તેમને થોડુંઘણું જાતે જ ભણાવ્યું. તે મજૂરી કરવા જાય ત્યારે ડેને સાથે લઈ જતાં. તેઓ પુત્રના ભવિષ્ય વિશે ચિંતિત તો રહેતાં, પણ તેમણે ધૈર્ય જાળવી રાખ્યું. શાળાનાં શિક્ષણને બદલે તેમને સુસંસ્કારિતા, સ્વાવલંબનના પાઠ શીખવાડ્યા. સંગીતમાં પુત્રનો રસ જોઈ તેમણે તેને તેવું જ શિક્ષણ મળે તેની વ્યવસ્થા ગમે તે રીતે કરી આપી. જાતે મહેનત કરીને પુત્ર માટે સગવડ કરતાં પોતાના માટે હંમેશાં ડેને કહેતાં, ''મારી ચિંતા ન કરીશ. જાતે જ પગભર થવાના પ્રયત્નો કર.'' ડેએ ઘણા સંગીતકારોની સેવા કરતાં કરતાં શિક્ષણ મેળવ્યું. યુવાનીના ઉંમરે પહોંચતાં પહેલાં જ તેમણે સંગીતમાં નિપુણતા મેળવી. તૂટેલાં ફૂટેલાં વાજિંત્રો ઉપર તેઓ ઘરે જ અભ્યાસ કરતા.**

**થોડાક દિવસોમાં તેમની ખ્યાતિ ચોમેર ફેલાવા લાગી. નાના-નાના સંગીત સમ્મેલનોમાં તેમની કુશળતાનો પરચો મેળવી ફિલ્મ કંપનીઓ પણ તેઓને બોલાવવા લાગી. નિરંતર અભ્યાસથી તેમનો કંઠ નિખર્યો. એક-એક કરીને તેમણે લગભગ એક ડઝન ગીતો ફિલ્મોમાં પાર્શ્વગાયક તરીકે ગાયાં. ક્યારેક જરૂર પડતાં અભિનય કરવો પડે તો તેઓ પોતાના સાદા પહેરવેશમાં જ કેમેરા સામે ઊભા રહી જતા. કૃત્રિમતાથી તેઓ ચીડાતા.**

**ભારતના ગાયકોમાં ફિલ્મ જગત પર પોતાનું આધિપત્ય જમાવનાર એક જ હતા કે.સી. ડે. જે ફિલ્મો સાથે તેમનું નામ જોડાતું, તેને જોવા દર્શકો તૂટી પડતા. તેઓ કાયમ આનું શ્રેય પોતાની માને આપતા. અંતિમ સમય સુધી તેમણે તેમની ખૂબ સેવા કરી.**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દાનનો મર્મ

મહારાજ ધર્મધ્વજ જેટલા શૂરવીર અને નીતિનિપુણ હતા, તેટલા જ ધર્મપરાયણ અને ઈશ્વરભક્ત પણ હતા, તેઓ દરરોજ નિયમિતપણે દેવમંદિરમાં ભગવાનનું પૂજન-અર્ચન કરતા. પ્રભુપૂજન બાદ ઋષિ-મુનિઓ અને બ્રહ્મજ્ઞોને દાન આપવું પણ તેમની નિયમ-નિષ્ઠાનું જ એક અંગ હતું. તેમની સાત્ત્વિક ભાવનાઓ, સુપાત્રો અને સત્પાત્રોને મદદ કરવાની ઇચ્છા જ પ્રતિદિન દાનનું કારણ હતી. તેમનું આ શ્રેષ્ઠ કર્મ કોઈપણ પ્રકારની ફળઆકાંક્ષાના દોષથી મુક્ત હતું. એક દિવસ તેમની સામે કોઈક અત્યંત આવશ્યક કાર્ય આવી પડ્યું. રાજધાની બહાર જવું આવશ્યક હોવાથી તેઓએ તેમના જ્યેષ્ઠપુત્ર આર્યધ્વજને બોલાવીને કહ્યું-'હે પુત્ર! આવશ્યક કાર્યને લીધે હું એક દિવસ માટે બહાર જઈ રહ્યો છું. આવતીકાલનાં અહીંનાં સમગ્ર કાર્ય તારે સંપન્ન કરવાનાં છે. આર્યધ્વજે જવાબદારીનો સહર્ષ સ્વીકાર કરતાં પિતાશ્રીને નિશ્ચિંત કર્યા.

બીજા દિવસે સવાર પડતાં જ રાજકર્મચારીઓએ આવીને કહ્યું કે યુવરાજ દાન આપવાનો સમય થઈ ગયો છે. ઋષિ-મુનિ તેમજ બ્રાહ્મણો દાન લેવા માટે બારણે ઊભા છે. યુવરાજે બહાર આવીને સૌને અભિવાદન કર્યાં અને કહ્યું - 'આપ સૌ હંમેશાં મારા પિતાશ્રી પાસેથી દાન લેતા આવ્યા છો. આજે આવશ્યક કાર્યને લીધે પિતાશ્રી બહાર ગયા છે. માટે આજે આ કાર્ય મારે કરવાનું છે. પરંતુ મારા મનમાં એક જિજ્ઞાસા છે, કૃપા કરીને આપ સૌ તેનું સમાધાન કરી દેશો તો મને દાન આપવામાં સરળતા રહેશે.'

દાન લેવા આવેલા સહુએ યુવરાજને પ્રશ્ન પ્રસ્તુત કરવા કહ્યું. તેથી આર્યધ્વજે પૂછયું - 'આપ સૌ મને એ કહો કે દાન આપવાનું અને ન આપવાનું ફળ શું છે?' યુવરાજનો આ પ્રશ્ન સાંભળી સૌ મૌન થઈ ગયા. કોઈની પાસે સચોટ જવાબ નહોતો. યુવરાજ આર્યધ્વજે કહ્યું કે - 'મારા પ્રશ્નનો ઉત્તર મેળવ્યા વગર હું કોઈનેય દાન નહીં આપું.' આ સાંભળી સૌ યાચકો પણ નિરાશ થઈ પાછા જતા રહ્યા.

બીજે દિવસે જ્યારે મહારાજ ધર્મધ્વજ પાછા આવ્યા ત્યારે પુત્રએ બ્રાહ્મણોને દાન નથી આપ્યું તે સાંભળતાં જ તેમનું મન ખિન્ન થઈ ગયું. યુવરાજે જોયું કે પિતાશ્રીને મારા આ કાર્યથી દુઃખ પહોંચ્યું છે, તેથી તેણે અત્યંત શાલીનતાપૂર્વક કહ્યું - 'પિતાશ્રી! કોઈ પણ કાર્યનું પરિણામ જાણ્યા વગર તે કરવાનું મને ઉચિત ન લાગ્યું. મારા આ વિચારમાં જો કોઈ ખોટ આપને દેખાતી હોય તો કૃપા કરી આપ મને દંડ કરો.'

ધર્મધ્વજે કહ્યું - 'બેટા! દાન આપવાથી કે ન આપવાથી શું ફળ મળે છે, તે તો હું પણ નથી જાણતો. હું તો પરંપરાથી ચાલતી આવતી રીતિનું પાલન કરતો આવ્યો છું.' યુવરાજે કહ્યું - 'ત્યારે તો એ જ ઉચિત રહેશે કે હું વંશપરંપરાથી પળાતાં આ દાનકર્મ પાછળ રહેલા સત્યની શોધ કરું.' મહારાજને મહામહેનતે રાજી કરીને તેમના આશીર્વાદ લઈ યુવરાજ સમાધાનની શોધ કરવા નીકળી પડ્યો.

સૌ પ્રથમ તે પાડોશી રાજાના રાજ્યમાં ગયો. તેઓ તેને કોઈ સમાધાન ન આપી શક્યા. વધુમાં પાડોશી રાજાએ સમાધાન મેળવવા માટે પોતે યુવરાજને એક પ્રશ્ન કર્યો. તેમણે કહ્યું - 'યુવરાજ! તમે જેમ સમાધાન મેળવવા માટે વ્યાકુળ છો, તે જ રીતે મારે ત્યાં સંતાન આવતાંની સાથે જ તેનું મરણ થાય છે તેને લઈને હું પણ ખૂબ જ દુઃખી રહું છું. મારાં સંતાન કેવી રીતે જીવિત રહી શકે? આ પ્રશ્નનું સમાધાન જો તમે બતાવી શકો તો હું આજીવન તમારો ઋણી રહીશ.'

યુવરાજ આર્યધ્વજ પાડોશી રાજાને મદદનું વચન આપીને આગળ વધ્યો. ચાલતાં-ચાલતાં સાંજે એક ખેતર પાસે પહોંચ્યો. ત્યાં એક વૃદ્ધ માણસ બેઠો બેઠો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખેતરની રખેવાળી કરી રહ્યો હતો. યુવરાજે વિચાર્યું કે આજે રાત્રે અહીં જ વિસામો કરવો જોઈએ. આમ વિચારી તેણે વૃદ્ધ પાસે જઈ રાતવાસા માટે વિનંતી કરી.

વૃદ્ધે જોયું કે વાણી-વેશે આ છોકરો કોઈક ઉચ્ચ કુળનો લાગે છે. તેણે પૂછ્યું - 'બેટા, તું કોણ છે ? આમ એકલો શા માટે ફરી રહ્યો છે ?' આર્યધ્વજે તેને વિગતવાર વાત કરીને પૂછ્યું - 'આપ મારા કાર્યમાં કંઈ મદદ કરી શકશો ?' વૃદ્ધે કહ્યું - 'બેટા ! તું ઉજ્જૈન જા. ઉજ્જૈનના રાજા વીર વિક્રમાદિત્ય ખૂબ જ બુદ્ધિશાળી અને શિવભક્ત છે. તેમના ઉપર ભગવાન્ મહાકાલેશ્વરની અસીમ કૃપા છે. તેઓ જ એકમાત્ર એવી વ્યક્તિ છે, જે તારી સમસ્યાનું નિરાકરણ કરી શકે.'

એટલામાં તે વૃદ્ધની સ્ત્રી ઘરેથી ભોજન લઈને આવી. વૃદ્ધે યુવરાજ સાથે તેનો પરિચય કરાવ્યો. વૃદ્ધા ઘરેથી ચાર રોટલી લાવી હતી. વૃદ્ધે કહ્યું, બે રોટલી આ છોકરાને આપી દે, એક-એક રોટલી આપણે બંને ખાઈ લઈશું. વૃદ્ધા અત્યંત કંકાસિયણ હતી. તે સાંભળતાં જ ઊકળી ઊઠી અને બોલવા લાગી - 'તમારો તો આ રોજનો ધંધો છે. કોઈક ને કોઈક રોજ આવી જાય છે. ક્યારેય સુખેથી નથી તમે જમતા, નથી મને જમવા દેતા.' આ સાંભળી વૃદ્ધે ચૂપચાપ પોતાના ભાગની બે રોટલી આર્યધ્વજને આપી દીધી. આર્યધ્વજ બોલ્યો, 'દાદા ! આવું કેમ બને ? તમે ભૂખ્યા રહો અને હું ખાઈ લઉં ?' વૃદ્ધે કહ્યું - 'બેટા ! અતિથિ ભગવાનનું સ્વરૂપ હોય છે. તું નિઃસંકોચ જમી લે.' પણ આર્યધ્વજ કોઈ રીતે રાજી ન થયો. આખરે બંનેએ એક-એક રોટલી ખાધી અને ત્રણેય આરામથી સૂઈ ગયા.

અડધી રાતે દરમાંથી એક સાપે નીકળીને તે વૃદ્ધને દંશ દીધો. વૃદ્ધ મૃત્યુ પામ્યો. સવાર થતાં આર્યધ્વજે ઊઠીને જોયું કે વૃદ્ધની પડખે એક કાળોતરો બેઠો છે અને વૃદ્ધનાં મ્હોંમાંથી ફીણ નીકળે છે. આર્યધ્વજને ઊઠતો જોઈ સાપ નાઠો. આર્યધ્વજ પણ સાપની પાછળ ભાગ્યો. એટલામાં વૃદ્ધા પણ જાગી ગઈ. તેણે જોયું કે વૃદ્ધ મૃત્યુ પામ્યો છે અને છોકરો ભાગી રહ્યો છે. તેણે સાપ તો જોયો નહોતો, તે સમજી કે મારા પતિને મારીને છોકરો ભાગી રહ્યો છે. વૃદ્ધા પણ તે છોકરાની પાછળ દોડી. રસ્તામાં એક પથ્થરની ઠેસ લાગતાં વૃદ્ધા પડી ગઈ અને તેનો જીવ નીકળી ગયો.

પેલા વૃદ્ધના જણાવ્યા અનુસાર આર્યધ્વજ ઉજ્જૈન નગરીમાં પહોંચ્યો. ત્યાં પહોંચીને તેણે વીર વિક્રમાદિત્યને પોતાનો પરિચય આપ્યો અને પોતાની સમસ્યાઓ પણ જણાવી. સાથે સાથે એ પણ કહ્યું કે - 'મહારાજ ! મેં સાંભળ્યું છે કે આપ ખૂબ બુદ્ધિશાળી છો અને મહાકાલ ભગવાન શિવના અનન્ય ભક્ત પણ છો. આપ જ મારી, આ સમસ્યાઓનું નિરાકરણ સૂચવી શકો છો.' વિક્રમાદિત્યએ તેને યોગ્ય આશ્વાસન આપી તેને અતિથિગૃહમાં ઉતારો આપ્યો.

બીજે દિવસે બ્રાહ્મમુહૂર્તમાં મહારાજ વિક્રમાદિત્યએ ભગવાન મહાકાલનું પૂજન કરી તેમનું ધ્યાન ધરતાં તેમને પ્રેરણા મળી. તેમણે યુવરાજને બોલાવીને કહ્યું- 'ઘરેથી નીકળીને તમે જે પડોશી રાજાને ત્યાં ગયા હતા, તેમની પાસે જ પાછા જાઓ. પૂર્વજન્મમાં તેમનાથી કેટલાંક દુષ્કર્મ થયાં છે, તેના પ્રાયશ્ચિત્ત રૂપે તેમણે દાન વગેરે કર્મો યોગ્ય રીતે નથી કર્યાં. 'પણ મહારાજ...!' – યુવરાજ આર્યધ્વજ કંઈ કહે તે પહેલાં જ તેને અટકાવીને વિક્રમાદિત્ય બોલ્યા - 'દ્રવ્યદાન જ પૂરતું નથી. તેમણે કોઈક પુણ્ય પ્રયોજન અર્થે શ્રમદાન પણ કરવું પડશે. શરીર વડે થયેલાં કુકર્મોનું પ્રાયશ્ચિત્ત શરીર વડે સુકર્મો કરીને જ કરી શકાય. તેમણે પૂર્વે કરેલાં પાપોથી મુક્ત થયા બાદ જ તેમને પુત્ર પ્રાપ્ત થશે, તમારી સમસ્યાઓનું નિરાકરણ તે પુત્ર જ કરશે.'

આર્યધ્વજ પાછો પેલા પાડોશી રાજા પાસે આવ્યો. આવીને તેણે રાજાને બધી વાત કરી. રાજાએ તેના રાજ્યના મનીષીઓને બોલાવીને સલાહ માંગી કે કયું પુણ્યકર્મ શ્રેષ્ઠ રહેશે. બધા વિચારવિમર્શ બાદ એ નિષ્કર્ષ પર આવ્યા કે શિક્ષણ અને ચિકિત્સા જ શ્રેષ્ઠ કાર્ય છે. રાજાએ તેમની વાતને અનુસરીને ચિકિત્સાલય અને વિદ્યાલયની ઉપયુક્ત વ્યવસ્થા કરી. તેમના નિર્માણ દરમિયાન પોતાનો પરસેવો પણ પાડ્યો. આ કાર્યોની સાથેસાથે રાજાની ભગવદ્ આરાધના પણ ચાલતી રહી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને ખરેખર આ દાનયજ્ઞોના પ્રભાવથી આ વખતે રાણીને ખોળે જન્મ લેનાર શિશુ જીવતું રહ્યું. એટલું જ નહીં, જેમ જેમ દિવસો વીતતા ગયા, તેમ તેમ તે બાળક વધુ ને વધુ સ્વસ્થ-સતેજ થવા લાગ્યો. હવે તો નગરજનોની સાથેસાથે ખુદ રાજાને વિશ્વાસ થઈ ગયો કે પ્રભુકૃપાથી આ બાળક બચી જશે. દિવસો, મહિનાઓ વીત્યા અને ધીમે ધીમે બે વર્ષ વીતી ગયાં. હવે તો કુંવર બોલવા પણ માંડ્યો હતો. તેની કુશાગ્ર બુદ્ધિપ્રતિભા અસાધારણ હતી, તો પણ બધાને સંદેહ હતો કે આ નાનકડો બાળક યુવરાજની સમસ્યાનું સમાધાન કેવી રીતે કરી શકશે.

છતાં, વીર વિક્રમાદિત્યના કહ્યા પ્રમાણે યુવરાજને બોલાવવામાં આવ્યો. યુવરાજ સામે આવતાં જ તે નાનકડા કુંવરે પરિચિતો જેવું વર્તન કર્યું. તેણે કહ્યું - 'આપ સૌ સ્નાન કરી આવો. સાથે જ બે મંચની વ્યવસ્થા પણ કરી આપો. ત્યાં બેસીને જ હું યુવરાજના પ્રશ્નોનું સમાધાન કરીશ.' તે નાનકડા બે વર્ષના બાળકના કહ્યા પ્રમાણે તમામ વ્યવસ્થા કરવામાં આવી. નગરજનો પણ આતુર થઈ રહ્યા હતા. બંને મંચની ચોપાસ ભીડ જામી ગઈ. સૌએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું. ખાસ બનાવવામાં આવેલા બંને મંચ હજી સુધી ખાલી હતા.

લોકોની આતુરતાનો અંત લાવતાં એક મંચ પર તે નાનકડો કુંવર બેઠો. બીજા મંચ પર બેસાડવા માટે તેણે જેનું નામ લીધું તે સાંભળી સૌ ચકિત બની ગયા. તેણે કહ્યું - 'આ જ નગરમાં ચન્ના ચર્મકારના ઘરે એક ભૂંડણીએ હમણાં જ એક બચ્ચાને જન્મ આપ્યો છે. તે નવજાત બચ્ચાને તમે લોકો લઈ આવો અને તેને આ ખાલી મંચ પર બેસાડો. ત્યારે જ પ્રશ્નનું સમાધાન થઈ શકશે.'

રાજાના કર્મચારીગણોએ ભૂંડણીના તે નવજાત બચ્ચાને લાવીને મંચ ઉપર મૂકી દીધું. કુંવરે યુવરાજને કહ્યું કે હવે આપ આપની સમસ્યા કહો. યુવરાજે પોતાનો પ્રશ્ન ફરી કહી સંભળાવ્યો કે દાન આપવા અને ન આપવાથી શું થાય છે?

પ્રશ્ન સાંભળી શિશુ રાજકુંવરે કહ્યું - 'યુવરાજ! દાન ત્રણ પ્રકારનાં હોય છે-અંશદાન, સમયદાન અને શ્રમદાન. પોતાની ધન-સંપત્તિનો એક અંશ આપવો, તેને પુણ્ય પ્રયોજન અર્થે વાપરવું તે અંશદાન. પોતાની પ્રતિભા અને સમયનું પુણ્યકાર્યમાં નિયોજન કરવું તે સમયદાન. જ્યારે પોતાનાં સામર્થ્ય અને પ્રતિભા સાથે શારીરિક શ્રમનો પુણ્યકાર્ય માટે ઉપયોગ તે શ્રમદાન ગણાય. આમાંથી શ્રમદાનનું પુણ્ય તો આપે જોઈ જ લીધું છે. તેના જ પ્રતાપે મારા પિતાશ્રીને પુત્રપ્રાપ્તિ થઈ છે.

હવે મારું એક રહસ્ય હું આપને જણાવું છું. આપ આપના પ્રશ્નના સમાધાન અર્થે ભ્રમણ કરી રહ્યા હતા ત્યારે જે વૃદ્ધ અને વૃદ્ધા આપને મળ્યાં હતાં તે હું અને પેલું ભૂંડણીનું બચ્ચું જ છીએ. હું પાછલા જન્મમાં રોજ કંઈક ને કંઈક દાન કરતો રહેતો. શ્રમ, સમય અને સામર્થ્યમાંથી થોડુંક પણ પુણ્ય પ્રયોજન અર્થે વાપરવાનું મારું વ્રત હતું, પરંતુ મારી પત્ની મારા આ કાર્યની સખત વિરોધી હતી. મારી દાનપ્રવૃત્તિમાં કાયમ વિઘ્ન નાખ્યા કરતી, કંકાસ કરવા લાગતી. તેનાં તેવાં કર્મોને લઈને જ તેને ભૂંડણીના બચ્ચા તરીકે જન્મ લેવો પડ્યો છે. હું મારા દાનના પ્રતાપે જ આ રાજકુળમાં જન્મ્યો છું અને મારી માનસિક નિર્મળતાને લીધે જ મને પૂર્વજન્મનું સ્મરણ પણ છે. બધાએ જોયું કે ભૂંડણીના તે નવજાત બચ્ચાની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં, જ્યારે નાનકડા રાજપુત્રના મુખ પર સત્યનું તેજ હતું. આ પ્રત્યક્ષ પ્રમાણ જોઈને બધાની સાથેસાથે યુવરાજ આર્યધ્વજને પણ દાનના મર્મનું જ્ઞાન થઈ ગયું.

**સફળતાનું શ્રેય ઉપાસનાને આપવામાં આવે અને અસફળતાનો દોષ પોતાના પ્રારબ્ધ અને પુરુષાર્થમાં ઊણપ માનીને પોતાના ઉપર ઓઢાડવામાં આવે. આ માપદંડને સ્વીકારીને શ્રદ્ધાને જીવંત રાખી શકાય છે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભાવ-સંવેદનાઓ માત્ર ભગવાન માટે

ગોસ્વામી તુલસીદાસની પૂર્વાશ્રમની આસક્તિથી સહુ પરિચિત છે. તેમણે પોતે પણ સ્વીકાર્યું છે અને સાહિત્યકારોએ પણ વિસ્તારપૂર્વક લખ્યું છે કે તુલસીદાસ પોતાની પત્ની વગર એક દિવસ પણ રહી શકતા નહતા. બાળપણમાં જ માતા-પિતા મૃત્યુ પામ્યાં, એક વૈષ્ણવ સંન્યાસીએ તેમને ઉછેર્યા અને વીતરાગ ગુરુ પાસેથી જેટલો મળી શકે તેટલો જ સ્નેહ-પ્રેમ તેમણે મેળવ્યો. રામકથા કહેવાનું શરૂ કર્યું તો પંડિતો-વિદ્વાનોએ પણ તેમનો તિરસ્કાર જ કર્યો. જીવનમાં ક્યારેય પ્રેમ મળ્યો જ નહીં. લગ્ન થયાં અને રત્નાવલી જેવી સુસંસ્કારી સ્ત્રી તેમની જીવનસાથી બની, જાણે અત્યાર સુધીનું તમામ ખાલીપણું ભરાઈ ગયું. પત્ની તરફથી મળતા પ્રેમ-સ્નેહને લીધે તુલસીદાસ પત્નીવશ થઈ ગયા. સ્થિતિ એવી થઈ કે તુલસીદાસને રત્નાવલી વગર એક દિવસ પણ રહેવું મુશ્કેલ થઈ પડ્યું.

દંતકથા હોય કે સત્ય, પરંતુ આ ઘટના ચોક્કસ મહત્ત્વપૂર્ણ છે. એક દિવસ રત્નાવલી તેના પિયર ગઈ. તુલસી તે વખતે નજીકમાં જ ક્યાંક રામકથા કરવા ગયા હતા, પાછા વળતાં એક-બે દિવસ થાય તેવું હતું. રત્નાવલીની ખબર કાઢવા તેનો ભાઈ આવ્યો, તો તેણે વિચાર્યું કે લાવ હું પણ એકાદ દિવસ મારાં મા-બાપ પાસે જઈ આવું. બન્યું એવું કે કથા ધાર્યા કરતાં વહેલી સમાપ્ત થઈ ગઈ અને તુલસીદાસ ઘરે વહેલા પાછા આવી ગયા. જોયું કે પત્ની ઘરે નથી. વળતા પગલે જ તેઓ સાસરી તરફ ચાલી નીકળ્યા. ચોમાસાના દિવસો હતા, નદીમાં પૂર આવ્યું હતું, તરતાં બરાબર આવડતું ન હતું. અંધારામાં કોઈક વસ્તુ તરતી દેખાણી. તેના સહારે તેઓ સામે કાંઠે પહોંચ્યા. સામે કાંઠે પહોંચીને તેઓ પેલી વસ્તુને નદી કિનારે બાંધવા લાગ્યા કે જેથી પાછા વળતાં તેની મદદ લઈ શકાય. ત્યાં જ વાદળોની ગડગડાટી સાથે વીજળીનો ચમકારો થયો. તેના પ્રકાશમાં તેમણે જોયું તો જે વસ્તુને સહારે તેઓ આ કાંઠે પહોંચ્યા હતા, તે કોઈ વૃક્ષની ડાળ કે લાકડાનું પાટિયું ન હતું, તે તો હતું એક મડદું. થોડીક વાર માટે તો તેઓ ગભરાયા પણ પછી સ્વસ્થતા ધારણ કરી અને સાસરીની દિશામાં ઉતાવળે ડગ માંડ્યા.

સાસરીમાં પહોંચીને જોયું તો દરવાજો બંધ હતો. આજુબાજુમાં પણ કોઈ ન હતું. તેમણે દરવાજાની કડી ખખડાવી, બારણે ટકોરા માર્યા, મોટેથી બૂમ પણ મારી જોઈ. વરસાદના અવાજ અને પવનના સુસવાટા વચ્ચે તેમનો અવાજ કોઈએ સાંભળ્યો નહીં. તેમણે ઘરની ચોતરફ આંટો મારી જોયો. પાછળની બાજુ જોયું કે છતની વળીને આધારે કંઈક લટકી રહ્યું છે. તેને પકડીને તેઓ ઉપર ચઢી ગયા. કહેવાય છે કે જેને તેઓ દોરડું સમજીને પકડીને ઉપર ચઢ્યા હતા, તે હકીકતમાં સાપ હતો. તર્ક કહે છે કે સાપને પકડીને કોઈ લટકી જ ન શકે. આમ કરતાં કાં તો તે દંશ દેશે અથવા હાથ લપસી જશે અથવા તો સાપનું શરીર જ તૂટી જશે. પરંતુ અહીં તર્કની આવશ્યકતા નથી. તથ્ય અને સંદેશ મહત્ત્વનાં છે. તથ્ય એ કે તુલસીદાસ વિરહ-વેદનાથી દાઝેલા હતા. સાપને દોરડું સમજી ઉપર ચઢી ગયા. રત્નાવલીને મળ્યા, પત્ની પોતાના પતિના અનુરાગથી પરિચિત હતી, પરંતુ તે ગાંડપણની હદ સુધીનો હશે તે નહોતી જાણતી. તેમને જોઈને તે પ્રસન્ન થઈ, પરંતુ સાથે જ મહેણું પણ માર્યું કે મારા પ્રત્યે જેટલો રાગ છે, તેટલી પ્રીતિ જો ભગવાન પ્રત્યે હોત તો સંસારનું પણ ભલું થાત અને તેમનું પોતાનું પણ. રત્નાવલીનો આ ભાવ એક દુહા તરીકે સુપ્રસિદ્ધ છે –

અસ્થિ ચર્મમય દેહ, તામેં ઐસી પ્રીતિ ।
હોતિ જો શ્રીરામ મહં, તો કાહે કી ભવ ભીતિ ॥

કહે છે કે આ પંક્તિઓએ તુલસીદાસને જાગ્રત કરી દીધા. તેઓ તરત જ પાછા વળ્યા અને ત્યારબાદ ક્યારેય ગૃહ સંસાર તરફ પાછા ફરીને ન જોયું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વારાણસીમાં જ્યાં તેઓ કુટિર બનાવી રહેતા હતા, ત્યાં પણ પછીથી રત્નાવલી આવી હતી. તેણે કુટિરનાં દ્વાર પર જ પોતાનું બાકીનું જીવન ગાળી દીધું. પતિની સામે જ શરીરત્યાગ કર્યો. તે જેટલો સમય ત્યાં રહી, પોતાની જાત પ્રત્યે ધન્યતા અનુભવતી રહી કે તેને સંસારને ભક્તિભાવમાં રત રહેવાનો સંદેશ આપનાર પતિ મળ્યો. પતિએ ભલે તેની સામે ફરીવાર ક્યારેય ન જોયું હોય, પરંતુ પત્ની પ્રત્યેની ભાવનાઓ ભગવાનમાં જ કેન્દ્રિત કરી લેનાર પતિને દૂરથી જોઈને પણ તે કૃતકૃત્ય થયા કરતી.

ભાવનાઓનું કેન્દ્ર હૃદય છે તેમ માનવામાં આવે છે. જે છાતીની વચ્ચે રહી ધબકતું માંસપિંડ છે અને સમગ્ર શરીરમાં રક્ત પ્રવાહ વહેતું કરે છે તે હૃદય નહીં. જે હૃદયને ભાવનાઓનાં કેન્દ્ર તરીકે ઓળખવામાં આવે છે, તેને યોગશાસ્ત્રોમાં ઊર્જાનાં એક વમળ તરીકે નિરૂપવામાં આવ્યું છે. આ વમળમાં ફસાઈને માણસ પોતાનું વ્યક્તિત્વ ભૂલી જાય છે. બુદ્ધિ અને વિચાર ત્યાં મૌન થઈ જાય છે, યુક્તિ અને તર્કનું કોઈ મહત્ત્વ રહેતું નથી અને બીજાઓને નકામી દેખાતી વસ્તુઓ પણ સંસારની સૌથી મૂલ્યવાન વસ્તુઓ લાગવા માંડે છે. દેશ સમાજ, ઉદ્દેશ્ય, ઈષ્ટ, પ્રિયપાત્ર અને અનુકૂળ વિષયોમાં મન જ્યારે રમમાણ થવા લાગે છે, ત્યારે ગમે તેટલો વિચાર કે તર્ક કરીએ તો પણ તે વિમુખ થતું નથી. વિચારની દષ્ટિએ જોઈએ તો દેશ, સમાજ કે કોઈક મોટા ઉદ્દેશ્ય માટે મરી ફીટવામાં કોઈ સમજદારી દેખાતી નથી. તો પણ લોકો પોતાનાં સુખ-વિલાસને ત્યજીને આગળ વધે છે, પોતાનો ઉત્સર્ગ કરે છે, હોંશે હોંશે મરી ફીટે છે.

સ્વામી વિવેકાનંદે એક જિજ્ઞાસુની જિજ્ઞાસાનું સમાધાન કરતાં સાધકોની સભામાં એકવાર કહ્યું હતું, - ''સાવધાન ! ભાવ સંપદાને દુન્યવી પ્રયોજનો કે પ્રપંચોમાં વેડફશો નહી. આ સંપદા માત્ર ભગવાન માટે જ છે.'' લોકો માત્ર એટલા ખાતર દુઃખી થાય છે કે તેઓ ભગવાન પ્રત્યે સમર્પણ ભાવ ઉત્પન્ન થતાં વિચાર અને તર્ક કરવા લાગે છે, ખરેખર તો ત્યાં ભાવનાથી કામ લેવું જોઈએ. બીજી બાજુ, લૌકિક પ્રપંચોમાં તેઓ ભાવુક થઈ જાય છે, જ્યારે ખરેખર તો ત્યાં બુદ્ધિ અને વિવેકનો ઉપયોગ કરવો જોઈએ. પ્રશ્ન એ હતો કે અંગત જીવનમાં ભાવશૂન્ય દેખાતા લોકો ભજન-કીર્તન દરમિયાન વિહ્વળ કેમ થઈ ઊઠે છે ? ભાવુકતા મોટેભાગે દુઃખનું કારણ બનતી હોય છે. ઈશ્વર પ્રત્યે જ્યારે તે જાગે છે, ત્યારે પણ કલેશ જ થાય છે. શું આ સ્થિતિથી બચી ન શકાય ?

ભાવનાઓ છે, તો તે જાગવાની જ. તેમને રોકી ન શકાય. દરેક વ્યક્તિના જીવનમાં એવી ક્ષણો અનિવાર્યપણે આવે છે, કે જ્યારે ભાવોનો જુવાળ ઊભરાવા માંડે છે. કેટલાક લોકો તેને વ્યક્ત કરી લે છે અને કેટલાક અંદર ને અંદર જ સમાવી લે છે. કેટલાક લોકો એક સુંદર પુષ્પને જુએ છે, તેને સમજે છે અને બૌદ્ધિક સ્તરે તેનો સ્વીકાર પણ કરે છે, પરંતુ તેમના મનમાં તેનાથી કશી સ્ફુરણા થતી નથી. રમ્ય પ્રભાત, પ્રકૃતિનું રમણીય વાતાવરણ, માસૂમ બાળકો, કલા-કૌશલ્યનાં પ્રદર્શનો, સુંદર અને સ્નિગ્ધ વ્યક્તિત્વ, અનુકરણ કરવા યોગ્ય સત્કાર્યો જોઈને પણ તેમનામાં ઉલ્લાસ ઉત્પન્ન થતો નથી. એટલા માટે નહીં કે તેઓ ભાવશૂન્ય હોય છે, પણ એટલા માટે કે તેમનાં હૃદય દ્વાર બંધ રહે છે અને જ્યારે આનંદિત થવાનો અવસર આવે છે, ત્યારે તેઓ તેનાથી થનાર નફા-નુકસાનનો હિસાબ કરવા બેસી જાય છે.

એક અન્ય સ્થિતિમાં, સાધારણ અપ્રિય પ્રસંગોએ પણ લોકોના મનમાં રોષ, વિષાદ, હતાશા અને ઉદ્ધતાઈના ભાવો પ્રગટ થવા લાગે છે. આપત્તિના સમયે તેઓ એટલા વિચલિત થઈ જાય છે કે તેના નિવારણ માટેના ઉપાયોનો વિચાર કરવાને બદલે તેઓ વિલાપ કરવા બેસી જાય છે. આવા લોકોને ભાવનાત્મક દષ્ટિએ દુર્બળ કહેવામાં આવ્યા છે. ભાવશૂન્યતા અને ભાવદૌર્બલ્ય બંને દોષ છે. તેમના નિવારણ માટેનો એક જ ઉપાય છે કે જ્યાં બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ, ત્યાં ભાવસંપદાનો ઉપયોગ કરવો નહીં અને જ્યાં ભાવનાઓનાં સમર્પણની જરૂર હોય, ત્યાં બુદ્ધિનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપયોગ ન કરવો.

બુદ્ધિનો ઉપયોગ ક્યાં જરૂરી નથી ? ભગવાન સમક્ષ પોતાની જાતને ખોલતી વખતે વિચાર અને તર્કમાં અટવાવું જોઈએ નહીં. ધ્યાન, પ્રાર્થના, ભજન, કીર્તન અને સત્સંગ વગેરે સાધનોમાંથી કોઈનો પણ અભ્યાસ હોય, ત્યાં બુદ્ધિનો ઉપયોગ વ્યર્થ પ્રતીત થશે. ઈશ્વર સામે સ્વને કોઈપણ રૂપમાં રજૂ કરતી વખતે શ્રદ્ધાભાવની જ અપેક્ષા રાખવામાં આવી છે. બૌદ્ધિક સ્તરે પણ ઈશ્વરની સત્તા, તેની પ્રેરણા, સંસાર અને સિદ્ધાંતોનું વિવેચન કરી શકાય છે, પણ જ્યારે સાધના ક્ષેત્રમાં ઝંપલાવવું હોય ત્યારે બુદ્ધિના ઊહાપોહને એક બાજુ મૂકી દેવામાં આવે છે, ભાવનાઓ જ નિયોજિત કરવામાં આવે છે.

ધ્યાન અને ભજન વખતે ભાવનાઓ આપમેળે જ ઊભરાવા માંડે છે. જોવા મળ્યું છે કે આ પ્રક્રિયાઓ દરમિયાન સાધકોની આંખો આપમેળે જ સજળ થઈ ઊઠે છે. કેટલીય દબાયેલી ભાવનાઓ ઊભરી આવે છે. ભાવશૂન્ય અને તર્ક કે વિચારને આધારે ચાલનાર વ્યક્તિ પણ સત્સંગ દરમિયાન કે ગુરુસત્તા સમક્ષ હાજર થતાં ભાવનાઓનો વિસ્ફોટ થતો અનુભવે છે. ધ્યાન આંદોલનના પ્રચાર માટે વર્ષોથી કાર્ય કરતી સંસ્થા વિવેક આશ્રમના સંયોજક સ્વામી અનંતાનંદે તેમના પોતાના અનુભવો નોંધ્યા છે. તે અનુસાર ધ્યાન-સત્સંગમાં આવનાર સાધકોને અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે. તેમની દમિત ભાવનાઓ હિલોળે ચડવા લાગે છે. ખાસ કરીને કીર્તનમાં અને ધ્યાનના સામૂહિક અભ્યાસ વખતે લોકો પોતાની જાતને રોકી શકતા નથી. તેઓ હીબકે ચડી જાય છે, ચીસો પાડે છે, શરીર ધ્રૂજવા લાગે છે અને કેટલાય સાધકો જમીન પર પડી જાય છે. સામાન્ય રીતે આ સ્થિતિ પીડા અને ભયનું કારણ બને છે, પરંતુ સાધનાના ક્ષેત્રમાં આ તીવ્ર આવેગ માત્ર છે. ભાવનાઓનો જુવાળ ઊઠે છે, ત્યારે મૂલાધાર ચક્ર સક્રિય થઈ જાય છે અથવા કોઈક અન્ય નાડીમાં ઊર્જાપ્રવાહ દોડવા લાગે છે.

થોડાક સમયના આવેગ બાદ ભાવનાઓનું શમન થઈ જાય છે અને તેઓ સંતુલિત થવા લાગે છે. ઘણુંખરું ભક્તોના જીવનમાં આનો આવેગ જોવા મળે છે, પરંતુ તે લયબદ્ધ અને સંતુલિત હોય છે. મીરાના અંતરજગતમાં ભક્તિનો આવેગ થતાં તે નૃત્ય કરવા લાગતી હતી. તેના કંઠેથી ગીતની સૂરાવલીઓ ફૂટી નીકળતી. તેઓ કોઈ શાસ્ત્ર ભણ્યાં નહોતાં, છતાં તેમણે રચેલાં પદો સાહિત્યમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે, તેમના લૌકિક જીવનમાં, સામાજિક કે કૌટુંબિક જીવનમાં ભાગ્યે જ ભાવ સંવેદનાઓ વ્યક્ત થતી, પરંતુ કૃષ્ણનું નામ સાંભળતાં જ તેઓ ભાવવિભોર થઈ જતાં.

મીરા સ્વભાવથી જ કૃષ્ણ પ્રત્યે સમર્પણ ભાવથી ભાવિત હતાં. તુલસીદાસના જીવનમાં ભગવાન પ્રત્યે સમર્પિત થવાની ઘટનાના મૂળમાં એક સાધારણ ઘટના હતી. ભગવદ્ભાવથી આવિષ્ટ થતાં તેમના જીવનનાં તમામ દુઃખ, કષ્ટ અને અભાવ જતાં રહ્યાં. અવળા સંજોગોમાં પણ તેમના મનમાં દૈન્યભાવ ક્યારેય ન આવ્યો. સૂરદાસને કેટલાક લોકો જન્માંધ માને છે, પરંતુ મોટાભાગના સમીક્ષકો માને છે કે તેમની નેત્રજ્યોતિ પાછળથી ઓલવાઈ હતી. પોતાની રચનાઓમાં તેમણે ભાવો અને દુન્યવી ક્રિયાઓને જે સૂક્ષ્મતાપૂર્વક અભિવ્યક્ત કર્યાં છે તે જોતાં એવું લાગે કે તેઓ જન્માંધ નહોતા. દાખલા તરીકે માખીનું ગોળ જોતાં જ તેના પર ચોંટી જવું કે ક્યાંક બેસીને પાછલા બંને પગે ઉપાડી તે પરસ્પર ઘસવાની સૂક્ષ્મ ઘટના જાતે જોયા વગર સમજી શકાતી નથી. સૂરદાસ જન્મથી જ અંધ નહીં હોય. જીવનચરિત લખનાર એક વર્ગ એવું પણ માને છે કે એક સ્ત્રી પ્રત્યે આકર્ષિત થતાં અને તે સ્ત્રીએ ઉગ્રપણે ઠપકો આપતાં તેઓ ક્ષુબ્ધ થઈ ગયા હતા. તે તિરસ્કારમાં ભગવાન પ્રત્યે ઉન્મુખ થવાનો સંકેત હતો. સૂરદાસે ક્ષુબ્ધ થઈને કર્યું હોય પરંતુ ખરેખર તેમના જીવનમાં ક્રાંતિ આવી. તેમણે એ નિશ્ચય સાથે પોતાની આંખો ફોડી નાંખી કે હવે પછી તેઓ તેમનાં અંતરચક્ષુથી માત્ર પોતાની અંદર રહેલાં ભગવાનની રૂપ-માધુરીનું જ રસપાન કરશે.

લૌકિક જીવનમાં ભાવનાઓ પ્રત્યે પરિપક્વ વલણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખવું જોઈએ. શ્રીકૃષ્ણ ભાવામૃત સંઘ (ઇસ્કોન)ના સંસ્થાપક સ્વામી ભક્તિ વેદાંતે તેમનો અનુભવ લખ્યો છે-''શરૂઆતથી જ મારી ઉપર ભાવનાઓની અસર નહિવત્ થતી. મારા કોઈક ઘનિષ્ઠ સંબંધીના મૃત્યુથી પણ મને દુ:ખ નથી થતું. તેના સંબંધીઓને આશ્વાસન આપતો એક પત્ર લખી દઉં છું, તેમાં દુ:ખી ન થવાની વિનંતી હોય છે. અનેક સાધકો છે, જે કોઈપણ વિપત્તિ કે દુર્ઘટનાથી વિચલિત થતા નથી. તેમના ઉપર પરિસ્થિતિઓનો કોઈ પ્રભાવ પડતો નથી. પરંતુ તે લોકો ભગવદ્ કથા સાંભળતી વખતે કેટલાક પ્રસંગો આવતાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડે છે. કથા-પ્રસંગો વખતે હું પોતે પણ મારી ભાવનાઓને હિલોળે ચડતી રોકી શકતો નથી. તે વખતનું રુદન અને વિલાપ પણ શાંતિ પ્રદાન કરે છે.''

સ્વામી ભક્તિ વેદાંતના જ એક શિષ્ય સ્વામી રાધારમણદાસે લખ્યું છે કે સાધના-ભજન સિવાયના બધા પ્રસંગોએ માત્ર બુદ્ધિનો ઉપયોગ કરશો, તો જોશો કે ત્યાં ભાવનાઓનો પ્રયોગ વ્યર્થ છે. એક નાનકડી સ્થિતિની કલ્પના કરો કે રસોડામાં ઉંદર ધમાચકડી મચાવી રહ્યો છે. તમે તેનાથી છુટકારો મેળવવા માગો છો. શું તમે તેને મારવા માટે મશીનગનનો ઉપયોગ કરશો ? નહી ને ? એક નાનકડું પાંજરું લાવશો, તેમાં રોટલીના ટુકડા લટકાવશો અને તે રીતે ઉંદરથી છુટકારો મેળવી લેશો. આ જ વાત સાંસારિક પ્રપંચોને પણ લાગુ પડે છે. તેને માટે ભાવુક થવામાં શાણપણ નથી. સાંસારિક સંબંધો અનિત્ય છે. વ્યવહારો પણ બંધાતા-છૂટતા રહે છે. તેમને એટલા ઘનિષ્ઠ કે સ્થાયી ન બનાવો કે જેથી તે ભાવનાઓ સાથે જોડાઈ જાય. ભાવનાઓની આ દિવ્ય સંપદા તો માત્ર ઈશ્વર ભક્તિ અને ઉચ્ચ આધ્યાત્મિક અનુભવો માટે જ સાચવી રાખો. તેમ કરતાં તક મળતાં એ જ ભાવનાઓ દિવ્ય અનુભવો માટેનાં વાહન અને યંત્રનું કામ કરશે. તેઓ ઉચ્ચ આધ્યાત્મિક શક્તિઓને માર્ગ આપશે.

કેટલાક સાધકો ફરિયાદ કરતા હોય છે કે ખૂબ પ્રયત્નો કરવા છતાં તેમને અનુભૂતિ થતી નથી. તેનું એક જ કારણ છે. અનુભૂતિનું ક્ષેત્ર ભાવલોક છે. તે ક્ષુદ્ર પ્રયોજનો કે લૌકિક વ્યવહારોમાં જ વ્યસ્ત છે. જે ક્ષેત્રમાં ભગવદ્ભાવ ઊતરવો જોઈએ, તેને લૌકિક વિષયો વડે ઘેરી રાખવામાં આવે છે અને ભગવાન માટે બીજું ક્ષેત્ર રાખ્યું છે. જે ક્ષેત્રમાં ભગવદ્ભાવનું અવતરણ થવાનું છે, તે ખાલી જ નથી. વિમાનીમથકે મોટરગાડીઓ ઊભી રાખવામાં આવે અને વિમાનને બસમથકે ઉતારવાના પ્રયત્નો કરવામાં આવે, તો તે કોઈ કાળે શક્ય બનશે નહિ. એક બીજા ઉદાહરણથી એમ પણ સમજાવ્યું છે કે ખોટા સરનામાવાળો પત્ર સાચી વ્યક્તિ સુધી ન પહોંચી શકે. સાચું સરનામું એ છે કે ભાવનાઓ માત્ર ભગવાન માટે અને બુદ્ધિ વ્યવહાર ક્ષેત્ર માટે હોવી જોઈએ. ભાવ જગતમાં જો કચરાપટ્ટી ભેગી કરી રાખી હશે તો સાધનાના ક્ષેત્રમાં હતાશા, ઉદાસી, ખિન્નતા અને અંતે અરુચિ જ હાથ લાગશે. બુદ્ધિનો પ્રયોગ કરતાં બહુ બહુ તો ઈશ્વર પ્રત્યે કેટલીક વિચિત્ર અને હાસ્યાસ્પદ લાગતી ધારણાઓ જ બંધાશે. તે ધારણાઓ બનતી-બગડતી રહેશે. જતા-આવતા પડછાયાની જેમ તે કોઈ પ્રભાવ ઉત્પન્ન કરી શકશે નહિ. એક દિવસ સાધન-ભજન છોડીને તમે ભગવાનની ઠેકડી ઉડાડતા દેખાશો.

આધ્યાત્મિક દૃષ્ટિએ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે સાંસારિક બનાવો વિશે પ્રતિક્રિયાની બાબતે શૂન્ય અને શાંત રહેવાય. ભજન-સાધન પાછળ તમામ શક્તિ લગાવી દેવામાં આવે. નિર્દોષ શિશુની જેમ ભગવદ્ કાર્યોમાં ભાગ લો. ત્યાંથી સંસારમાં પાછા આવો ત્યારે પોતાનું નેતૃત્વ બુદ્ધિના હાથમાં સોંપી દો. ભાવનાઓને પાછળ બેસી રહેવા દો. મંદિરોમાં લોકો ઉઘાડા પગે જાતે ચાલીને જાય છે. પૂજા-પાઠ, સેવા, સમર્પણ, દક્ષિણા, પ્રસાદ ઇત્યાદિ કૃત્યો સ્વહસ્તે જ સંપન્ન કરે છે. મંદિરથી બહાર નીકળતાં જ તેઓ આવશ્યક કાર્યો બીજાઓના ભરોસે કે સેવકો ઉપર છોડી દે છે. પોતાના અસ્તિત્વને ભાવપ્રધાન બનાવો તો ભગવાનના કાર્યોમાં તેને જ એટલે કે ભાવનાઓને જ નેતૃત્વ કરવા દો. બુદ્ધિ તો સેવક છે, સહાયક છે. તેને દુનિયા સાથેના વ્યવહારો માટે જ રહેવા દો.

❋❋❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# રોગ નિવારણ માટે જ નહીં, આત્મિક પ્રગતિ માટે કરો પ્રાણાયામ

પ્રાણાયામ એક એવી ક્રિયા છે, કે જેનાથી માત્ર પ્રાણવાયુનો મહત્તમ પુરવઠો જ આપણા અંગોને નથી મળતો, પણ સાથેસાથે આપણા આંતરિક અંગોનો વ્યાયામ પણ સારી રીતે થાય છે. આમ, સ્વાસ્થ્યની રીતે તો તે ઉપયોગી છે જ, તેના વડે આત્મોન્નતિ પણ શક્ય છે. યોગનું આ એક નિર્વિવાદ સત્ય છે.

સામાન્ય શરીર વિજ્ઞાનમાં માનવ શરીરમાં કામ કરતાં જુદાં જુદાં તંત્રો છે. જેમાં મુખ્ય છે - ચેતાતંત્ર, ગ્રંથિતંત્ર, શ્વસનતંત્ર, રુધિરાભિસરણ તંત્ર અને પાચન તંત્ર. આ બધા ઉપર પ્રાણાયામનો ઊંડો પ્રભાવ પડે છે. મલોત્સર્ગ સાથે સંકળાયેલાં મુખ્ય અંગો છે - આંતરડાં, મૂત્રપિંડ અને ફેફસાં. આમાંથી આંતરડાં અને મૂત્રપિંડ પેટમાં આવેલાં છે, જ્યારે ફેફસાં છાતીમાં હોય છે. સામાન્ય રીતે શ્વાસોચ્છ્શ્વાસ વખતે ઉદરના સ્નાયુઓ ક્રમશઃ ઉપર-નીચે થાય છે, જેનાથી આંતરડાં અને મૂત્રપિંડના વ્યાયામ અને માલિશ થતા રહે છે. પ્રાણાયામમાં પૂરક, રેચક અને કુંભક કરતી વખતે આ વ્યાયામ અને માલિશ વધુ સ્પષ્ટરૂપે અને સારી રીતે થાય છે. આના લીધે જો ક્યાંય પણ રક્ત જામી ગયું હોય, તો આ હલનચલનને કારણે તેના પર જોર આવવાથી, ત્યાંથી તે ઓગળી જાય છે. એટલું જ નહીં, આંતરડા અને મૂત્રપિંડની ક્રિયાઓને નિયંત્રિત કરતા સ્નાયુઓ અને માંસપેશીઓ પણ સુદૃઢ થઈ જાય છે.

આવું જ ફેફસાં સાથે પણ થાય છે. શ્વસન ક્રિયા સુપેરે ચાલતી રહે તે માટે શ્વસનતંત્રને સહાયક માંસપેશીઓ સુદૃઢ હોય અને ફેફસાં લચકદાર હોય તે જરૂરી છે. શારીરિક રીતે પ્રાણાયામ દ્વારા આ માંસપેશીઓ અને ફેફસાંની શુદ્ધિ થાય છે અને કાર્બનડાયોક્સાઈડ વાયુનો સારી રીતે નિકાલ થાય છે.

આહારને પચાવનારાં અને તેને રસમાં ફેરવનારાં અંગો પર પણ પ્રાણાયામની સાનુકૂળ અસર થાય છે. અન્નને પચાવનારાં આમાશય, તેના પાછલા ભાગમાં સ્થિત સ્વાદુપિંડ અને યકૃત મુખ્ય ભાગ ભજવે છે. પ્રાણાયામમાં આ તમામની કસરત થાય છે. આ યોગાભ્યાસમાં ઉદરપટલ (Diaphragm) અને પેટની માંસપેશીઓ વારાફરતી ખૂબ સંકોચાય અને ફેલાય છે, જેનાથી પાકોપયોગી અંગોને સારી પેઠે વ્યાયામ મળે છે. જેઓને મંદાગ્નિ અને કબજિયાતની તકલીફ રહે છે, તેમાંના ઘણા લોકોના યકૃતમાં રક્ત જામેલું રહે છે, પરિણામે તેનું કાર્ય દોષયુક્ત હોય છે. આ રક્તસંચયને દૂર કરવા માટે પ્રાણાયામ એક ઉત્તમ સાધન છે.

કોઈપણ મનુષ્યના સ્વાસ્થ્ય માટે એ અત્યંત આવશ્યક છે કે તેની રક્તવાહિનીઓમાં પ્રવાહિત થતાં રક્તને ઓક્સિજન પુષ્કળ પ્રમાણમાં મળતો રહે. યોગશાસ્ત્રમાં નિર્દિષ્ટ પદ્ધતિ પ્રમાણે પ્રાણાયામ કરવાથી રક્તને જેટલો ઓક્સિજન મળે છે, તેટલો અન્ય કોઈપણ વ્યાયામ દ્વારા મળતો નથી. એનું કારણ એ નથી, કે પ્રાણાયામ કરતી વખતે વ્યક્તિ વધુ પ્રમાણમાં ઓક્સિજન લે છે, પરંતુ તેનાં શ્વસનતંત્રનાં અંગોને સારી રીતે કસરત મળતાં આવું થાય છે.

જે લોકો પોતાની શ્વસન-ક્રિયાને સુવ્યવસ્થિત રાખવા કોઈપણ પ્રકારનો વ્યાયામ કરતા નથી, તેઓ તેમનાં ફેફસાંના થોડાક ભાગ વડે જ શ્વાસ લે છે, મોટાભાગનું ફેફસું નકામું જ પડી રહેતું હોય છે. આ રીતે નિષ્ક્રિય રહેનારો ભાગ મોટાભાગે ફેફસાંનો અગ્રભાગ હોય છે. તેમાં વાયુસંચાર સારી રીતે થતો નથી, પરિણામે ટી.બી.નાં જીવાણુઓ ત્યાં આશ્રય મેળવીને વિકસતાં રહે છે. જો પ્રાણાયામ વડે ફેફસાંના દરેક ભાગને કામ કરતો કરી દેવામાં આવે અને તેનો પ્રત્યેક ભાગ દિવસમાં એક કરતાં વધુ વાર શુદ્ધ હવા સાથે ભળતો રહે તો, તો આવાં જીવાણુઓના આક્રમણને ટાળી શકાય અને સ્વાસ્થ્ય સંબંધી આવા અનેક રોગોથી બચી શકાય.

પ્રાણાયામ વડે પાચન, શ્વસન અને ઉત્સર્ગી અંગોની ક્રિયા સારી રીતે થતી રહેવાથી રક્ત શુદ્ધ રહે છે. આ જ રક્ત શરીરના તમામ અવયવોમાં પહોંચે છે. આ કાર્ય રક્તવાહક અંગોનું, ખાસ કરીને હૃદયનું છે. રક્તસંચાર સાથે સંલગ્ન મુખ્ય અંગ હૃદય છે અને પ્રાણાયામ દ્વારા તે વધુ સ્વસ્થ થવાથી સમગ્ર રુધિરાભિસરણ તંત્ર સારી રીતે કામ કરતું થાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરંતુ વાત અહીં પૂરી થતી નથી. ભસ્ત્રિકા પ્રાણાયામમાં, ખાસ કરીને તેનો કપાલભાતિ મળતો આવતો ભાગ વાયવીય સ્પંદન શરીરના દરેકેદરેક સ્થૂળ-સૂક્ષ્મ અવયવને, અગોચર એવી નાડીઓ અને શિરાઓ સુધ્ધાંને હચમચાવી નાંખે છે. આમ પ્રાણાયામથી સૂક્ષ્માતિસૂક્ષ્મ અવયવોની ક્રિયાશીલતા વધી જવાથી તે સુપેરે કામ કરવા લાગે છે.

નાડી શોધન પ્રાણાયામમાં શરીરની સૂક્ષ્મ નાડીઓ મલ-વિક્ષેપોથી મુક્ત થવા લાગે છે. આ પ્રાણાયામનો તે વધારાનો લાભ છે, કારણ કે અંતરંગોનો વ્યાયામ પણ તે જ રીતે થાય છે, જે રીતે અન્ય પ્રાણાયામોથી થાય છે, પરંતુ નાડીઓની શુદ્ધિ માત્ર આ પ્રાણાયામથી જ થાય છે.

ભ્રમરી પ્રાણાયામથી શરીરનાં આંતરિક અંગોની માલિશ ઉપરાંત ભ્રમરનાદથી ઉત્પન્ન થતાં કંપન વડે સમગ્ર મુખમંડલની માંસપેશીઓને વ્યાયામ મળે છે. આ સ્થૂળ લાભ ઉપરાંત તેનાથી માનસિક એકાગ્રતા અને પ્રાણની સ્થિરતાને લગતા સૂક્ષ્મ લાભ પણ મળે છે.

શીતલી પ્રાણાયામથી અન્ય લાભો ઉપરાંત દેહને શીતળતા મળે છે. ગરમ પ્રકૃતિવાળા લોકો માટે આ પ્રાણાયામ વિશેષ લાભદાયક છે. ઉજ્જયી પ્રાણાયામથી કંઠની માંસપેશીઓને કસરત મળે છે. તે પેટના રોગોમાં ઉપયોગી છે. લોમ-વિલોમ સૂર્યવેધન પ્રાણાયામથી શ્વાસની સાથે ખેંચાઈ આવતો પ્રાણ નાભિસ્થિત સૂર્યચક્રને જાગ્રત કરે છે, તેના આલસ્ય અને અંધકારને છેદે છે. જેથી સૂર્યચક્ર ઉદ્દીપ્ત થઈ પોતાની પરિધિને ભેદતું સુષુમ્ણા માર્ગે ઉદર, છાતી અને કંઠ સુધી પોતાનું તેજ પ્રસરાવે છે. તેથી જ તેને સૂર્યવેધન પ્રાણાયામ કહે છે.

પ્રાણાકર્ષણ પ્રાણાયામથી સામાન્ય લાભો ઉપરાંત શરીરમાં પ્રાણની માત્રા વધવા લાગે છે. આ વધતા પ્રાણથી શરીરસ્વસ્થતા પણ વધવા લાગે છે અને વ્યક્તિ મનોબળ સંપન્ન બને છે. મનોબળ વધવાથી જે કાર્યોમાં અન્ય વ્યક્તિઓ નિષ્ફળ જાય છે, તે જ કાર્યોમાં સફળતા તેનાં ચરણ ચૂમે છે, તદુપરાંત અભ્યાસી ચૈતન્યતા, ઉત્સાહ, સાહસ, ધૈર્ય, પરાક્રમ જેવાં તત્ત્વોથી પણ ઓતપ્રોત થઈ જાય છે.

પ્રાણાયામથી મસ્તિષ્ક અને મેરુદંડને પણ શક્તિ મળે છે. શરીરશાસ્ત્રીઓ એ બાબતે એકમત છે કે શ્વાસ લેતી વખતે મસ્તિષ્કમાંથી દૂષિત રક્ત પ્રવાહિત થાય છે અને શુદ્ધ રક્ત તેમાં સંચરિત થાય છે. જો શ્વાસ ઊંડો હોય, તો દૂષિત રક્ત એકસાથે વહેવા માંડે છે અને હૃદયમાંથી જે શુદ્ધ લોહી તેમાં આવે છે તે પણ વધુ પરિશુદ્ધ થાય છે. પ્રાણાયામનું એ વિધાન છે કે તેમાં શ્વાસ ઊંડામાં ઊંડો લેવો જોઈએ. પરિણામે મસ્તિષ્કમાંથી તમામ દૂષિત રક્ત વહી જાય છે અને હૃદયનું શુદ્ધ રક્ત તેને વધુ પ્રમાણમાં મળે છે. યોગ ઉડ્ડિયાન બંધની રજુઆત કરીને આ સ્થિતિને વધુ સ્પષ્ટ કરે છે. આ બંધ દ્વારા આપણને એટલું બધું શુદ્ધ રક્ત મળે છે કે એટલું અન્ય કોઈ શ્વાસોચ્છ્વાસના વ્યાયામથી મળતું નથી. પ્રાણાયામથી જે સ્ફૂર્તિ અને શક્તિ આપણને મળે છે, તેનું આ જ વૈજ્ઞાનિક કારણ છે.

મેરુદંડ અને તેને સંલગ્ન સ્નાયુઓમાં આપણે જોઈએ છીએ કે આ અંગોની ચારે બાજુ રક્તનો પ્રવાહ સામાન્ય રીતે મંદ હોય છે. પ્રાણાયામથી આ અંગોમાં રક્તની ગતિ વધી જાય છે અને તે રીતે તેમને સ્વસ્થ રાખવામાં પ્રાણાયામ મદદરૂપ થાય છે.

યોગમાં કુંભક કરતી વખતે મૂલ, ઉડ્ડિયાન અને જાલંધર એમ ત્રણ પ્રકારના બંધ કરવાનો નિર્દેશ છે. આ બંધોનો અભ્યાસ કરવાથી પૃષ્ઠવંશની, કે જેમાં મેરુદંડ આવેલો છે અને તેની સાથે જોડાયેલા સ્નાયુઓની ઉત્તમ પ્રકારે કસરત થાય છે. આ બંધો કરવાથી પૃષ્ઠવંશને યથાસ્થાને રાખનારી માંસપેશીઓ અને તેની તંત્રિકાઓ ફેલાય-સંકોચાય છે. જેથી તેમાં રક્તસંચાર વધે છે. બંધો ન કરવામાં આવે તો પણ પ્રાણાયામની સામાન્ય પ્રક્રિયા જ એવી છે કે તેનાથી પૃષ્ઠવંશની ઉપરની બાજુએ સાધારણ ખેંચાણ થાય છે, જેથી મેરુદંડ અને તેની સાથે જોડાયેલા સ્નાયુઓને સ્વસ્થ રાખવામાં મદદ મળે છે.

પ્રાણાયામથી દેહના જુદા જુદા ભાગો અને અવયવો ઉપર દબાણ આવે છે. આ દબાણથી જે તે ક્ષેત્રનો રક્તસંચાર વધી જાય છે. રક્તનું આવાગમન સુવ્યવસ્થિત થઈ જવાથી તે અંગોના સ્વાસ્થ્ય ઉપર પણ અસર પડે છે. તેને લીધે વ્યક્તિ ધીમે ધીમે આત્મવિશ્વાસ સાધતી છેવટે ચરમ લક્ષ્ય સુધી પહોંચી જાય છે. પ્રાણાયામ એક હાનિરહિત યોગાભ્યાસ છે. બધાએ પ્રાણશક્તિની પ્રાપ્તિ માટે નિયમિત રીતે પ્રાણાયામ કરવા જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યુગગીતા-૧૯

# હું જાણું છું કે તમે કોણ છો અને શા માટે આવ્યા છો.

## (ગીતાનાં ચતુર્થ અધ્યાય-જ્ઞાનકર્મસંન્યાસયોગની યુગાનુકૂલ વ્યાખ્યા)

**આ અંકમાં અમે ચોથો અધ્યાય શરૂ કરી રહ્યા છીએ. આ પૂર્વેના ત્રણ અધ્યાયોમાં ૧૮ લેખો દ્વારા યોગેશ્વર શ્રીકૃષ્ણ અને યુગદ્રષ્ટા પરમપૂજ્ય ગુરુદેવના ચિંતનના સંબંધમાં અત્યંત મહત્ત્વપૂર્ણ અને જન-જનને ઉપયોગી એવું ચિંતન રજૂ કરી ચૂક્યા છીએ. આ બધા લેખ સંકલિત સ્વરૂપે 'યુગગીતા' ગ્રંથના પ્રથમ ભાગ રૂપે વાચકવૃંદ સમક્ષ થોડા સમયમાં આવી રહ્યા છે. ચોથા અધ્યાયનું શીર્ષક છે – 'જ્ઞાનકર્મસંન્યાસયોગ.'**

જ્ઞાનકર્મસંન્યાસયોગ નામના આ અધ્યાયમાં જ્ઞાન, કર્મ, સંન્યાસના સમુચ્ચયરૂપ યોગની વ્યાખ્યા છે. એમાં મૂળ રૂપે ચાર પ્રકરણોનું વિશદ વિવેચન પણ છે. પ્રથમ પ્રકરણ છે અવતાર ચેતનાનું પ્રાગટ્ય, તેના હેતુ વિશે. બીજું પ્રકરણ કર્મ, અકર્મ અને વિકર્મની વ્યાખ્યા વિશે. ત્રીજું પ્રકરણ છે યજ્ઞ વિશે. યજ્ઞ શું છે ? તે કેટલા પ્રકારના છે ? તેને દર્શનની રીતે કઈ રીતે સમજી શકાય ? ચોથું પ્રકરણ છે જ્ઞાનનું. જ્ઞાનનાં મહત્ત્વ વિશે, સંશયોથી મુક્ત થઈ જ્ઞાનપ્રાપ્તિ વડે કર્મમાં તત્પર થવા વિશે. ચારેય એકબીજા સાથે જોડાયેલાં છે. વ્યાખ્યાના માધ્યમથી તેમની પરસ્પર સંગતિ ધીમે ધીમે સમજાતી જશે. અહીં ધ્યાન રાખવું ઘટે કે યોગેશ્વર શ્રીકૃષ્ણ પ્રથમ છ અધ્યાયોમાં મૂળભૂત રીતે કર્મયોગની ચર્ચા કરે છે. કર્મયોગની સાથે સાથે જ તેઓ જ્ઞાનયોગ અને ભક્તિયોગના તલસ્પર્શી મુદ્દા પણ ચર્ચતા જાય છે, વળી આ અધ્યાયનું નામ પણ છે-જ્ઞાન-કર્મ-સંન્યાસ-યોગ. ઘણા લોકો માને છે કે ગીતા માત્ર સંન્યાસીઓ માટે જ છે અથવા તે વાંચવાથી ગૃહસ્થ સંન્યાસી બની જાય છે. એવું નથી. ગીતા એક ગૃહસ્થ (શ્રી કૃષ્ણ) દ્વારા બીજા ગૃહસ્થ (અર્જુન)ના માધ્યમથી આપણે સૌ ગૃહસ્થ ધર્મ કે અન્ય ધર્મનું પાલન કરનારાઓ માટે કહેવાઈ છે. જ્યાં સુધી સંન્યાસને લાગેવળગે છે, તેનો અર્થ છે 'કર્મણા ન્યાસઃ ઈતિ કર્મ સંન્યાસઃ' અર્થાત્ કર્મનો નાશ કરી દો, તેનું ટ્રસ્ટ બનાવી દો. કર્મનું ફળ ઈશ્વરને સમર્પિત કરી દો. આ વિસ્તૃત થિયરી ચોથા અધ્યાયમાં આપેલ છે અને તેની જ વિશદ વ્યાખ્યા પાંચમા-છઠ્ઠા અધ્યાયમાં કરવામાં આવી છે.

જ્ઞાનકર્મસંન્યાસયોગ અધ્યાયની શરૂઆત શ્રી ભગવાનની સ્વીકારોક્તિથી થાય છે કે આ ગીતારૂપી યોગનું ગૂઢ જ્ઞાન તેમના માધ્યમથી એટલે કે ઈશ્વરીય સત્તાના માધ્યમથી ધરતી પર ઊતર્યું છે. તમામ કર્મોનું એકમાત્ર કારણ, તેમના એકમાત્ર સર્જનહાર અને પરમ નિયંતા કોણ છે, તે જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. તે જ સમગ્ર સમષ્ટિમાં ક્રીડા કરી રહ્યો છે. તેની કાર્યપદ્ધતિ સમજી લીધા બાદ માનવમાં દિવ્યતાનો સમાવેશ થાય છે. સમષ્ટિ સાથે વ્યષ્ટિના તાદાત્મ્યનો અર્થ છે-આ ભૂમંડળ ઉપર ઈશ્વર જેવી પૂર્ણતા, ઐશ્વર્યયુક્ત સામર્થ્ય, સૌંદર્ય અને પરમશક્તિથી યુક્ત થઈ કરવું, અત્યંત સુંદર કાવ્યાભિવ્યક્તિ સાથે નિરંતર જ્ઞાન અને કર્મયોગનું જ્ઞાન, કર્તાભાવના ત્યાગનું વર્ણન નિઃસ્વાર્થ ભાવે પ્રવાહિત થયું છે. તે જ આ અધ્યાયની વિશેષતા છે.

ભગવાન કહે છે કે જેની તેમણે પાછલા અધ્યાયોમાં વ્યાખ્યા કરી છે, તે કર્મયોગનો કોઈ વ્યક્તિગત સિદ્ધાંત નથી. તે તો શ્રદ્ધાભાવથી સૈકાઓથી પરંપરારૂપે ચાલતો આવ્યો છે અને તે જ ભારતીય સંસ્કૃતિનો સનાતન-અવિનાશી આધાર છે. જો કે આ યોગ રહસ્યમય છે, ગહન ભાવથી યુક્ત છે (રહસ્યં હ્યેતદુત્તમમ્). શરૂઆતમાં કોઈકને ગોઠે કે ન ગોઠે, પણ પાત્રતા અને ઈશ્વરીય કૃપાથી જે કોઈ આને સમજી લે છે, તે સંસારરૂપી મહાસાગરની આ હાલકડોલક થતી સફરને પાર કરે છે. આ જ આરંભના ત્રણ શ્લોકોની ભૂમિકા છે અને તેઓ અર્જુનને તે કેમ કહી રહ્યા છે, તે પણ આમાં સમજાવે છે.

ઈમં વિવસ્વતે યોગં પ્રોક્તવાનહમવ્યયમ્ ।
વિવસ્વાન્મનવે પ્રાહ મનુરિક્ષ્વાકવેઽબ્રવીત્ ॥ ૪/૧

"મેં આ અવિનાશી યોગ સૌ પ્રથમ ભગવાન સૂર્યને સંભળાવ્યો હતો. સૂર્યએ તેના પુત્ર વૈવસ્વત મુનિને અને મનુએ તેના પુત્ર (સૂર્યવંશી રાજાઓના પ્રસિદ્ધ પૂર્વજ) ઈક્ષ્વાકુને કહ્યો હતો."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એવં પરંપરાપ્રાપ્તમિમં રાજર્ષયો વિદુઃ ।
સ કાલેનેહ મહતા યોગો નિષ્ટઃ પરંતપ ॥ ૪।૨

"હે પરંતપ અર્જુન ! આ રીતે પરંપરાથી પ્રાપ્ત થયેલા આ યોગને રાજર્ષિઓએ જાણ્યો. તેમ છતાં અનંત શતાબ્દીઓ વીતી જતાં આ મહાન જ્ઞાન સંસારમાંથી લુપ્તપ્રાય થઈ ગયું."

સ એવાયં મયા તેડદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ ।
ભક્તોડસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદુત્તમમ્ ॥ ૪।૩

"તે જ પુરાતન યોગ આજે હું તને કહી રહ્યો; કેમ કે તું મારો ભક્ત અને મિત્ર છે. આ અત્યંત ગૂઢ રહસ્યથી ભરેલું જ્ઞાન છે અને તું એ જાણવા માટેનું યોગ્ય પાત્ર પણ છે."

આ ત્રણ શ્લોકોથી આ અતિ મહત્ત્વપૂર્ણ ચતુર્થ અધ્યાયની ભૂમિકા બંધાય છે. અર્જુન સ્વભાવે તરત જિજ્ઞાસુ થઈ જાય છે, ભ્રમિત પણ થઈ જાય છે. 'ઈમં વિવસ્વતે યોગં પ્રોક્તવાનહમવ્યયમ્'–આ અવિનાશી યોગ મેં સૂર્ય ભગવાનને આપ્યો, એવું સાંભળીને તે વિચારે છે કે કાં તો આ કથન મિથ્યા છે અથવા તો ભગવાનનાં આ શબ્દોમાં કોઈક ગૂઢ રહસ્ય છુપાયેલું છે. તે સીધો પ્રશ્ન કરે છે –

અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ ।
કથમેતદ્વિજાનીયાં ત્વમાદૌ પ્રોક્તવાનિતિ ॥ ૪।૪

"આપનો જન્મ પછીનો છે અને સૂર્યનો જન્મ પહેલાંનો છે; અર્થાત્ કલ્પ પૂર્વેનો તો આપે આ જ્ઞાન કલ્પની પૂર્વે સૂર્યને આપ્યું. એમ હું શી રીતે જાણું ?"

અહીં યોગેશ્વર શ્રીકૃષ્ણ સામે લૌકિક રીતે એક જિજ્ઞાસા આવી, જે તેમના જ કથનના પ્રત્યુત્તર રૂપે જન્મી છે.

અર્જુન પણ સૂર્યનો જન્મ આદિકાળથી થયેલો માને છે, અને અવતારવાદ ન સમજી શકવાને લીધે તે એ સમજવા અસમર્થ છે, કે શ્રીકૃષ્ણે ભગવાન સૂર્યને ક્યારે આ જ્ઞાન કહ્યું અને કાળક્રમે ક્યારે તે હવે સૂર્યને સ્થાને એક શ્રોતા બનીને આવી ઊભો છે. સૂર્યને વસ્તુતઃ એક આદર્શ રૂપે આ અવિનાશી યોગના પ્રથમ શ્રોતા તરીકે ભગવાને ઉલ્લેખ્યો છે. 'સુવતિ પ્રેરયતિ લોકઃ ઈતિ સૂર્યઃ'–જે પોતાનાં કાર્યોથી સમગ્ર જગતને કાર્યરત રહેવાની પ્રેરણા આપે, તે સૂર્ય. કર્મમાં કોઈ શૈથિલ્ય નહી, સતત કર્તવ્યપરાયણતાનો પાઠ શીખવાડે, તે સૂર્ય. સૂર્ય–મનુ–રાજર્ષિઓ અને ત્યાર બાદ લુપ્ત થઈ જતાં, અર્જુનને નિમિત્ત બનાવીને ભગવાન આ વિરાટ જ્ઞાનને લોકો સમક્ષ મૂકી રહ્યા છે. ગાયત્રીના દેવતા – સવિતા દેવતા–સૂર્યથી શરૂ થયેલ આ ગીતાનું જ્ઞાન ગુરુના માધ્યમથી જન–જન સુધી પહોંચે છે. ગીતા, ગાયત્રી અને ગુરુનો પરસ્પર સમન્વય છે આ વિલક્ષણ જ્ઞાન. માટે જ ગીતા આપણા સૌ માટે એક અનિવાર્ય પાઠ્યપુસ્તક છે.

ભગવાન જ્યારે કહે છે કે – 'સૌથી પહેલાં મેં આ જ્ઞાન સૂર્યને કહ્યું.' – ત્યારે તેમના આ 'મે'ને , તેના મર્મને ઓળખવો જોઈએ. ભગવાનનું આ 'મે' અહંજનિત નથી. આ 'મે' સમષ્ટિગત છે તેમના આ 'મે'માં પરબ્રહ્મની વ્યાખ્યા કરી રહ્યા છે. પરમાત્માનું 'મે' અર્થાત્ સમષ્ટિગત 'મે' સમસ્ત ઈકોસિસ્ટમનું પ્રતીક છે આ વિરાટ અહં 'મે.' ભગવાન ઐશ્વર્યયુક્ત સત્તાનું નામ છે, માટે જ ઈશ્વર છે. તે ઈશ્વર કહી રહ્યા છે, જે દેવકીનંદન છે, બાળ–ગોવાળો સાથે, ગોપીઓ સાથે રમે છે તે. દુર્યોધન તેમને જેવા સમજે છે તેવા ગોવાળિયા કૃષ્ણ નહીં. આ સમજવું ખૂબ જરૂરી છે. શું કહે છે ભગવાન–

બહુનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન ।
તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરંતપ ॥ ૪।૫

"હે પરંતપ ! તારા અને મારા ઘણા જન્મ થઈ ચૂક્યા છે. તે બધાને તું જાણતો નથી, પણ હું જાણું છું."

ભગવાન એક આશ્ચર્યજનક રહસ્યોદ્ઘાટન કરી રહ્યા છે. આપણે સૌ અનેક જન્મ ધારણ કરી ચૂક્યા છીએ, આપણે અસંખ્ય અનુભવો એકત્ર કર્યા છે અને આજે આપણે જે કાંઈ છીએ તે આપણા અત્યાર સુધીનાં અનુભવો અને પ્રતિક્રિયાઓનું પરિણામ જ છે. પૂર્વ જન્મોમાં સંચિત જ્ઞાન–સંપદાના પરિપાકરૂપે જ આપણે આ જન્મમાં કેટલાક સંસ્કારોના જ્ઞાનથી માનવ ગરિમાને અનુરૂપ જીવન જીવવા માટે કાર્યરત છીએ, પરંતુ આપણે વર્તમાન શારીરિક ઉપાધિઓમાં એટલા રગદોળાઈ ગયા છીએ, આપણાં તાત્કાલિક સુખ–દુઃખ, કામોદ્વેગ, પીડા, રાગ–દ્વેષાદિમાં એટલા તલ્લીન રહીએ છીએ કે જીવનની ઘટનાઓથી દૂર ઊભા રહી આપણે તેના દ્રષ્ટા બની શકતા નથી. માટે જ, ખરેખર આપણે કોણ છીએ તે જાણી શકતા નથી. ભગવાન એ જ વાત કહે છે કે તમે તો નથી જાણતા, પરંતુ હું બધું જાણું છું કે હું કોણ હતો અને કોણ છું ? વાત અત્યંત ગૂઢ છે.

અવતાર લીલા વસ્તુતઃ અતિ ગહન વિષય છે. ભગવાન સશરીર આવે છે, લીલા કરે છે, આ જ્ઞાન પ્રભુકૃપા વિના શક્ય જ નથી. એ કહેવું બહુ જ સરળ છે કે–'અહં બ્રહ્માસ્મિ' હું જ સચ્ચિદાનંદ પરબ્રહ્મ છું, પરંતુ છ પ્રકારનાં ઐશ્વર્યોથી યુક્ત ભગવાન જાતે જ રક્ત–માંસનું શરીર ધારણ કરી મનુષ્ય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રૂપે સંસારમાં આવે છે, પ્રાણીઓનો ઉદ્ધાર કરે છે, એવું જ્ઞાન મેળવવા માટે પ્રભુકૃપા-ગુરુની દિવ્ય કૃપા જરૂરી છે. ઋષિ-મુનિ ઉગ્ર તપસ્યા કર્યા પછી પણ 'અવતાર તત્ત્વ'નું જ્ઞાન મેળવી શકતા નથી. પુરાણોમાં ઉલ્લેખ આવે છે કે નૈમિષારણ્યમાં સહસ્રોસહસ્ર ઋષિ-મુનિ હતા. તે બધાએ ભગવાન શ્રીરામને જોયા હતા, પરંતુ તેમને અવતાર રૂપે જાણનારા ભારદ્વાજ જેવા કેટલાક ગણ્યાગાંઠ્યા ઋષિઓ જ હતા. અન્ય બધા તેમને દશરથના પુત્ર તરીકે ઓળખતા. માત્ર ભારદ્વાજે જ તેમના અવતાર રૂપની પૂજા કરી હતી. શ્રીકૃષ્ણ સાથે રહેવા છતાં અર્જુન તેમને ભગવાન રૂપે ઓળખી શક્યો નહોતો, જ્યારે તેમની કૃપા થઈ, દિવ્ય ચક્ષુ મળ્યાં ત્યારે જ જાણ થઈ કે શ્રીકૃષ્ણનું અસલી સ્વરૂપ શું છે.

આપણામાંથી કેટલા લોકો જાણી શક્યા છે, એ તત્ત્વ આત્મસાત્ કરી શક્યા છે કે આપણા ગુરુ લખતા અને ગાતા રહ્યા, તો પછી આપણામાં અવતારી સત્તાના સહચર હોવાના ગુણ કેમ ન આવી શક્યા. કદાચ એટલા માટે કે આપણે જ સંશયથી ભરેલા હતા. ન આપણે પોતાને ઓળખી શક્યા, ન પોતાના ગુરુને ઓળખી શક્યા. જેમણે ઓળખી લીધા તેમનો બેડો પાર થઈ ગયો, થઈ રહ્યો છે અને થતો રહેશે. આપણો અહં વારંવાર બાધક બને છે અને કર્તૃત્વનું શ્રેય લેવા તુરત આતુર થઈ જાય છે. થોડુંક પણ સન્માન આપણે પચાવી શકતા નથી અને તેનું અજીર્ણ વારંવાર આપણા વાણી-વર્તનમાં નીકળતું રહે છે. અવતારવાદના મર્મને સમજીને આપણે માત્ર આપણી ગુરુનિષ્ઠાને જ નથી દૃઢ કરતા, આપણે ખરેખર તો આપણી મુક્તિનો, લોભ-મોહ-અહંનાં બંધનોમાંથી મુક્ત થવાનો, ત્યાગમાં પ્રતિષ્ઠિત થઈ આ જ જીવનમાં જીવન્મુક્ત બનવાનો પથ પ્રશસ્ત કરીએ છીએ. માટે જ ખૂબ જરૂરી છે ચોથા અધ્યાયનો અવતારવાદનો આ કક્કો.

શ્રી રામકૃષ્ણ દેવે કહ્યું છે, ''અવતાર જ્યારે આવે છે, ત્યારે સેંકડો લોકોને પોતાનાં આશ્રયથી તારવા માટે આવે છે. રેલગાડીનું એંજિન પોતે ચાલે છે અને ભારે માલથી લદાયેલા ભારેખમ ડબ્બાઓને પણ ખેંચી જાય છે. અવતારને બધા જ ઓળખી શકતા નથી. દેહ ધારણ કરવાથી રોગ, કલેશ, ક્ષુધા અને તૃષ્ણા જોડાયેલાં રહે છે અને માટે અવતારીઓ પણ આપણને આપણા જેવા જ લાગે છે. રામ સીતાનાં શોકમાં રડ્યા હતા. તે તો નર-લીલા કરે છે. મનુષ્યરૂપમાં સ્વયં અવતીર્ણ થાય છે, પરંતુ તેમને ઓળખવા માટે તેમને પ્રેમ કરવો જરૂરી છે. તેમને ઓળખવા માટે સાધના કરવી જરૂરી છે. જો તેમની કૃપા મળી જાય, તો પછી કંઈ જ જોઈશે નહિ.''

સામાન્યપણે પ્રારબ્ધવશ જ મનુષ્યનો જન્મ થાય છે. શું ભગવાનનાં એવા કોઈ પ્રારબ્ધ હતું, કે જેણે કારણે તેમને પોતાના મહિમાથી ચ્યુત થઈને સાધારણ માનવરૂપે જન્મ લેવો પડે છે ? આ શંકાના સમાધાન માટે જ ભગવાને અર્જુન અને ગીતાના માધ્યમથી આપણને સૌને તેમના સ્વરૂપનો પરિચય આપવા આ સંદેશ આપ્યો છે. જ્યારે ભગવાને કર્મ કરવા છતાં કર્મમાં ન બંધાવાના પ્રસંગમાં પોતાનું દિવ્ય દૃષ્ટાંત ત્રીજા અધ્યાયમાં રજૂ કર્યું હતું ત્યારે આ વિશે ભૂમિકારૂપે ભગવાને અર્જુનને કહ્યું હતું,

**ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન ।**
**નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ॥ ૩।૨૨**

''હે પાર્થ ! મારે ત્રણે લોકમાં કંઈ કર્તવ્ય નથી કે કંઈ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ત નથી, તો પણ હું કર્મમાં જ વિશ્વાસ રાખું છું.''

ત્યાં માત્ર એક ઝલક આપી હતી પોતાના દિવ્ય અવતારી સ્વરૂપની. પણ હવે તેઓ પોતાને સ્પષ્ટપણે અવતાર જાહેર કરે છે.

પુનર્જન્મની વાત પણ ભગવાન અનાયાસે જ કહી જાય છે. પુનર્જન્મની પ્રારંભિક તમામ શોધો ભારતવર્ષમાં જ થઈ. પાછળથી પશ્ચિમમાં પણ જિજ્ઞાસા જાગી. ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં જ્યાં પુનર્જન્મની માન્યતા જ નથી ત્યાં પણ તેમને ઢગલાબંધ પુરાવા મળવા માંડ્યા, જાતક કથાઓમાં આવાં અનેક ઉદાહરણો મળે છે. તદનુસાર ભગવાનનો અંતિમ અવતાર મહાત્મા બુદ્ધ તરીકે થયો હતો. અવતારી ચેતના કઈ રીતે વારંવાર આવે છે, તેનાં પ્રમાણ છે આ કથાઓ. એક કથા પરમપૂજ્ય ગુરુદેવ વારંવાર સંભળાવતા. તે ઘટના ભગવાન બુદ્ધના સિદ્ધાર્થમાંથી બુદ્ધ બનવાની પ્રક્રિયા દરમિયાન બની હતી અને એક એવી અનામી છોકરી સાથે સંકળાયેલી હતી, જેને ભગવાને તેના ઉત્તર જન્મમાં અહેસાસ કરાવ્યો કે તે કોણ છે અને તેઓ કોણ છે.

એ એક હકીકત છે કે ભગવદ્ સત્તાના અંશરૂપે જન્મેલા મહાપુરુષ પણ મુમુક્ષત્વ પ્રાપ્ત કરવા માટે કેટલાય જન્મો સુધી તપ કરે છે, ત્યાર પછી જ ભગવાનની સત્તા તેમનામાં અવતરિત થાય છે. સિદ્ધાર્થ તરીકે જન્મ લીધા પહેલાં સત્યની શોધ, નિર્વાણ-પ્રાપ્તિ માટેના ઉપાયોની દિશામાં મહાત્મા બુદ્ધનું તપ ચાલી રહ્યું હતું. તે તપશ્ચર્યા દરમિયાન એક છોકરી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જંગલમાં તેમને ભોજન આપી જતી. તે પૂછતી કે આપ શા માટે આટલું કઠોર તપ કરી રહ્યા છો ? ભગવાન કહેતા- નિર્વાણ પ્રાપ્તિના ઉપાય શોધવા અને લોકોને તેનાથી માહિતગાર કરવા. છોકરી કહેતી - આપને ભૂખ નથી લાગતી ? આ તો અમે કંદમૂળ આપી જઈએ છીએ, તે આપ ખાઈ લો છો. જેને માટે આપ તપ કરી રહ્યા છો, તે નિર્વાણ એટલે શું ? ભગવાન કહે - જે દિવસે જાણી જઈશ તે દિવસે સૌથી પહેલાં તને જ કહીશ. તેં મારી ખૂબ સેવા કરી છે. છોકરી હસીને જતી રહેતી. સિદ્ધાર્થે ફરી જન્મ લીધો, તપ કર્યું અને આત્મબોધ પ્રાપ્ત કર્યો, નિર્વાણપ્રાપ્તિનો ઉપાય તેમને દેખાવા લાગ્યો. ત્યાં તે છોકરીએ પણ ફરી જન્મ લીધો, પણ તેને પાછલા જન્મની સ્મૃતિ ન હતી અને કે નહોતી તે જાણતી કે આ બુદ્ધ કોણ છે ?

ભગવાન બુદ્ધ પ્રથમ વખત ઉપદેશ આપવાના હતા. પાંચ બ્રાહ્મણ તેમના સૌ પ્રથમ શિષ્ય બન્યા હતા. તેમાં પ્રથમ હતા કાશ્યપ. પ્રસેનજિત અને બિંબસાર પણ તેમની સાથે જોડાયા હતા. કાશ્યપને તેમણે કહ્યું કે - 'હું મારું પ્રથમ પ્રવચન કરીશ.' સૌના મનમાં જિજ્ઞાસા હતી કે પ્રભુ તેમનું પ્રથમ પ્રવચન ક્યાં આપશે. બિંબસારને ત્યાં, પ્રસેનજિતને ત્યાં કે બીજે ક્યાંક. ભગવાને કહ્યું - ''ક્યાંય નહી.'' હું પંચશાલા ગામમાં રહેતી એક કુંભારની છોકરીને પ્રથમ પ્રવચન આપીશ. મને મારા પાછલા જન્મની સ્મૃતિ છે. મેં વાયદો કર્યો હતો તે છોકરીને. પ્રથમ પ્રવચન તેને જ સંભળાવીશ. પછી જ બીજા લોકોને સંભળાવીશ.'' જિજ્ઞાસુ શિષ્યો જોવા ગયા કે કોણ છે તે છોકરી ? પંચશાલા ગામમાં બાર વર્ષની એક છોકરી કુંભારને ઘેર દીવા બનાવવા માટે માટી તૈયાર કરી રહી હતી. તેને કહેવામાં આવ્યું કે સ્વામીજી પ્રવચન માટે બોલાવે છે. તેણે કહ્યું - '' 'હું' નથી જાણતી તેમને. મારે માટી તૈયાર કરવાની છે, ઘણાં બધાં કામ બાકી છે.'' ભગવાને કહ્યું હું રાહ જોઈશ. તે ચોક્કસ આવશે. ત્રણ દિવસ સુધી તેમણે રાહ જોઈ. જ્યારે લોકોએ કહ્યું કે તે આવવા તૈયાર નથી. ત્યારે ભગવાને કહ્યું કે ભલે ત્યારે, હું જ ત્યાં પહોંચી જાઉં છું. ભગવાન ત્યાં પહોંચ્યા તો છોકરી કહે કે પહેલાં આપ મારું કામ કરાવી આપો, પછી આપ જે કહેશો તે સાંભળીશ. પહેલાં મારી સાથે માટી તૈયાર કરો, આખો દિવસ બુદ્ધે તે છોકરી સાથે માટી તૈયાર કરી. છોકરી કહે, તમે મારું આટલું કામ કર્યું છે તો હું પણ તમારા પ્રવચનમાં બેસી જઈશ. જો કે મને કંઈ આવડતું નથી, છતાં સાંભળી લઈશ. પ્રવચનમાં ભગવાન બુદ્ધે પૂર્વજન્મનું રહસ્ય છતું કરતાં કહ્યું કે આ છોકરીએ પૂર્વજન્મમાં મારી સેવા કરી હતી. નિર્વાણનો પહેલો ઉપદેશ તેને જ સંભળાવવાનું મેં વચન આપ્યું હતું. તેથી હું તેને જ સંભળાવું છું. તમે બધા તેની સાથે છો, માટે તમને સૌને પણ તેનો લાભ મળી રહ્યો છે. છોકરીએ ત્યારબાદ પ્રવચન સાંભળ્યું અને તેને દેવત્વ પ્રાપ્ત થયું. તેના જીવનની દિશા જ બદલાઈ ગઈ અને તરત જ તેને પણ આત્મબોધ થયો.

અહીં જે મર્મની વાત છે તે ભગવાનનું કથન કે - 'મારા અને તારા અનેક જન્મો થઈ ચૂક્યા છે, અને તું તે નથી જાણતો. હું જાણું છું. (તાનિ અહં વેદ સર્વાણિ). તે જો આપણને સમજાઈ જાય તો આપણને વિશ્વાસ બેસશે કે કઈ રીતે આપણને શોધતા શોધતા આપણા સદ્‌ગુરુ, આપણા ઈશ્વર આપણા સુધી પહોંચ્યા છે. પરમપૂજ્ય ગુરુદેવનું એક પ્રવચન છે, જેમાં તેમણે કહ્યું છે, 'મને ખબર છે મારી સાથે જોડાયેલા શ્રેષ્ઠ આત્માઓ ક્યાં ક્યાં છે ? હું તેમને વીણી વીણીંને એકત્ર કરી રહ્યો છું, જેથી કરીને તેમને એકમેકમાં પરોવીને હું એક માળા બનાવી શકું.' ગાયત્રી પરિવાર એનું જ નામ છે. પૂજ્યવરે કહ્યું છે કે, ''જો ઈ.સ. ૨૦૦૦ની આખર સુધી તમે મને સાથ આપશો, તો હું તમને ભરોસો આપું છું કે તમારો બેડો પાર કરી દઈશ. ભવબંધનોથી ભરેલા મહાસાગરમાંથી તમારી હોડી હેમખેમ ખેંચીને પાર લઈ જઈશ. શરત માત્ર એટલી કે કોઈ માગણી, અપેક્ષા, યશની કામના વગર તમે મારું કામ કરો. મારા વિચારોને વિસ્તારો.''

પરમપૂજ્ય ગુરુદેવના જીવન સાથે જોડાયેલું એક સંસ્મરણ અત્યંત મર્મસ્પર્શી છે. ગાયત્રી તપોભૂમિની સ્થાપના વખતે ૨૪૦૦ તીર્થોનાં જળ-રજની સ્થાપના ત્યાં કરવાની હતી. પૂજ્ય ગુરુજીના એક પ્રિય ભક્ત, જેઓ આમરણ અહીં શાંતિકુંજમાં જ રહ્યા, તે શ્રી બદ્રીપ્રસાદ પહાડિયા હતા. તેમની પાસે પૂજ્ય ગુરુજીએ લખેલા ૧૯૪૭-૪૬નાં પત્રો હતા. જેનાથી જ્ઞાત થાય છે કે તેઓ કેટલા બધા સમયથી ગુરુજીની સાથે જોડાયેલા હતા. ગુરુજીએ તેમને લખ્યું કે તમારા બાંદા જિલ્લાના અમુક ગામમાં ૧૧ વર્ષની એક છોકરી છે. તે પૂર્વજન્મમાં એક સિદ્ધ દેવી હતી. તેનાં મા-બાપને જાણ થવા દીધા વિના તમે તેનાં પગ ધોઈને તેનુ પાણી લેતા આવો. પહાડિયાજી કોઈ રીતે તે લઈ આવ્યા. તે જળને પણ અન્યાન્ય રહસ્યમય સ્રોતોએથી આવેલા પાવન પ્રતીકો સાથે ત્યાં રાખવામાં આવ્યું. મહાત્મા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બુદ્ધના જીવનમાં જેવું બન્યું, તેવું જ લગભગ ગુરુજી સાથે પણ બન્યું. આ જ મહાપુરુષોની લીલા છે.

ભગવાન છઠ્ઠા શ્લોકમાં આગળ કહે છે -

અજોડપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોડપિ સન્ ।
પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ॥ ૪/૬

''હું જન્મરહિત, અવિનાશી, બધાં પ્રાણીઓનો નિયંતા ઈશ્વર હોવા છતાં મારી પ્રકૃતિનો આશ્રય લઈ મારી યોગમાયાથી પ્રકટ થાઉં છું.''

ભગવાનના આ યોગમાયાવાળા રૂપ પરથી આવરણ હટ્યા બાદ તેઓને જાણવા અત્યંત આવશ્યક છે. પહેલાં કહ્યું છે તેમ ભગવાન રામના કાળના ઋષિગણો જ નહોતા જાણતા કે તે ભગવાન છે. રામકૃષ્ણ પરમહંસ કહે છે-'ઋષિઓએ રામચંદ્રજીને કહ્યું, અમે જાણીએ છીએ કે તમે દશરથના પુત્ર છો. ભારદ્વાજ ઋષિ ભલે તમારી અવતાર સ્વરૂપ તરીકે પૂજા કરે, પણ અમે બધા તો અખંડ સચ્ચિદાનંદને જ ભજીએ છીએ. આ વાત સાંભળી રામચંદ્રજી હસીને જતા રહ્યા.' ઠાકુર (રામકૃષ્ણ પરમહંસ) આગળ કહે છે - 'ઋષિ લોકો જ્ઞાની હતા, માટે તેઓ અખંડ સચ્ચિદાનંદને ભજતા હતા. ભક્ત લોકો તો ભક્તિના અમૃતનું પાન કરવા માટે અવતારની જ ઈચ્છા રાખે છે.' શ્રી રામકૃષ્ણનાં વચનોથી અવતાર તત્વ અત્યંત સરળતાથી સમજાઈ જાય છે.

ભગવાન અહીં કહે છે કે જે કંઈ પણ ઉત્પન્ન થાય છે, તેનું કોઈ ને કોઈ કારણ અવશ્ય હોય છે, પરંતુ તેઓ તો અજન્મા છે, સાથે જ અવ્યયાત્મા (અવિનાશી સ્વરૂપ) પણ છે. શુદ્ધ ચૈતન્ય ભાવથી ભરપૂર છે. ચૈતન્યમાં કોઈ વિકાર આવતો નથી કે કોઈ પરિવર્તન આવતું નથી. તો પછી તેઓ પ્રકટ કઈ રીતે થાય છે ? ભગવાન કહે છે-મારી અંતર્નિહિત માયા વડે. ભગવાન પોતાની આ માયાના સ્વામી છે, માટે તેઓ અવતરિત થાય છે. જ્યારે આપણે જીવાત્માઓ આપણી તે માયા-વાસનાને અધીન થઈ જીવીએ છીએ, તેથી તેમનામાં અને આપણામાં તફાવત છે. ભગવાનના અવતરણના ઉદ્દેશ્ય, અવતારનું પ્રયોજન અને તેમનાં દિવ્ય જન્મ-કર્મ અંગે ચર્ચા આવતા અંકમાં કરીશું.

(ક્રમશઃ)

## મહાકાલની ચેતવણી

જો આપ એમ ઈચ્છતા હો કે આપને સન્માનિત વ્યક્તિ ઠરાવવામાં આવે, આપની પ્રશંસા થાય. બધા આપને આદર આપે, તો આપે આદરણીય પુરુષોનું અધ્યયન કરવું પડશે. જે ગુણોના આધારે લોકો આદરપાત્ર ગણાય છે, એમનું અનુકરણ કરશો, તો આપનું ગૌરવ પણ જાગ્રત થશે અને મોટાઈ મળશે, પરંતુ જો આપ બહારની ટીપટાપ દ્વારા લોકોને ભ્રમમાં નાંખી સન્માન મેળવવાની ઈચ્છા કરશો, તો મોંઘી કિંમત ચૂકવીને પણ આપના હાથમાં કશું આવશે નહીં. ઠગ વ્યક્તિ પોતાની ચાલાકીઓથી થોડી વાર માટે મોટી મોટી વાતો કરીને, ધનનું અભિમાન જતું કરીને રૂપ-ગુણનું ખોટું પ્રદર્શન કરીને કંઈક થોડુંક સન્માન મેળવી પણ લો, તો તેથી આંતરિક ઉલ્લાસ જે મળવો જોઈએ તે નહીં મળી શકે, ઊલટું જ્યારે આ નાટકનો ઘટસ્ફોટ થાય છે, તો લોક ઠગ અને પાખંડી ઠરાવીને જાત-જાતનો તિરસ્કાર, ઉપહાસ અને નિંદા કરે છે. કાગળની નાવ ક્યાં સુધી ચાલે છે. એને ડૂબવાનું જ છે. ઠગાઈની ચાલબાજીનો પડદો ખૂલી જાય છે, તો ભારે અશાંતિ થાય છે. સન્માન તો મળતું નથી અને અપમાન ભોગવવું પડે છે.

એક વાર એક મિત્રે સર જ્હોન હર્શલ નામના પ્રખ્યાત પાશ્ચાત્ય વિદ્વાનને પ્રશ્ન કર્યો - ''તમને જગતમાં સર્વોત્તમ વસ્તુ કઈ લાગી ?'' તેમણે મરતાં-મરતાં જવાબ આપ્યો-''જાતજાતના સંજોગો આવે, પણ તે દ્રઢતાપૂર્વક મારી સાથે રહી જીવનમાં સુખ અને આનંદનું ઝરણું બની રહે. મારી વિરુદ્ધ પવન ચાલતો હોય, લોકો મને ખરાબ કહે, ધિક્કારે, રસ્તો રોકે તેવા સમયે તે મને લાયક બનાવી દે. જીવનમાં દુઃખો સામે મારી ઢાલ બની રહે. ઈશ્વરને પ્રાર્થના કરવાની તક મળે તો હું વિનંતી કરીશ કે - હે પ્રભુ ! મને વિદ્યાભ્યાસ કરતા રહેવાની રુચિ આપજે. જ્ઞાનનાં ધાર્મિક મહત્ત્વને ઘટાડ્યા વગર અહીં મેં માત્ર તેના સાંસારિક લાભો ગણાવ્યા છે. વિદ્યાભ્યાસની અભિરુચિ કેવી આનંદદાયક છે, સંતોષનું કેટલું ઉત્તમ સાધન છે, તેટલું જ મેં અહીં સ્પષ્ટ કર્યું છે.''



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# ત્યાગ-બલિદાનની સંસ્કૃતિ દેવસંસ્કૃતિ-૩

(ગતાંકથી આગળ)

મિત્રો ! માણસ હોય કે કોઈક પક્ષી હોય, વૃદ્ધ હોય, અભણ હોય કે સાધનરહિત હોય તો પણ તેમાં એટલી હિંમત અવશ્ય હોવી જોઈએ કે અનીતિનો નાશ કરવા માટે, લડાઈ લડવા માટે તે સામી છાતીએ ઊભો રહી જાય. મોટા-મોટા બાદશાહોને તો આપણે ભુલાવી શકીશું, પરંતુ તે પંખીડાને આપણે કાયમ યાદ રાખીશું. તેને આપણે ભુલાવી ન શકીએ. તે પંખીડાને ન ભૂલવાનો અર્થ છે દેવપૂજન અર્થાત દેવત્વનું પૂજન. ભારતીય સંસ્કૃતિમાં દેવત્વનું પૂજન કરવાની પરંપરા છે. આ જ પરંપરા સતયુગને લાવે છે, ધર્મયુગને લાવે છે. માનવજાતનાં ઉજ્જવળ ભવિષ્યને લાવે છે. કઈ પરંપરાઓ ? જેમને આપણે દૈવી પરંપરાઓ કહીએ છીએ. દૈવી પરંપરાઓ શું છે ? તિલક કરવું, માળા ફેરવવી, ગંગાસ્નાન કરવું, સત્યનારાયણની કથા કહેવી ઈત્યાદિ જ શું દૈવી પરંપરાઓ છે ? ના, બેટા ! આ બધું તો ખેલ છે. જેઓ આ ખેલમાં અટવાઈ રહે છે તેઓને આપણે 'અફીણી' કહીએ છીએ, તરંગી કહીએ છીએ. કામ થતું નથી, ત્યાગ કરી શકતો નથી, ખૂણામાં બેઠો બેઠો તે ઝોકાં ખાતો રહે છે, તરંગમાં મહાલતો રહે છે અને કહે છે કે પ્રકાશ દેખાડી દો. ઘંટડી વગાડી દો. કાનમાં નાદબ્રહ્મ સંભળાવી દો. પેટમાંથી ગલૂડિયું કાઢી આપો. તેમાંથી કાઢી આપીએ તારું માથું !

મિત્રો, શું કરવું પડશે ? આ દૈવી સભ્યતા નથી. દૈવી સભ્યતા તો તે છે જેમાં ત્યાગની અને બલિદાનની વાત થતી હોય છે. હજારો વર્ષોનો ઈતિહાસ વાંચીએ છીએ ત્યારે આપણને દૈવી સભ્યતાનું આ જ સ્વરૂપ નજરે પડે છે. રામચંદ્રજી બાદ શ્રીકૃષ્ણજી આવે છે. શ્રીકૃષ્ણજીનાં જીવનચરિતમાં આવે છે કે જે લોકોનો સાથ-સહકાર લઈ તેઓએ કામ શરૂ કર્યું. તેઓનું નામ હતું, પાંડવ. પાંડવોમાં શું હતું ? દૈવી સભ્યતા હતી. પાંડવો દેવતાઓના પુત્ર હતા. મેં સાંભળ્યું છે કે કુંતીએ દેવતાઓને પૂજ્યા હતા અને ત્યારબાદ તેને બાળકો થયાં હતાં. કેવાં હતાં પાંચ બાળકો ? શું તેઓ આઈ.એ.એસ. કે ઇન્કમટેક્સ ઓફિસર કે સી.બી.આઈ. ઓફિસર ઈત્યાદિ હતા ? શું તેઓએ લાખો રૂપિયાની કમાણી કરી હતી ? કરોડો મિલકત મૂકી ગયા હતા ? તો પછી કુંતીનો પુત્ર, દેવોનો પુત્ર કોણ હોઈ શકે ? તે કે જેની પાસે મોટરો છે ? દોલત છે ? મહેલાતો છે ? ના, તે તમારી વ્યાખ્યા છે. દેવોની વ્યાખ્યા જુદી હતી.

મિત્રો, દેવપુત્ર કેવા હોવા જોઈએ ? જો કોઈ દેવનો પુત્ર હોય, તો તેના વ્યવહારમાં, જીવનમાં કયા ગુણો હોવા જોઈએ ? આ માટે પાંડવોનો દાખલો જોવો જોઈએ. અજ્ઞાતવાસનાં સમયે કુંતી તેનાં બાળકો સાથે એક બ્રાહ્મણીને ત્યાં સંતાઈને રહેતી હતી. તે ક્ષેત્રમાં એક રાક્ષસ રહેતો હતો. તે ગામનાં પ્રત્યેક ઘરેથી વારાફરતી એક એક માણસને બોલાવતો અને તેને મારીને ખાઈ જતો. વારા પ્રમાણે એક દિવસ બ્રાહ્મણીના દીકરાનો વારો આવ્યો. બ્રાહ્મણી રડવા માંડી. કુંતીએ પૂછતાં તેણે કહ્યું કે - 'અમારો આ એકમાત્ર પુત્ર છે અને તે પણ આજે રાક્ષસનો કોળિયો થઈ જશે. તેણે મરવું જ પડશે. હવે અમે શું કરીશું ?'

કુંતીએ કહ્યું - "તમે તમારો જીવ જોખમમાં નાખીને અમને આશરો આપ્યો છે, માટે અમારી પણ તમારા પ્રત્યે ફરજ બને છે કે અમે તમારે માટે કંઈક કરીએ.' કુંતીએ તેના પુત્રોને કહ્યું - 'દીકરાઓ, આ બ્રાહ્મણીએ આપણને આશ્રય આપ્યો છે. તેનાં એકનાં એક બાળકની જાન જોખમમાં છે. જો તમારા પાંચેય જણમાંથી કોઈક એક પોતાનું બલિદાન આપે તો બ્રાહ્મણીનો દીકરો બચી શકે.' પાંડવોએ કહ્યું, 'મા, તેનાથી મોટું સૌભાગ્ય અમારે માટે શું હોઈ શકે ?' અને બ્રાહ્મણીનાં દીકરાનું સ્થાન ભીમે લઈ લીધું.

મિત્રો ! શું છે આ ? આ છે દેવતાનું મન. દેવતાનું મન એ કે જે ત્યાગ કરવાનો, બલિદાન કરવાનો મોકો મળતાં ખુશીથી ઝૂમી ઊઠે છે. આવું હોય છે દેવતાઓનું મન. અને રાક્ષસોનું મન કેવું હોય છે ? રાક્ષસોનું, ચોરોનું, દુષ્ટ માણસોનું મન ત્યાગનો સમય આવતાં થર-થર ધ્રૂજવા માંડે છે. તે કાયમ એવું જ વિચારતો હોય છે કે આ મંત્ર કરીશ, તે તંત્ર કરીશ, આ પૂજા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરીશ અને તેનાથી આટલા રૂપિયા રળીશ વગેરે વગેરે આકાંક્ષા તેની અંદર ભરેલી હોય છે. આ કંઈ અધ્યાત્મ નથી.

ઠીક છે મિત્રો! એ બાળકોનો અધ્યાત્મ હશે. હું એમ નથી કહેતો કે એની બાળકોને જરૂર નથી. આપણે મિઠાઈ વહેંચીને કે કોઈ લોભ આપીને બાળકોને પોતાની પાસે બોલાવીએ છીએ. એ પણ અધ્યાત્મનો કોઈ કિસ્સો હશે, પરંતુ હું એને કચરો કહું છું, ભૂસું કહું છું. કોનો? અધ્યાત્મનો. ભૂસું કયું? એ કે જેમાં અધ્યાત્મ શું છે તે શોધવામાં આવે છે. આ અધ્યાત્મ સાથે રમત છે, ફોતરાં છે, એઠવાડનું પત્તું છે. લોકો પાંદડા પર મિઠાઈ ખાઈ તેને ફેંકી દે છે અને કૂતરાઓ તેને ચાટવા માટે તૂટી પડે છે, સાફ કરી નાખે છે. પ્રાપ્ત કરવા માટે આવું પણ થઈ શકે છે. આપણે ભૌતિક વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે તેનો ઉપયોગ કરીએ છીએ, તેથી જ હું એને એઠવાડનું પત્તું કહું છું. કોઈ માણસે ખાધેલું પત્તું ફેંકી દેવામાં આવ્યું, તો બીજો કહે છે કે અમને પણ આપી દો. હા તને પણ આપી દઈશું.

અમે તપ કર્યું છે અને તપ કરીને પ્રાપ્ત કર્યું છે, એમાંથી તું હિસ્સો માગે છે. ચાલ, તને પણ આપી દઈશું. આ શું છે? નાનકડી વસ્તુ છે, રત્તી જેવી ચીજ છે. નથી એમાં કોઈને ઘમંડ કરવાની જરૂર કે નથી સફળતા પ્રાપ્ત કરવાની જરૂર. અમે અધ્યાત્મ દ્વારા આ પ્રાપ્ત કર્યું, પેલું પ્રાપ્ત કર્યું. પ્રાપ્ત કરવા સાથે અધ્યાત્મનો કોઈ સંબંધ નથી. અધ્યાત્મનો સંબંધ આપવા સાથે છે. આપે શું આપ્યું છે? બતાવો. બસ, આ એક જ સવાલ છે. જો આપ કહેશો કે અમે ભગવાનની ભક્તિ સાથે કોઈ સંબંધ રાખીએ છીએ, તો એ કહો કે દૈવી સભ્યતા માટે, શ્રેષ્ઠ આચરણો માટે, લોકો સામે સારી પરંપરા સ્થાપવા માટે આપે શું આપ્યું? આ એક જ જવાબ આપો, અમે બીજું કશું જ સાંભળવા માગતા નથી. અમે આટલું ભજન કર્યું તો ઠીક છે, પોતાના ભજનને ડબ્બામાં બંધ કરી રાખો. ભજનનો કે કોઈ બીજી વસ્તુનો હવાલો આપવાનો અમને પસંદ નથી. અમે ગાયત્રી મંત્રની અગિયાર બુકો લખી. તો આપ પોતાની અગિયાર બુકો તાળામાં મૂકી દો. અમને બતાવશો નહીં. અમને એ બતાવો કે આપે દૈવીય સભ્યતા માટે કેટલો ત્યાગ કર્યો છે? કેટલો બલિદાન કર્યો છે? કેટલી સેવા કરી છે? ના ગુરુજી! અમે તો અગિયાર ચોપડીઓ લખી છે. સારું, આપને અગિયાર બુકો મુબારક, એમને પોતાના ઘરમાં રાખો. અમે સાંભળવા માગતા નથી.

મિત્રો, અધ્યાત્મની પ્રાચીન પરંપરાઓ, શિષ્ટ પરંપરાઓ, મહાન પરંપરાઓ ભગવાનને તેમની તરફ ખેંચે છે અને અન્યોની મદદ કરવા સમર્થ હોય છે. એવું કોઈ અધ્યાત્મ નથી જે મનોકામનાની પૂર્તિ કરી આપતું હોય. અધ્યાત્મ તે છે જેના વડે વ્યક્તિ પોતાનું અને બીજાનું કલ્યાણ કરવા સમર્થ બને છે. એવી શક્તિ કે જે અન્યોનું કલ્યાણ કરતી હોય, તે ખરેખર અધ્યાત્મમાં હોય છે. તે ત્યાગ કર્યા વિના, બલિદાન કર્યા વિના, સેવા ધર્મ કર્યા વિના, દૈવી સભ્યતા અને સંસ્કૃતિ પ્રમાણેનું જીવન જીવ્યા વગર કોઈમાં પણ આવી ન શકે. જેની સાથે ત્યાગ, સેવા, લોકહિત, કષ્ટ સહેવાની વાત જોડાયેલી ન હોય તે અધ્યાત્મ કઈ રીતે હોઈ શકે? તેનાથી ઓછામાં અધ્યાત્મ ક્યારેય હતું નહિ, ક્યારેય હશે નહિ.

મિત્રો! ભગવાન શ્રીકૃષ્ણે તે સમયે, દુર્યોધનના વખતમાં જ્યારે ચારે બાજુ અસભ્યતા અને અનીતિનું સામ્રાજ્ય હતું ત્યારે, આનો દાખલો પૂરો પાડ્યો હતો. તેમના પાંચ શુભચિંતકો અને સમર્થકો હતા. આ પાંચેય સમર્થકોની વાત હું તમને કરી રહ્યો હતો. પાંચેય પાંડવોને માતા કુંતીએ જ્યારે કહ્યું કે તમારામાંથી એક જણે તે રાક્ષસ પાસે જવું જોઈએ, ત્યારે પાંચેય પુત્રો આનંદિત થઈ ગયાં અને પ્રત્યેક પુત્ર પોતાને આ અવસર મળે તે માટે જિદ કરવા માંડ્યો. પ્રતિસ્પર્ધા-કોમ્પીટીશન શરૂ થઈ ગઈ કે બલિદાન આપવા હું જઈશ. કુંતી માટે મોટી મૂંઝવણ ઊભી થઈ. યુધિષ્ઠિર કહે હું સૌથી મોટો, હું આ દુનિયામાં પહેલો આવ્યો માટે મારો નંબર પહેલો છે. નકુલ કહે, હું સૌથી નાનો છું માટે મારે જવું જોઈએ. અર્જુન કહે મારે જવું છે. બધા ઝઘડવા લાગ્યા. કુંતીએ રસ્તો કાઢ્યો. હું ચિઠ્ઠી બનાવું છું. જે ભાગ્યશાળી હશે તેની ચિઠ્ઠી નીકળશે. પાંચેય પાંડવોના નામની ચિઠ્ઠી બનાવી અને એક ચિઠ્ઠી ઉપાડવા કહ્યું. જેનું નામ નીકળે તેણે જવું પડશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચિઠ્ઠી ઉપાડતાં તેમાં ભીમનું નામ નીકળ્યું. ભીમ ખુશ થઈ કહેવા લાગ્યો - 'વાહ, શું મારું સૌભાગ્ય છે!' સૌભાગ્ય કોને કહીશું? નોકરીમાં બઢતી મળવાને? લોટરીમાં રૂપિયા લાગવાને? ત્રણ દીકરી પછી બે દીકરા થવાને? તમારી દષ્ટિએ શું આ જ સૌભાગ્ય છે? ના, આને સૌભાગ્ય ન કહેવાય. સૌભાગ્ય એ કે જેમાં માનવી અજર-અમર બની જાય છે. સૌભાગ્ય એ કે જેની ઉપર હજારો- લાખો લોકો શ્રદ્ધાનાં પુષ્પો ચઢાવે અને જેના ગયા પછી પણ લોકો તેનામાંથી પ્રેરણા-પ્રકાશ મેળવતાં રહે. દેવતા તેમને જ કહે છે. સૌભાગ્ય તેને જ કહે છે. સૌભાગ્યશાળી છે તેઓ, વંદનીય છે તેઓ કે જેમણે એવું આચરણ રજૂ કરી બતાવ્યું, જેમાંથી લોકોને દિશાસૂચન થતું રહે.

મિત્રો ! એવું જ થયું. ભીમનો વારો આવ્યો. ભીમ બાળક હતો, રાક્ષસ નવયુવાન. રાક્ષસ ખૂબ મોટો શક્તિશાળી હતો. ભીમ નાનો બાળક હતો. ભીમ લડવા માટે ગયો. મહાભારતમાંથી મેં સાંભળેલી વાર્તા અનુસાર ભીમે રાક્ષસને કહ્યું - 'તમે તો મને ખાઈ જ જવાના છો. તો તે પહેલાં ચાલોને થોડીકવાર બાવડાં અજમાવી જોઈએ.' રાક્ષસે કહ્યું - 'હા, હા ! મને કોઈ વાંધો નથી. ચાલને થઈ જાય બબ્બે હાથ ! બન્ને વચ્ચે યુદ્ધ થયું અને ભીમે રાક્ષસને પછાડીને મારી નાંખ્યો.

કેમ ભાઈ ! શું આવું થઈ શકે? હા, એવું શક્ય છે. સત્ય હજાર હાથી જેટલું બળવાન હોય છે. બાળકોએ પણ સત્યનો આશ્રય લઈ મોટી-મોટી સફળતાઓ મેળવી છે. દાખલા તરીકે પ્રહ્લાદ બાળક હતો, છતાં તેની સામે તેના પિતા અને મહાશક્તિશાળી દૈત્ય એવા હિરણ્યકશિપુને પરાસ્ત થવું પડ્યું. કંસ સાથે લડવા શ્રીકૃષ્ણ ભગવાન ગયા હતા. ત્યારે તેઓ કેટલા નાના હતા, છતાં તેઓએ કંસને, ચાણૂરને, બકાસુરને, હાથીઓને, કાળિનાગને મારી નાખ્યા, કેવી રીતે મારી નાખ્યા તે બાળકે? તેઓને બાળકે નહોતા માર્યા, તેમને મારનાર તો સત્ય હતું. સત્ય પાસે હજાર હાથીઓ જેટલું બળ હોય છે. બાળક કૃષ્ણે જેને માર્યો તે મુષ્ટિકાસુર કોણ હતો? હાથી હતો. તેઓ ધારત તો બીજા નવ્વાણું હાથીઓને મારી શક્યા હોત, કારણ કે તેમની પાસે સત્ય હતું. બાળક હોય કે વૃદ્ધ, જેની પાસે સત્ય છે, તેનો વિજય જ થાય છે.

મિત્રો ! મહાભારતની કથાઓ પણ આ જ વાતની સાક્ષી પૂરે છે. જેમાં લોકોએ દેવત્વ પેદા કર્યું. દેવત્વની સીડી બનાવી, આદર્શ ઉપસ્થિત કર્યો, જેનાથી દેવત્વ સામે ખેંચાઈ આવ્યું. અને એવા દિવસો આવ્યા જ્યારે દુર્યોધન આસુરી સભ્યતાનું નિવારણ, સમાધાન થઈ ગયું. આવું ઘણીવાર થયું છે. સમગ્ર ઈતિહાસમાં મને આ જ વાંચવા મળ્યું છે. અઢાર પુરાણોનો અનુવાદ મેં કર્યો છે અને ઈતિહાસ પણ વાંચ્યો છે. બે વર્ષ પહેલાં મેં ઈતિહાસનો વધુ ઊંડાણ અને ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો છે. 'भारतीय संस्कृति का समस्त विश्व को अजस्त्र अनुदान' નામે મોટો ગ્રંથ મેં લખ્યો છે. તમે વાંચ્યો જ હશે, તેમાં મેં હિન્દુસ્તાનની આખેઆખી હિસ્ટ્રી લખી છે. આખી દુનિયાને ન્યાલ કરી દેવાની હિસ્ટ્રી. શેના વડે ન્યાલ કરી દીધી હતી દુનિયાને? આખી દુનિયાને ધન આપ્યું હતું, વિદ્યા આપી હતી, જ્ઞાન આપ્યું હતું. આખી દુનિયામાં ભારતીયોનું વર્ચસ્વ છવાઈ ગયું હતું અને તેમને જગદ્ગુરુ માનવામાં આવ્યા હતાં, દેવતા માનવામાં આવ્યા હતા.

મહારાજજી ! આ બધું કઈ રીતે થયું હતું? બતાવો ને, અમે પણ કરવા માગીએ છીએ. તેની વિધિ અમને પણ કહો ને ! હા બેટા, લાવ તને પણ બતાવી દઈએ કે કઈ વિધિ છે? બસ, એક તો તું માળા લઈ લે અને એક મંત્ર. મંત્ર લઈને શું કરું? જાપ કર ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય. નમઃશિવાયથી શું થશે? આખા વિશ્વમાં તારો યશ થઈ જશે અને તું અજર-અમર થઈ જઈશ. આખી દુનિયાનું કલ્યાણ થઈ જશે. શું એવું થશે? ના બેટા, આવું ન થઈ શકે.

મિત્રો ! મેં જે પુસ્તક લખ્યું છે - **'भारतीय संस्कृति का समस्त विश्व को अजस्त्र अनुदान'**, તેમાં મેં એ લખ્યું છે કે ભારતીય લોકોએ કેટલાં ત્યાગ અને બલિદાન આપ્યાં છે અને એક એકથી ચડિયાતા કેવા કેવા દાખલા બેસાડ્યા છે. બલિદાનોનો અંબાર ઊભો કરી દીધો છે. ભારતીય સભ્યતામાં ફાળો આપનારા લોકો વિશે જ્યારે હું ઈતિહાસમાં વાંચું છું, ત્યારે મારી આંખોમાંથી આંસુ ટપકવા લાગે છે. તેમાંથી એક હતાં કુમારજીવ, જેઓ હિન્દુસ્તાનથી રવાના થઈ ચીન પહોંચ્યા. જ્યાંની ભાષા તેઓને આવડતી નહતી, કે તેઓ ત્યાં વિશે કશું જાણતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ન હતા. ચીન નામનો દેશ છે, ત્યાં જઈને બૌદ્ધ ધર્મનો પ્રચાર કરીશ ! - એમ વિચારીને તેઓ એકલા જ રણોને વીંધતા ચાલવા લાગ્યા. રણો પણ એવાં કે જ્યાં ત્રીસ-ત્રીસ દિવસ ચાલવા છતાંય પાણીનું એક ટીપું પણ મળતું નહોતું, એક પણ ઝાડ ક્યાંય જોવા ન મળે. કેવળ રણ જ રણ. પોતાની થેલીમાં સાથે લીધેલ થોડાંક પાણી સાથે બસ તેઓ ચાલતા જ રહ્યા. ચીન પહોંચીને તેઓ ત્યાં જ રહી ગયા. ચીનમાં તેમનું કોણ હતું ? ન કોઈ પુત્ર, ન મિત્ર કે ન શિષ્ય-કોઈ નહોતું. ત્યાં જઈને તેઓ ચાયનીઝ ભાષા શીખ્યા અને બૌદ્ધ ધર્મગ્રંથોનો ત્યાંની ભાષામાં અનુવાદ કરી બૌદ્ધ ધર્મનું પ્રચારકાર્ય શરૂ કર્યું. આખેઆખા ચીનને બૌદ્ધ ધર્મના રંગે રંગનાર કુમારજીવ અને તેમના જેવા અન્ય ભગવાન બુદ્ધના અનુયાયીઓ હતા.

ગુરુજી ! આવું કઈ રીતે થયું ? જાદુથી ! જાદુથી કઈ રીતે થઈ ગયું ? અમને પણ શિખવાડી દો. બેટા, જે જાદુથી દુનિયામાં મોટાં મોટાં કામ થાય છે અને અધ્યાત્મનો વિકાસ થયો છે, તેનું નામ છે - ત્યાગ અને બલિદાન. નહી મહારાજજી ! ત્યાગ-બલિદાનની વાત તો ન કરશો. અમને તો બસ તે જાદુનો મંત્ર કહી દો. મિત્રો ! આખા પુસ્તકમાં મેં લખ્યું છે કે ભારતનાં ગૌરવને ઉચ્ચ શિખરે પહોંચાડનાર, સમગ્ર વિશ્વનો કાયાકલ્પ કરનાર જે આધારભૂત મંત્ર હતો, તે ત્યાગ અને બલિદાન. ત્યાગ અને બલિદાનની જરૂર મહાત્મા બુદ્ધને પડી કે જેથી માત્ર હિંદુસ્તાનને નહીં, પરંતુ સમસ્ત વિશ્વને ફરીવાર સુસંસ્કૃત બનાવાય. તેમણે અપીલ કરી કે જે મને સૌથી વધુ વહાલાં હોય, જે મારા શુભચિંતકો હોય, જે મારી આજ્ઞાનું પાલન કરનારા હોય, જે એવું કહેતા હોય કે બુદ્ધ અમારો છે-તેઓ ત્યાગ કરીને દેખાડે. તે જ સાચો-સરળ માર્ગ છે.

મિત્રો ! શું કરવું જોઈએ ? ભારતીય સભ્યતા અને સંસ્કૃતિને જીવંત રાખવા બુદ્ધે જે કર્યું, તેણે પોતાનાં મિત્રો અને શિષ્યોને કહ્યું કે તમે આવો અને અમને અનુસરો. કેવી રીતે ? તમે અમારા રસ્તે ચાલો અને અમારું અનુકરણ કરો. કયો રસ્તો છે તમારો ? અમારો રસ્તો છે ત્યાગ અને બલિદાનનો. કોણે તે રસ્તે ડગલું ભર્યું ? એક લાખ શિષ્ય અને સવા લાખ શિષ્યાઓએ. તે બધાંએ કહ્યું કે અમે તમારા રસ્તે ચાલીશું. તમે જે કાર્ય માટે અવતાર લીધો છે, તે કાર્યમાં અમે તમને સહકાર અને મદદ કરીશું. બે લાખ લોકોને લઈને બુદ્ધે માત્ર હિન્દુસ્તાન નહીં, પરંતુ સમગ્ર એશિયા; માત્ર એશિયા નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં દૈવી સંસ્કૃતિનો પ્રચાર કર્યો. તે વખતે સાત મહાદ્વીપ ગણાતા. આજે તો આપણે પાંચ જ કરી નાંખ્યા છે. બધા મહાદ્વીપોમાં તેમણે એવાં એવાં કાર્યો કર્યા કે જેથી તેઓ જગદ્ગુરુ તરીકે ઓળખાવા માંડ્યા.

શું કર્યું બુદ્ધે ? બુદ્ધે એ જ કર્યું. દૈવી સભ્યતાનો પ્રસાર એનાથી જ થયો છે. શું બુદ્ધે લાંબાં-લાંબાં વ્યાખ્યાનો આપ્યાં હતાં ? હા બેટા, બુદ્ધે ઘણાં વ્યાખ્યાનો આપ્યાં હતાં, પરંતુ સાથે-સાથે દાખલા પણ બેસાડયા હતા, કેવા દાખલા ? એક વાર તેમનો પુત્ર રાહુલ આવ્યો અને બોલ્યો કે પિતાશ્રી ! હું તમારો જ અંશ-વંશ છું. હા બેટા ! તું મારો અંશ-વંશ છે, તો પછી તારે આપણી વંશ-પરંપરાની રક્ષા કરવી જોઈએ. વંશ-પરંપરાનું રક્ષણ કઈ રીતે થાય ? પંડિતજીને પૂછતાં તેઓ કહે-બસ, જવનો પિંડ બનાવી તેની ઉપર ધૂપ-દીપ, ફૂલ ચોંટાડી દો અને 'તર્પયામિ' કહીને તે પિંડ ગંગાજીમાં પધરાવી દો. બસ, વંશનો ઉદ્ધાર થઈ જશે, તો શું પિતાજી, એવી રીતે ઉદ્ધાર થઈ શકે ? ના બેટા, આમ ઉદ્ધાર ન થાય. કેવી રીતે થશે ? જે રસ્તે અમે ચાલીએ છીએ તે જ રસ્તે તું પણ ચાલ.

રાહુલે કહ્યું, પિતાશ્રી ! અન્ય કોઈ રસ્તો દેખાડો. બુદ્ધે કહ્યું, ના બેટા, અમે જે રસ્તે ચાલીએ છીએ એના કરતાં સારો રસ્તો બીજો કોઈ હોઈ શકે નહિ. જો હોત તો અમે પણ તે રસ્તે ચાલતા હોત. આ જ સૌથી સારો રસ્તો છે. જો તું મારો પુત્ર હોય અને વંશ-પરંપરાનું રક્ષણ કરવાની ઇચ્છા ધરાવતો હોય, તો અમારા રસ્તે ચાલ. રાહુલ માની ગયો. તે જીવનપર્યંત પોતાના પિતાનાં પદચિહ્નો ઉપર આલ્યો અને ક્યાંનો ક્યાં પહોંચ્યો. તે બર્મા ગયો. આખી દુનિયામાં એક છેડેથી બીજા છેડા સુધી ફરતો રહ્યો અને પોતાના પિતાનાં કાર્યો અને જવાબદારીનો નિર્વાહ કરવા માટે અનવરત ત્યાગ-બલિદાન કરતો રહ્યો.

(ક્રમશઃ)


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ગાયત્રીનું વ્યાવહારિક દર્શન

ગતાંકથી આગળ

ગાયત્રી મહામંત્રના "વરેણ્યં" શબ્દનું તાત્પર્ય પરમ પૂજ્ય ગુરુદેવે સમજાવતા કહ્યું-બેટા ! વરેણ્યં એટલે વરણ કરવા યોગ્ય. વરણ હંમેશા શ્રેષ્ઠનું કરવામાં આવે છે. શ્રેષ્ઠ ચિંતન, શ્રેષ્ઠ વિચાર, શ્રેષ્ઠ વ્યવહારનું વરણ કરવાથી જીવન સાચી દિશા તરફ આગળ વધી શકે છે. સાધકે "હંસવૃત્તિ" અપનાવવી જોઈએ. સંસારમાં બુરાઈઓ પણ છે અને સારી વાતો પણ, સતોગુણ અને તમોગુણ પણ છે. આપણે શ્રેષ્ઠ ને સારી બાબતો ધારણ કરવી જોઈએ. મધુમાખી દરેક પ્રકારના ફૂલોમાંથી મધુ (રસ) સંચય કરે છે, તે રીતે જ્ઞાન જ્યાંથી પણ મળે ગ્રહણ કરવું જોઈએ. આજની ભૌતિક ચાકચમકના ભ્રમમાં પડી લોકો આકર્ષક અને હિતકર બંનેમાંથી કોને પસંદ કરે, કોને નહીં તે ભૂલી જાય છે. તાત્કાલિક લોભના લીધે દૂરગામી હિત સાધનની ઉપેક્ષા કરવામાં આવે છે. આ ભૂલ ન થાય તે માટે ગાયત્રી મંત્રના "વરેણ્યં" શબ્દમાં સંકેત કરવામાં આવ્યો છે.

સમાજથી જ આપણે બધું જ્ઞાન મેળવીએ છીએ. અનેક ઋણ છે આપણા પર જે શીખ્યા, જે મેળવ્યું જે પહેર્યું એ બધું સમાજની દેણ છે. સૂર્યથી ચંદ્રમા પ્રકાશ પામે છે, પરંતુ ચંદ્રમા પોતાના માટે ન રાખતા મેળવેલ પ્રકાશ પૃથ્વી અને પ્રાણીઓ સુધી પહોંચાડે છે. આપણે પણ સારી બાબતો ધારણ કરી, તેનાથી માત્ર પોતાને જ લાભશાળી ન કરતા, પોતાના પ્રભાવ ક્ષેત્રમાં સારી બાબતો વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

"ભર્ગ" શબ્દ તેજસ્વીતા, પ્રખરતા, સાહસિકતાનો બોધક છે. "ભર્ગ" શબ્દ એક ભાવ નષ્ટ કરવું પણ છે. અવાંછનીયતા, અનૈતિકતા, કુરીતિઓ મનુષ્યને પતનની ગર્તમાં ધકેલે છે. એનાથી છુટકારો મેળવવા માટે એવી પ્રખરતાનો ઉદ્ભવ થવો જોઈએ, જે અંતરના દોષ-દુર્ગુણો સામે ઝઝૂમી શકે. સંસારમાં જેટલા પણ મહાપુરુષ થયા છે, બધાએ પહેલાં પોતાના દોષ-દુર્ગુણો સાથે લડાઈ કરી છે, ત્યારે તે મહાનતાના ઉચ્ચ શિખરો સુધી પહોંચ્યા છે. સમાજની બુરાઈઓ સાથે લડવાનું "ભર્ગ" શબ્દ શીખવે છે. આજે દહેજ રૂપી રાક્ષસ કેટલીય બહેનોને પોતાનો આહાર બનાવી રહેલ છે. આ કુરીતિ સામે લડવા માટે આગળ આવવું આપણું કર્તવ્ય છે. કેટલાય દુર્વ્યસનો વધ્યા છે. જે ધન જ નહીં સ્વાસ્થ્યને ખરાબ કરી રહ્યું છે. આ દુર્વ્યસનો ને રોકવામાં નહીં આવે તો માનવ જાતિનું પતન-પરાભવ સુનિશ્ચિત છે.

યજ્ઞમાં દેવ દક્ષિણાના રૂપમાં એક બુરાઈ છોડવી અને એક સારી બાબત અપનાવવાનું વ્રત લેવડાવવું જોઈએ. દેવશક્તિઓની સાક્ષીમાં લેવાયેલ સંકલ્પ અંતઃકરણની ભાવનાઓ સાથે લેવામાં આવે જેને નિભાવવાની પ્રક્રિયા અધિક સુદૃઢ કહી શકાય. સમાજને દોષ-દુર્ગુણ રહિત બનાવવાનો પ્રયાસ "ભર્ગ" શબ્દની પ્રેરણા સાથે જોડાયેલ છે. ભગવાન રામે સંસારને જ રાક્ષસહીન કરવાનો સંકલ્પ લીધો હતો. ધર્મ પરાયણોને નષ્ટ-ભ્રષ્ટ કરી દેવાના રાક્ષસોના ક્રિયાકર્મોને જોઈ તેમની ભાવ-સંવેદના આ સંકલ્પના રૂપમાં સાકાર થઈ અને ભુજા ઉઠાવી સંકલ્પ લઈ લીધો-

નિશિચન હીન કરૌ મહિ, ભુજ ઉઠાય પ્રણ કીન,

ઈશ્વરે આ સંસારને ખૂબ પરિશ્રમથી બનાવ્યા છે દરેક મનુષ્યનું કર્તવ્ય છે કે આ ભગવાનના બગીચા (વિરાટ સંસાર)ને સારો બનાવવા માટે બની શકે તેટલો પ્રયાસ કરવો જોઈએ.

"દેવસ્ય" શબ્દનું તાત્પર્ય-ઈશ્વરનું સ્વરૂપ દેનારા "દેવ"થી છે. પરમેશ્વરના અનેક નામ છે, પરંતુ આત્મિક પ્રગતિ માટે જે ચાર વિશિષ્ટતાઓની ખાસ જરૂર છે, તેના બોધક શબ્દોનો સમાવેશ ગાયત્રી મંત્રમાં થયો છે.

સવિતા, વરેણ્ય, ભર્ગ અને ઈશ્વરના દેવ શબ્દના સંબોધનમાં આ આત્મ શિક્ષણ છે કે પરમાત્માના ભક્ત બનો અને દેવત્વની વિશેષતાઓનું અનુકરણ-અનુગમન કરો. જન-જનને દેવત્વની દિશામાં આગળ વધવાની પ્રેરણા આપવા માટે ગાયત્રી મંત્રમાં ઈશ્વરને "દેવ" શબ્દથી સંબોધિત કર્યા છે.

પોતાની પાસે જે કંઈ છે, તે આપવામાં જ "દેવત્વ" શબ્દનો બોધ થાય છે. આ સૃષ્ટિનો ક્રમ દેવ પ્રવૃત્તિ પર પણ ચાલી રહ્યો છે. સૂર્ય આપે છે, ચંદ્રમા આપે છે, ધરતી આપે છે માટે દેવતા કહેવાય છે. વૃક્ષ વનસ્પતિઓથી લઈ નદી સુધી આ પરંપરા છે કે ઈશ્વર પ્રદત્ત અનુગ્રહને પોતાના સુધી સીમિત ન રાખવો જોઈએ. અન્યોન્ય માટે વિતરિત કરી આદાન પ્રદાનનો ક્રમ જાળવી રાખવો જોઈએ ધરું ઊન આપે છે, પરોપકાર માટે જે આપે છે, તે પામે પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. જે નથી આપતા તે નષ્ટ થાય છે.

ખાબોચિયાનું પાણી ગંદુ હોય છે, સડે છે, ઘટે છે. જે નદીઓ વહે છે, હિમાલય સાથે જોડાયેલી છે, તેમાં તો વર્ષ સુધી પાણીની કમી રહેતી નથી. પાણી પણ સ્વચ્છ બની રહે છે. સમુદ્ર પણ પોતાની પાસે નથી રાખતો. વાદળના રૂપમાં જળ આકાશને આપે છે. આકાશ પણ પોતાની પાસે જળને નથી રાખતું. સર્વત્ર વર્ષા કરી દે છે. આ સૃષ્ટિ જ આપવાની પ્રવૃત્તિ પર, પરોપકાર પર આધારિત છે.

તમને ઈશ્વરે ધન સંપદા, જ્ઞાન સંપદા આદિ આપેલ છે. તેને સમાજના, રાષ્ટ્રના હિત માટે લગાવો, કહેવાય છે કે "સો હાથથી કમાઓ, હજાર હાથે વહેંચો." સમ ક્રાંતિઓને સૃજનાત્મક, રચનાત્મક આધાર પર ગતિ આપવા માટે પોતાની ક્ષમતાઓ નિયોજિત કરવી જોઈએ. સાધના તથા સંસ્કાર દ્વારા જન-જનમાં સુઘડતા, સુસંસ્કારિતા, સભ્યતા, સજ્જનતા, સુચિતાનો વિકાસ થાય. દરેક વ્યક્તિ એક સાધકના રૂપમાં વિકસિત થઈ મહાનતાનો સહારો લે. એક દીપક અનેક દીપક પ્રજ્જ્વલિત કરી દે છે. તો પછી કોઈ કારણ નથી કે એક સાધક અનેક સાધક તૈયાર ન કરી શકે. આધ્યાત્મિકતા, આસ્તિકતાનો સંચાર થશે. શ્રધ્ધા અને વિશ્વાસની સુવાસથી સુસજ્જિત કરૂણા, દયા, મમતા, ભાવ-સંવેદનાનો પ્રબળ પ્રવાહ નવયુગના રૂપમાં પરિલક્ષિત થશે. સ્વાધ્યાય પ્રત્યે રૂચિ જગાડવી બહુ મોટું કાર્ય છે. આજે મનોરંજનના નામે અનેકો પુસ્તકો, પત્રિકાઓ વાંચે છે, પરંતુ પોતાના જીવન ઉદ્દેશ્ય તરફ લઈ જનાર ઉચ્ચ સાહિત્ય વાંચનારાની સંખ્યા ઓછી છે. જન-જનમાં આ વિચાર પેદા કરવો જરૂરી છે. મહાનતાના આધારે-નિત્ય પોતાના વિચારોના શુધ્ધીકરણ માટે સ્વાધ્યાય કરો. સ્વાધ્યાય મંડળ બનાવી, સામૂહિક સત્સંગ, સ્વાધ્યાયનો ક્રમ પણ બનાવી શકાય છે.

ગાયત્રી મંત્રના આગળના શબ્દ "ધીમહિ"નો અર્થ છે. ધારણ કરવું. આદર્શોને વ્યવહારમાં ઉતારવા જ તેની ધારણા છે. કલ્પનાઓ કરતા રહેવામાં સાંભળતા રહેવામાં ગૂંચવાયા રહેવાથી બધું બની નથી જતું. ક્રિયાવાન જ સાચા જ્ઞાનવાન માનવામાં આવે છે. જે ચિંતનને ક્રિયામાં ફેરવવાનું સાહસ બતાવે છે, તેને સદ્જ્ઞાનનું સત્પરિણામ પ્રાપ્ત થાય છે. ગાયત્રી મંત્રના આ ભાગમાં ઈશ્વરના સર્વવ્યાપી થવાની આસ્થાને વિકસિત કરી પદાર્થો પ્રત્યે સદુપયોગની અને પ્રાણીઓ પ્રત્યે સદ્વ્યવહારની નીતિ અપનાવવાનો નિર્દેશ છે. પ્રથમ ચરણમાં સવિતા અને વરેણ્યની તથા બીજા ચરણમાં ભર્ગ અને દેવની અવધારણાનું પ્રશિક્ષણ છે.

ગાયત્રીના ત્રીજા ચરણ "ધિયો યો નઃ પ્રચોદયાત્"ના અંતર્ગત પરમપિતા પરમેશ્વરને એ પ્રાર્થના કરવામાં આવી છે કે તે એકલા સાધક જ નહીં પરંતુ સમસ્ત પ્રાણી માત્રમાં સદ્બુદ્ધિની પ્રેરણા કરે. નઃ સર્વેને અને ધિયો બુદ્ધિને કહે છે. અહીંયા એક વ્યક્તિની બુદ્ધિ સુધરી જવાને અપર્યાપ્ત (અપૂર્ણ) માનેલ છે. આ સુધાર વ્યાપક રૂપથી થાય તો જ કામ ચાલે. બહુમત દુર્બુદ્ધિ ગ્રસ્તોનો બનેલો રહે તો એકાકી સજ્જનતાથી કોઈ મોટું પ્રયોજન પૂરું નહીં થઈ શકે.

ભગવાનને પ્રાર્થના કરવામાં આવી છે કે પોતાનો અનુગ્રહ વ્યક્તિ વિશેષ પર વરસાવી હાથ રોકી ન લેશો પરંતુ પ્રકાશને સૂર્યની માફક સર્વત્ર ફેલાવો. આપણી સંસ્કૃતિની મહાનતાનું અહીંયા પ્રકટીકરણ છે કે ઈશ્વર પાસે સર્વના કલ્યાણની પ્રાર્થના કરવામાં આવે છે. "પરોપકારાય પુણ્યાય, પાપાય પરપીડનમ્." માંગવાથી બધું મળતું પણ નથી. એના માટે પાત્રતા વિકસાવી જરૂરી છે. કુપાત્રોને કોઈ નથી આપતું. ભગવાનની અનુકંપા પ્રાપ્ત કરવા માટે પોતાની પાત્રતા વધારો, ત્યારે વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ભગવાન બુદ્ધે "સંઘં શરણમ્ ગચ્છામિ"નું સૂત્ર આપ્યું. તે સંગઠનશીલતા, સહકારિતા, સંઘબદ્ધતાનું પ્રતીક છે. ગોવર્ધન ઉઠાવવા, સેતુ-બાંધ નિર્માણ કરવા જેવા ઐતિહાસિક કાર્ય સહકારિતાના આધાર પર જ પૂર્ણ થયા છે. આજે આપણે સર્વત્ર સુખ, પ્રગતિની કામના કરીએ છીએ. તેના માટે દેવત્વ સંગઠિત થઈ કાર્ય કરે ત્યારે સંભવીત થઈ શકશે. વર્તમાન સમયમાં માનવ જાતિ અનેક સમસ્યાઓથી ગ્રસ્ત છે. આ સમસ્યાનું સમાધાન ન શોધાય તો, પૂરી માનવ જાતિ વિનાશની ગર્તમાં ચાલી જશે. ગાયત્રી મંત્રની ભાવ પ્રેરણા પોતાના અંતઃકરણમાં ધારણ કરી આ વિરાટ ભગવાન (વિશ્વ વસુધા)ની સેવા માટે દરેકે આગળ આવી ઉત્સાહથી પોતાની ઉદારતા, ત્યાગ, પરોપકારની ભાવના સાકાર કરી બતાવવી. આ સમયની માંગ છે કે આપણે કૃપણતા છોડીએ, ઉદારતા અપનાવી, પરમાર્થ પરાયણતાને પોતાના વ્યવહારમાં ઉતારી જન-જનને પ્રેરણા આપીએ. સતયુગી સમાજ સંરચના માટે જેટલી બની શકે, તેટલી પોત-પોતાની ક્ષમતા-ઈશ્વરીય પ્રયોજનમાં લગાવીએ.

**–લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**જેતપુર પાવી**–હરદ્વાર મહાપૂર્ણાહુતીના સમયે નક્કી કરેલ સાતસૂત્રીય કાર્યક્રમ પૈકી જેતપુરપાવી તાલુકામાં પ્રથમ કાર્યક્રમ તરીકે વ્યસન મુક્તિ શિબિર શ્રી એમ. સી. રાઠવા કોલેજમાં વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે તા. ૮-૧-૨૦૦૧ના સવારે ૯/૦૦ કલાકે રાખેલ હતી. આ શીબીરમાં ધારાસભ્યશ્રી મોહનસિંહ રાઠવા, માજી સંસદ સભ્યશ્રી નારણભાઈ રાઠવા અને ગામના સરપંચશ્રી ફારૂકભાઈ માલા તથા બીજા અન્ય નાગરીકોની હાજરીમાં શીબીરનો દીપ શ્રી મોહનસિંહ રાઠવા સાહેબે પ્રગટાવી શુભ શરૂઆત કરતાં પોતાના આત્માના અવાજથી વિદ્યાર્થી જીવન કે ભાવી પેઢીના નાગરીકને ઘણા ઉત્સાહ પૂર્વક ઉચ્ચ જીવન જીવવા વ્યસન મુક્ત બનવા તેમણે પ્રેરણાદાયક વક્તવ્ય રજુ કર્યું હતું. સાથે સાથે માજી સંસદ સભ્યશ્રી નારણભાઈ રાઠવા સાહેબે વિદ્યાર્થી જીવનને ઘડતર માટે આવી અનેક શીબીરોનું આયોજન કરવા ગાયત્રી પરિવારને વિનંતી કરી હતી. વ્યસન મુક્તિ ૩૬ પરિવારનું પ્રદર્શન જે ગાયત્રી પરિવાર વડોદરાના પરીજન શ્રી એ. સી. પટેલ તથા એચ. એમ. શાહ દ્વારા તૈયાર કરેલ તે તેઓ શ્રીએ વિદ્યાર્થીઓને વિગતવાર રૂબરૂ હાજર રહી સમજ અને માર્ગદર્શન આપેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રિન્સીપાલ શ્રી પઠાણ સાહેબ, પ્રોફેસરશ્રી ડોડીયા સાહેબ અને ગાયત્રી પરિવાર જેતપુરપાવીના પરિજનોએ અને ભાટપુર શકિતપીઠના પરિજનોએ જહેમત ઉઠાવી હતી.

**ઝાલોદ**–ગાયત્રી પરિવાર શાખાના વિસ્તારમાં આવેલ ગામો ઝાલોદ મુવાડા, નાનસલાઈ, વરોડ, લીમડી, રણિયાર, લીલવા, દૂધિયા મળી કુલ-૭ ગામોમાં આશરે ૫૦૦ ઘરોમાં દેવસ્થાપના કરાવી બ્રહ્મભોજમાં ગાયત્રી મહાવિજ્ઞાન, વેદોનો દિવ્ય સંદેશ, અમારા ગુરુ પ્રજ્ઞાવતારની પુસ્તિકા ઘેર ઘેર સંપૂર્ણપણે બ્રહ્મભોજ (નિઃશુલ્ક) તરીકે ભેટ આપવાનો સંકલ્પ કરેલ છે.

તે પૈકી મકરસંક્રાંતીના શુભ દિને દિપયજ્ઞના માધ્યમથી નાનસલાઈ ગામમાં ગામ લોકોને એકઠા કરી દેવગઢ બારીયાના વરીષ્ઠ કાર્યકર વક્તા શ્રી કે. ટી. સુથાર સાહેબ દ્વારા તે બાબતે પરમ પૂજ્ય ગુરુદેવ, વંદનીય માતાજીનો સંક્ષિપ્ત પરિચય આપી ગાયત્રી મંત્રનાં વિસ્તૃત ભાવાર્થની સમજં આપી. નવા સાત સૂત્રીય કાર્યક્રમની ગામ લોકોને સમજ આપી હતી.

**ડીસા**–ગત નવેમ્બર માસમાં શાંતિકુંજ હરદ્વાર ખાતે મહાપૂર્ણાહુતિનો કાર્યક્રમ સંપન્ન થઈ ગયો જેના વિગતે સમાચાર તેમજ કેબલ ઓપરેટર દ્વારા સંસ્કારોનું સુસિંચન અને ભારતીય સંસ્કૃતિની ગરીમાનું દર્શન કરાવતી વિડીયો કેસેટ જોઈ ડીસા ક્ષેત્રની જનતા ધન્ય બની હતી.

સતયુગના આગમનની વાત આટલેથી અટકતી નથી. પરમાત્મા શક્તિના દિવ્ય અનુદાન (આશીર્વાદ) તો જરૂર વરસે છે. પરંતુ મનુષ્યે તે દિશામાં યોગ્ય પુરુષાર્થ કરવો પણ તેટલો જ જરૂરી છે. નવસર્જનના સાત આંદોલનોને ક્રિયાન્વિત કરવા. કેન્દ્રિય પ્રતિનિધિ શ્રી ઓમકાર પાટિદારે જણાવ્યું હતું કે ગાયત્રી પરિવાર સિવાય અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ તથા કેટલાય જાગૃત ધર્મપ્રેમીઓ, વડીલો, સમાજ સેવી'તેમજ વિવિધ સમાજના યુવા સંગઠનો પોતાની રીતે નાના મોટા સેવા કાર્યો કરતા જ હોય છે. ગાયત્રી પરિવાર છેલ્લા પચાસ વર્ષથી આ કાર્ય વિશેષ જવાબદારી સાથે નિષ્ઠાપૂર્વક, કોઈપણ જાતની અપેક્ષા વગર નિરંતર કાર્ય કરી રહ્યું છે. અત્યારે સામાજિક વિસ્ફોટની પરિસ્થિતિ જોતા સૌ કોઈએ એક નિર્ધારીત લક્ષ્ય બનાવી સાત આંદોલનો પૈકી જેમાં જેની રૂચી હોય તેમાં જોડાવું જોઈએ અને ઋષિઋણ ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**આણંદ**–ગાયત્રી જ્ઞાન પ્રચાર કેન્દ્ર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પેટલાદમાં ગુરૂજીના હાથે લખાયેલ સત્યનારાયણ કથા પુસ્તક દ્વારા સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવેલ તેમાં ૧૨૪ જોડકા (બાજટ)નું આયોજન હતું પેટલાદમાં જે જગ્યાએ અત્યાર સુધીમાં ગુરૂજી તેમજ ગાયત્રી માતાને લોકો ઓછું જાણતા હતા તે એરીયાની અંદર પેટલાદના વતની શ્રી શંકરભાઈ જેઓ ગુરુજીના વિચારે સાથે સંકળાયેલા છે. તેમના દ્વારા તેમના એરીયામાં આયોજન કરવામાં આવેલ. નાનો મોટો રોજગાર ધંધો કરતા હોવ છતા પણ તે દિવસે ધંધામાં રજા રાખી પ્રેમથી ત્રણસોથી ચારસો પરિજનોએ ભાગ લીધો. નડીયાદના શ્રી અરવિંદભાઈ પટેલે સત્યનારાયણ કથાનું રસપાન કરાવેલ.

**કલોલ**–તા. ૨૦-૧-ના ભુજ રાષ્ટ્રીય અંધત્વ નિમંત્રણ કાર્યક્રમ ગાયત્રી શક્તિપીઠ કલોલ દ્વારા રાખવામાં આવેલ જેમાં લાયન્સ એન્ડ લાયનેસ કલબ ઓફ ગાંધીનગર. જિલ્લા અંધત્વ નિમંત્રણ સોસાયટી, ગુજરાત સરકાર આરોગ્ય ખાતુ, ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર અને સિવિલ હોસ્પીટલ ગાંધીનગરના નિષ્ણાત ડોક્ટરોએ સેવા આપી ડો. તેજલ બહેન દલાલ, ડો. એન. બી. ધોળકીયા, લાયન કનુભાઈ પટેલ, લાયનેસ ઈન્દુ બહેન દવે, લાયન્સ રમેશભાઈ પટેલ, ગાયત્રી શક્તિપીઠ કલોલ ઉપર કાર્યકરોના અથાગ પરિશ્રમ દ્વારા કલોલ તાલુકાના મોટા ભાગના ગામડાઓના ૪૫૦ દર્દીઓની આંખની સંપૂર્ણ તપાસ કોમ્પુટર મશીન દ્વારા કરી. જે દર્દીઓને મોતીયાના ઓપરેશનની જરૂર હતી તેમને આધુનિક મશીન દ્વારા મફત ઓપરેશન કરી આપવામાં આવ્યા અને જે દર્દીઓને બીજી તકલીફો હતી તેમને દવાઓ વિના મુલ્યે આપી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.